fmpb

# FMPB ફસલ

અંક-૧-૨ જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૨



## "કેમ કે જે ઈરાદા હું તમારા વિષે રાખું છું... એ ઈરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિને લગતાં નહિ, પણ શાંતિને લગતા છે."

**(યર્મિયા ૨૯:૧૧)**

*આ નવા વર્ષે, ઈશ્વર તમારા હૃદયના ઈરાદાઓને પરિપૂર્ણ કરો;*
*પ્રભુમાં તમારી જાતને આનંદિત કરો. ૨૦૨૨ના નવા વર્ષની શુભેચ્છાઓ !*

# મુખપૃષ્ઠ...

## વર્ષ ૨૦૨૨માં ઈશ્વરનો ઉચ્ચતર ઈરાદો

વર્ષ ૨૦૨૨ માટેના મુદ્રાલેખની ચાવીરૂપ કલમ યર્મિયા ૨૯:૧૧ છે, એ કલમ ભવિષ્યને લગતી આપણી ચિંતાઓમાં કેવળ ઘટાડો જ કરતી નથી, પરંતુ ઈશ્વરની સાથેના આપણા પોતાના સંબંધોને વિકાસાવવા તથા પુનઃસ્થાપિત કરવા સંબંધી ઊંડાણપૂર્વક વિચાર કરવાને લગતા છે. આ કલમનો સંદર્ભ બહુ અજોડ છે. યર્મિયા ૨૯:૧૧ આ કલમ ભવિષ્યવાણીને લગતા પત્ર મધ્યે લખવામાં આવી હતી, કે જ્યારે બાબિલોનમાંના ૭૦ વર્ષના બંદીવાસ દરમિયાન યર્મિયાને લોકોની પાસે મોકલવામાં આવ્યો હતો. ઈશ્વરે તેઓને ઘરો બાંધવા માટે, બંદીવાસ દરમિયાન બાળકો પેદા કરવાનું અને ઈશ્વરને વિશ્વાસુ રહેવા માટે તથા પોતે આપેલી ખાતરીઓ પ્રમાણે લોકોને ઈસ્રાએલ દેશમાં પાછા લઈ આવવા માટે જણાવ્યું હતું. એ તો જાણે કે ઈશ્વર પોતાના લોકો સાથેનો સંબંધ સ્થાપિત કરી રહ્યા હતા, અને એના બદલામાં હકારાત્મક સ્વરૂપે ઈશ્વરનો વિશ્વાસુ પ્રેમ પ્રદર્શિત થઈ રહ્યો હતો, એ પ્રેમ કેવળ વિશ્વાસ કરવા માટે જ બોલાવતો નથી, પરંતુ પ્રાર્થના, પ્રેમ અને આરાધના કરવા માટે પણ બોલાવે છે.

જો કે આ કલમ આપણને એક ખાતરી સ્વરૂપે સીધેસીધી કહેવામાં આવી નથી, અને એ કલમ તો એક કરાર મારફતે ભલાઈથી પોતાની જાતને બાંધનાર ઈશ્વરના હૃદયને પ્રગટ કરે છે અને તે આપણી સમક્ષ એ વાતને પણ પ્રગટ કરે છે કે ઈશ્વર નવા કરારમાં પોતાના લોકોની સાથે પોતે આપેલી ખાતરીઓનું કેવી રીતે પાલન કરે છે. જેઓ આ જગતના લોકો નથી, ઈશ્વરના એવા લોકો તરીકે આ જગતમાં જીવવા સંબંધી નિરાશામાં ડૂબી જઈ શકીએ છીએ. જગતમાં જીવન જીવવું, હમેશાં સરળ હોતું નથી. આપણે પાપની ઘણીબધી અસરોનો સામનો કરવો પડતો હોય છે, જેવી કે બિમારી અને મરણ તથા પરીક્ષણ. અને આપણે એવા એક સમાજમાં રહીએ છીએ કે જે સમાજ ખ્રિસ્ત સાથે તેમના પર વિશ્વાસ કરનારા લોકોનો વિરોધ કરતા હોય છે. આપણાં રોજબરોજનાં જીવનોમાં  આપણે ઘણાંબધાં દબાણોનો સામનો કરવો પડે છે. પ્રસારણ માધ્યમો, સમાજ અને વિવિધ માધ્યમો મારફતે આપણા પર તથા આપણાં બાળકો પર ભ્રષ્ટાચાર આચરવાનાં દબાણો થતાં હોય છે. આ જીવનમાં આપણે અજાણ્યા અને વિદેશીઓ સ્વરૂપે જીવવાનું છે, આપણે એની સાથેસાથે સતાવણીનો પણ  સામનો કરવાનો હોય છે.

પરંતુ સત્ય વાત તો એ છે કે આપણા ઈશ્વર આપણા સંબંધીના ઈરાદાઓ ધરાવે છે. - પુન :સ્થાપિત કરવાના ઈરાદાઓ, આપણને સાજાપણું આપવાના ઈરાદાઓ અને ઈશ્વરની સાથે આપણા સંબંધોને વધારે દૃઢ બનાવવાના ઈરાદાઓ, આપણને પાપ અને ભૂંડાઈની ભૂમિમાંથી તેમની અઢળક એવી ભલાઈ, તેમના આશીર્વાદો અને તેમના જીવન તરફ દોરી લાવનાર ઈરાદાઓ. આપણા સંબંધીના તેમના ઈરાદાઓ શાંતિદાયક છે, જે આપણને "એક ભાવિ અને એક આશા" તરફ દોરી જાય છે. ઈશ્વરનો ઈરાદો એક સુખદ અંત ધરાવતો હોય છે. હા, આપણા સંબંધીના ઈશ્વરના ઈરાદાઓ પ્રેમાળ, અવિરત, વ્યક્તિગત, મદદરૂપ, આશાથી ભરપૂર અને અનંતકાલિક હોય છે. ઈશ્વર હમેશાં પોતાના લોકોના હિત ખાતર અને આપણા દેશના હિત ખાતર કાર્ય કરતા હોય છે. આપણે ભવિષ્યમાં તેમના રાજ્યમાં જઈએ, એ માટે આપણે કાર્ય કરીએ એવું ઈશ્વર ઈચ્છતા હોય છે. આપણે જે દેશમાં વસીએ છીએ, એ દેશ માટે પણ પ્રાર્થના કરવા ઈશ્વર આપણને જણાવે છે, "જેથી આપણે પૂરા ભક્તિભાવથી તથા ગંભીરપણે, શાંત તથા સ્વસ્થ રીતે જીવન ગુજારીએ"(૧ તિમોથી ૨:૨). આપણે જ્યારે આ પૃથ્વી પર જીવંત છીએ, ત્યારે પ્રભુ આપણને તેડું આપે છે કે આપણે આપણાં  કૃપાદાનોનો ઉપયોગ કરીએ, અને તેમની મંડળી બાંધીએ, જેથી કરીને તેમનું રાજ્ય વૃદ્ધિ પામતું જાય.

બાઈબલના વિશેષ સંદર્ભમાં વાત કરીએ તો, ઈશ્વર આજે પણ એક ખાતરી મારફતે આપણી સાથે વાત કરે છે કે જે ખાતરી તેમણે યહૂદી લોકોને આપી હતી કે જેઓ ગુલામી અવસ્થામાં હતા. નવા ઈસ્રાએલીઓ બનીને, આવો, આપણે આપણા માટેના ઈશ્વરના ઈરાદાઓને સમજીએ, આપણા માટે જે ખાતરીઓ તેમણે આપી છે એની પાછળની ભલાઈને સમજીએ, જેથી કરીને આપણે વર્ષ ૨૦૨૨ ના નવા વર્ષમાં આપણાં જીવનોમાં આ ખાતરીને આત્મવિશ્વાસ સાથે લાગુ પાડી શકીએ.

**- જે. જે. હેરીસ** *(કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ)*

"સૈન્યોના દેવ યહોવાએ સમ ખાઈને કહ્યું છે કે, જે પ્રમાણે મેં ધારણા કરી છે તે પ્રમાણે નક્કી થશે; અને મેં જે મનસૂબો કર્યો છે તે કાયમ રહેશે" (યશાયા ૧૪:૨૪).

"જે વાનાં આંખે જોયાં નથી, અને કાને સાંભળ્યાં નથી, જેઓ માણસના મનમાં પેઠાં નથી, જે વાનાં દેવે પોતાના પર પ્રેમ કરનારાઓને સારુ સિદ્ધ કર્યાં છે;તે તો દેવે આત્માથી આપણને પ્રગટ કર્યાં છે" (૧ કરિંથી ૨:૯-૧૦).

જો આપણે ઈશ્વરનાં મનમાં અને યોજનામાં સામેલ થઈશું, તો આપણો વિશ્વાસ વૃદ્ધિ પામશે, અને એ વિશ્વાસનું સામર્થ્ય આપણી જાતોમાં અને જેઓને માટે આપણે વિશ્વાસ કરતા હોઈએ છીએ, તેઓમાં પ્રગટ થશે. – એન્ડ્રયુ મૂરે

ખ્રિસ્તી હોવું એટલે સમસ્ત જીવનને લગતા પુનઃસ્થાપિત થવા માટેના ઈશ્વરના ઈરાદાઓને સમજવામાં વચનબદ્ધ થવું.
– જેમ્સ ડેવીસન હંટર

'ફસલ' ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડનું અધિકૃત સમાચારપત્ર છે.

એફએમપીબી ભારતના વણખેડાયેલા વિસ્તારોમાં વસતા લોકો સુધી પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા પહોંચાડનાર એક સ્થાનિક મિશનરી ચળવળ છે.

એફએમપીબી દેશભરમાં મંડળી સ્થાપનકાર્યમાં મંડળીના એક હાથ તરીકે કાર્ય કરે છે.

એફએમપીબી જુદાં જુદાં લોકજૂથો મધ્યે પહોંચી જઈને સુવાર્તાપ્રચારનું કાર્ય કરે છે.

એફએમપીબી પ્રાર્થના કરવા તથા પોતાના સેવાકાર્યને ટેકો આપવા માટે મંડળીઓ, સંસ્થાઓ, કુટુંબો અને વ્યક્તિઓને આમંત્રણ આપે છે.

એફએમપીબી- સીજી-૧, મારુતિ ફ્લોરા એપાર્ટમેન્ટ,
ક્રાઈસ્ટ ફોક સોસાયટીની પાસે, સીટીએમ,
અમદાવાદ-૩૮૦૦૨૬. ફોન નં. ૦૭૯-૨૨૭૭૧૨૨૮

*Publisher & Editor*
**S. Sutharsan Thomas Jeyaraj**

# ફસલ

એફએમપીબીનું સત્તાવાર માસિક

| SUBSCRIPTION | INDIA | FOREIGN |
|---|---|---|
| Annual | Rs.100 | Rs.600 |
| Life | Rs.1500 | Rs.5,000 |

H.Q: 29, High School Road, Ambattur,
Chennai - 600 053
Tel: +91-44-2657 0404 Fax: 2657 3353
Cell: 9444394342
E-mail: info@fmpb.org
Web site: www.fmpb.co.in

**Layout and Preparation:**
Communication Dept., fmpb



# જનરલ સેક્રેટરીની કલમે...

*"કેમ કે જે ઈરાદા હું તમારા વિષે રાખું છું તેઓને હું જાણું છું, એવું યહોવા કહે છે. એ ઈરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તીને લગતા નહિ, પણ શાંતિને લગતા છે."*
યર્મિયા ૨૯:૧૧

મહાન આદેશના પરિપૂર્ણતાના સેવાકાર્યમાં સહભાગી બનનાર વહાલાંઓ,

એફએમપીબી પરિવાર આપ સર્વને એક આશીર્વાદિત તથા ખ્રિસ્ત કેન્દ્રિત નૂતન વર્ષ ૨૦૨૨ ની શુભેચ્છા પાઠવે છે. ઈશ્વરે તેમની અનંત કૃપા અને દયામાં તેમની સેવા કરવા તથા તેમના પવિત્ર નામને મહિમા આપવા માટે આપણાં જીવનોમાં એક વધારાનું વર્ષ ઉમેરી દીધું છે. વર્ષ ૨૦૨૨ માટેના મુદ્રાલેખની કલમ સ્વરૂપે યર્મિયા ૨૯:૧૧ ને પસંદ કરવામાં આવી છે, અને આ વર્ષ માટે ચાવીરૂપ શબ્દો સ્વરૂપે "ઉચ્ચતર ઈરાદાઓને નિશ્ચિત કરવા" પસંદ કરવામાં આવ્યા છે. પ્રત્યેક દિવસ ઈશ્વરની ઈચ્છા પૂરી કરવા માટે ઈશ્વર તરફથી આપવામાં આવેલ એક ભેટ છે, અને પૂરા હૃદયથી પ્રભુની સેવા કરવા માટે એક તક છે. યર્મિયા ૨૯:૧૧ ના સંદર્ભમાં એ વાત બહુ સ્પષ્ટ છે કે આપણને આશા અને ભાવિ આપવા માટે પ્રભુની પાસે એક યોજના હોય છે. પોતાનાં બાળકો માટેના ઈશ્વરના ઈરાદાઓ બહુ ઉત્કૃષ્ટ હોય છે. અને આપણી પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવતી હોય છે કે આપણે ઈશ્વરના ઉચ્ચતર કક્ષાના ઈરાદાઓને આગળ ધપાવતા રહીએ. ઘણીબધી વખત આપણે આપણાં પોતાનાં આયોજનોને જ આગળ ધપાવતા હોઈએ છીએ કે જે આપણને આશા અને ભવિષ્ય આપી શકતા નથી. ઈશ્વરની ઈચ્છા પરિપૂર્ણ કરવા માટેના ઈશ્વરના ઉચ્ચતર ઈરાદાઓને આગળ ધપાવવામાં પ્રભુ આપણ સર્વને સહાય કરો. કેટલીકવાર આપણે કદાચ ઈશ્વરના ઈરાદાને સમજી ન પણ શકીએ, પરંતુ એ વાતની ખાતરી રાખો કે આપણા માટેના જે ઈરાદાઓ ઈશ્વરની પાસે છે, એ ઈરાદાઓને ઈશ્વર સારી રીતે સમજે છે, અને આપણે તો વિશ્વાસપૂર્વક ચાલવાનું જ છે.

## માલ્ટો બાઈબલનું પુનઃ મુદ્રણઃ

એક નાની માલ્ટો મંડળી ઈશ્વરનાં લેખિત સ્વરૂપનાં વચનોને સતત ઉપયોગ કરી રહી છે. એ ભાષામાં છાપવામાં આવેલાં બાઈબલોનો જથ્થો પૂરો થઈ ગયો હતો. અત્યારે અમે માલ્ટો ભાષામાં બાઈબલને ફરીથી છપાવવા માટે બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયાની સાથે રહીને કાર્ય કરી રહ્યા છીએ, પ્રકાશિત થનારી એ આવૃત્તિમાં વિશેષ મહત્ત્વપૂર્ણ એવી માહિતીઓ પણ ઉમેરવામાં આવશે. જીવનભર સખત પરિશ્રમ કરીને બાઈબલનું ભાષાંતર કરનાર આપણા સેવકોના પ્રયાસોને પરિણામે આઠ ભાષાઓમાં પ્રકાશિત થનાર નવા કરારોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરીને વિશ્વાસીઓ ઈશ્વરનાં વચનોમાં દૃઢ બનતા રહે, એ માટે પ્રાર્થના કરવા વિનંતી છે.

## પાવરી ભાષાંતર

મધ્ય પ્રદેશમાં પાવરી ભાષામાં બાઈબલ ભાષાંતરનું કાર્ય રેવ. ઈમેન્યુઅલ ઈરાઈપિચાઈના અકાળ અવસાન પછીથી શ્રીમતિ જેન ઈરાઈપિચાઈએ ચાલુ રાખ્યું છે. પ્રિન્ટીંગ અર્થે મોકલતાં અગાઉ નવા કરારનું અંતિમ ચકાસણી કાર્ય ચાલી રહ્યું છે. ઈશ્વરનાં લેખિત સ્વરૂપનાં વચનો વાંચીને પાવરા વિશ્વાસીઓ ઈશ્વરમાં વધારે દૃઢ બને, એવું બ્રધર ઈમેન્યુઅલ ઈરાઈપિચાઈનું દર્શન પરિપૂર્ણ થાઓ.

## ઝાંસી સેવાક્ષેત્રના ઝોનલ અને રીજનલ સેક્રેટરીઓની મિટીંગ :

૨૮ મી અને ૨૯ મી નવેમ્બરના બે દિવસો દરમિયાન એનઆઈએમ કેમ્પસ, ઝાંસી ખાતે ફિલ્ડ ઝોનલ સેક્રેટરીઓની મિટીંગ યોજવામાં આવી હતી. એ જ સ્તળે ૩૦ મી નવેમ્બરથી ૨ જી ડિસેમ્બર સુધી ફિલ્ડ રીજનલ સેક્રેટરીઓની મિટીંગ પણ યોજવામાં આવી હતી. ફિલ્ડ સેક્રેટરીઓએ વિશ્વાસીઓને દૃઢ બનાવવા સંબંધીના, પોતાના લોકજૂથો મધ્યે સેવાકાર્યને આગળ ધપાવવા

સંબંધીના અને આપણા દેશના વિવિધ વિસ્તારોમાં શરૂ થયેલ આકરા વિરોધના સમયોમાં સેવાકાર્યમાં ઝડપ વધારવા સંબંધીના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

## ઈન્ટરસર્વ સંસ્થા સાથેની વાતચીત

ઈન્ટરસર્વ સંસ્થાના આગેવાનોએ એફએમપીબીના હેડક્વાર્ટર્સની મુલાકાત લઈને તેઓના ગૃહ- શિક્ષા નામના હોમ સ્કૂલીંગના કાર્યક્રમ મારફતે આપણા મિશનરીઓનાં બાળકોના પ્રાથમિક શાળાના શિક્ષણ સંબંધી ચર્ચા કરી હતી. આ મિટીંગ તો પ્રાથમિક સ્તરની જ હતી, અને આપણા મિશનરીઓનાં બાળકો માટે આ કાર્યક્રમ સંબંધી નિર્ણય લેતાં અગાઉ આપણે ઘણી બધી રીતે વિચાર કરવાની જરૂર છે.

## એક્ઝીક્યુટીવ કમિટી મિટીંગ :

નવી રચાયેલી એક્ઝીક્યુટીવ કમિટીની પ્રથમ મિટીંગ ૪ થી અને ૫ મી ડિસેમ્બર ૨૦૨૧ દરમિયાન તિરૂનેલવેલી સ્નેહાલય ખાતે યોજવામાં આવી હતી. એક્ઝીક્યુટીવ કમિટીના મોટા ભાગના સભ્યોએ એમાં ભાગ લઈને આપણા દર્શનને આગળ ધપાવવાને લગતા મૂલ્યવાન ફાળો આપ્યો હતો. પસંદ કરવામાં આવેલા નવા સભ્યો માટે એક તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, અને અડધા દિવસની પ્રાર્થનાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## રેવ. ડૉ. જેટીકે ડેનિયલની ચિર વિદાય

એફએમપીબીની શરૂઆતથી જ આગેવાની પૂરી પાડનાર રેવ. ડૉ. જેટીકે ડેનિયલ ૪ થી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ સ્વર્ગીય તેડાને આધીન થઈને પ્રભુની સાથે સદાકાળ રહેવાને માટે ચાલ્યા ગયા છે. ૧૯૬૬ માં તેઓ એફએમપીબીના જનરલ સેક્રેટરી હતા, અને એફેમપીબીમાં તેમણે મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી હતી. તેમણે લાંબા સમય સુધી હાયર સ્ટડીઝ કમિટીનું ચેરમેનપદ શોભાવ્યું હતું. એફએમપીબીના અન્ય સિનિયર આગેવાનોની જેમ રેવ.ડૉ.જેટીકે ડેનિયલ પણ પોતાની પાછળ એક અમૂલ્ય અને દઢ વારસો આપણા માટે મૂકતા ગયા છે કે જેને આપણે આગળ ધપાવવાનો છે.

## ઝારખંડના મિશનરીઓની મુલાકાત :

ડિસેમ્બર ૮ થી ૧૦ દરમિયાન હું ઝારખંડની મુલાકાતે ગયો હતો, ત્યાં જઈને હું મિશનરીઓ અને મંડળીના આગેવાનોને મળ્યો હતો. આપણા મિશનરીઓ કપરી પરિસ્થિતિઓ મધ્યે પણ પોતાનાં સેવાક્ષેત્રોમાં વસનાર લોક સુધી સુવાર્તા પહોંચાડવાના દર્શન સાથે કાર્ય કરી રહ્યા છે.

## આસામ અને અરૂણાચલ પ્રદેશમાં મિશનરીઓની મિટીંગ :

ઝારખંડની મુલાકાત લીધા પછીથી હું આસામની પણ મુલાકાતે ગયો હતો. મેં મિસીંગ લોકજૂથનાં બે પ્રભુમંદિરોમાં ચાલતી આરાધના સંગતમાં ભાગ લીધો હતો. આસામમાં સેવાકાર્ય કરનાર બધા જ મિશનરીઓ એક પૂરા દિવસની મિટીંગ અર્થે અરૂણાચલ પ્રદેશમાં એકઠા મળ્યા હતા. શિયાળાની સીઝન મધ્યે ઉષ્ણતામાન બહુ નીચું હોવા છતાં પણ મિશનરીઓ પોતાનાં કુટુંબીજનોની સાથે દૂરદૂરથી આવ્યા હતા. મિશનરીઓ ૨૦ લાખ જેટલા મિસીંગ લોકો સુધી સુવાર્તા પહોંચાડવા માટે સમર્પિત થયેલા છે.

## ઈન્ટરવ્યુ

નવા મિશનરીઓને પસંદ કરવા માટેના ઈન્ટરવ્યુનો કાર્યક્રમ ચેન્નાઈ ખાતે ૮ મી અને ૯ મી જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ યોજવામાં આવ્યો છે. તમારી પ્રાર્થનાઓની જરૂર છે કે ફસલના ધણી પોતાની દ્રાક્ષાવાડીમાં કાર્ય કરવા માટેના મજૂરો મોકલી આપે. ઈશ્વરની સેવા કરવા માટે તેડાયેલા જુવાન લોકોને મોકલી આપવા વિનંતી છે.

## ડીવીઝનલ હેડ્સ મિટીંગ

સેવાકાર્ય તથા મહત્ત્વની બાબતો સંબંધી ચર્ચા કરવા માટે ૧૮ મી અને ૧૯ મી જાન્યુઆરીના દિવસોએ બેંગ્લૂરુ ખાતે બધા જ ડીવીઝનલ સેક્રેટરીઓની એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. અમે આપ સર્વને માટે પ્રાર્થના કરી રહ્યા છીએ કે નવું વર્ષ આપણને ઈશ્વરની નિકટતામાં રહીને તેમના પ્રેમનો અનુભવ કરવામાં તથા આપણા પૂરા સામર્થ્યથી પ્રભુની સેવા કરવામાં સહાય પૂરી પાડે.

ઈશ્વરના સેવાકાર્યમાં તમારો સાથી સેવક.



**રેવ. એસ. જોન બર્લિન**



# ઉચ્ચતર ઈરાદાઓને નિશ્ચિત કરવા....

આપણે ૨૦૨૨ ના એક નવા વર્ષમાં પ્રવેશી ચૂક્યા છીએ. હમણાં જ આપણે જેમાંથી પસાર થયા છીએ, એ તોફાની અને ઝંઝાવાતી વર્ષમાં ઈશ્વર આપણા પક્ષે રહ્યા છે. કોરોના રોગચાળાએ આખી દુનિયાને હચમચાવી દીધી છે, અને લોકો પર પીડા અને યાતનાના ઢગલાઓ ઊભા કરી દીધા છે. આ સંદર્ભમાં ઈશ્વરે એફએમપીબીને વર્ષ ૨૦૨૨ ના મુદ્રાલેખની કલમ સ્વરૂપે યર્મિયા ૨૯:૧૧ આપી છે, "કેમ કે જે ઈરાદા હું તમારા વિષે રાખું છું તેઓને હું જાણું છું, એવું યહોવા કહે છે. એ ઈરાદાઓ ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિને લગતા નહિ, પણ શાંતિને લગતા છે." મુદ્રાલેખ પણ એવું જણાવે છે.

## યર્મિયા ૨૯:૧૧ ના સંદર્ભો :

આપણે જ્યારે યર્મિયા ૨૯:૧૧ ના ઐતિહાસિક અને સાહિત્યિક સંદર્ભને સમજીએ છીએ, ત્યારે મોટાભાગના ખ્રિસ્તીઓને એવું લાગશે કે તેઓનાં જીવનોનો વિશેષ ગહન, વિશેષ સંબંધિત અને વિશેષ અસરકારક અર્થ સમજવો અઘરો છે. આ શાસ્ત્રભાગની કલમના સંદર્ભને સમજવાથી આપણે આપણા પોતાના નક્કી કરેલા અર્થઘટનથી પવિત્રશાસ્ત્રનું વાચન કરવાના માનવીય સ્વભાવને ટાળી શકીશું અને ઈશ્વર તથા તેમના પ્રબોધકના ઈરાદા પ્રમાણે પવિત્રશાસ્ત્રનું મૂળભુત અર્થઘટન કરવાની બાબતમાં આપણને દૂર ફેંકાઈ ન જવામાં મદદરૂપ થશે.

## ઐતિહાસિક સંદર્ભ :

ઐતિહાસિક સંદર્ભમાં, યર્મિયાએ આ વચનો મિસરવાસીઓ અને એ પછીથી બાબિલોનના સમ્રાટોના શાસન હેઠળ જીવનારા યહૂદીઓની સમક્ષ તેઓને જ્યારે યરૂશાલેમમાંથી બાબિલોનના બંદીવાસમાં લઈ જવામાં આવતા હતા, ત્યારે ઉચ્ચાર્યા હતા. આપણે કલ્પના કરી શકીએ છીએ કે શત્રુઓના શાસન હેઠળ જીવવાનો અર્થ શો થાય છે, અને એ પછીથી એ શત્રુઓ દ્વારા પોતાના વતનનો ત્યાગ કરવાની ફરજ પાડ્યા પછીથી એક વિદેશી દેશમાં સ્થાયી થવાનો અર્થ પણ શો થાય છે.

## સાહિત્યિક સંદર્ભ :

સાહિત્યિક સંદર્ભમાં જોઈએ તો, હનાન્યા નામના જૂઠા પ્રબોધક લોકોને એવું કહ્યુંહતું કે ઈશ્વર બે વર્ષના સમયગાળામાં બાબિલોનની ઝૂંસરી ભાંગી નાખીને લોકોને પોતાનાં ઘરે પાછા ફરવા માટે મુક્ત કરી દેશે. લોકોએ જ્યારે તેની આ પ્રબોધવાણી સાંભળી ત્યારે તેઓને એ જૂઠાણું લાગ્યું, અને તેને પરિણામે ઈશ્વરે હનાન્યાને પૃથ્વીના પૃષ્ઠ પરથી દૂર કર્યો (યર્મિયા ૨૮:૧૫-૧૭). ઉલટાનું, યર્મિયા લોકોને એવું જણાવે છે કે તેઓ બાબિલોનમાં કમસેકમ ૭૦ વર્ષો સુધી રહેશે. એટલા માટે, તેઓએ ત્યાં સ્થાયી થઈને ઘરો બાંધવા જોઈએ, લગ્ન કરવાં જોઈએ અને જે શહેરમાં તેઓ સ્થાયી થયા હતા, એ શહેરની શાંતિ અને સમૃદ્ધિ માટે તેઓએ પ્રાર્થના પણ કરવી જોઈએ (યર્મિયા ૨૯:૪-૧૦).

આપણને જ્યારે સંદર્ભ સમજાય છે, ત્યારે આપણને બે બાબતની ખબર પડે છે કે યર્મિયા ૨૯:૧૧માં લખાયેલા શબ્દો તો એ સમયે પોકારવામાં આવ્યા હતા કે લોકો જ્યારે મુશ્કેલીઓ અને યાતનાઓમાં જીવી રહ્યા હતા; હનાન્યા જે રીતે જૂઠું બોલ્યો હતો તેમ લોકો તાત્કાલિક છૂટકારો મેળવવાની ઈચ્છા રાખતા હતા. પરંતુ ઈશ્વરનો પ્રત્યુત્તર તો કપરી પરિસ્થિતિમાંથી તાત્કાલિક છૂટકારો પૂરો પાડવાના સ્વરૂપે હોતો નથી. ઉલટાનું, ઈશ્વર એવી ખાતરી આપતા હોય છે કે લોકોની વર્તમાન પરિસ્થિતિમાંથી તેઓને સમૃદ્ધ બનાવવાની એક યોજના ઈશ્વરની પાસે હોય છે.

## યર્મિયા ૨૯:૧૧ નું લાગુકરણ

આજના સમયમાં મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી રહેલા ખ્રિસ્તીઓ યર્મિયા ૨૯:૧૧ માં લખવામાં આવેલી વાતથી દિલાસો મેળવી શકે છે. એ ખાતરી આપણને મુશ્કેલ કે યાતનાભરી પરિસ્થિતિમાંથી તાત્કાલિક ઉગારી લેવા સંબંધી આપવામાં આવી નથી, પરંતુ એ એક એવી ખાતરી છે કે આપણાં જીવનો સંબંધી ઈશ્વરની પાસે એક યોજના છે અને આપણી વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખ્યા વગર ઈશ્વર આપણને સમૃદ્ધ બનાવવા તથા આપણને એક આશા અને ભાવિ આપવા માટે એ યોજના મારફતે કાર્ય કરી શકે છે.

આ વચન કેવળ વ્યક્તિગત સંદર્ભને જ લાગુ પડતું નથી, પરંતુ સંસ્થાના સંદર્ભમાં પણ લાગુ પડે છે. આપણામાંના દરેક જણ માટે તેમ જ સંસ્થા માટે ઈશ્વરની પાસે એક યોજના હોય છે. સમૃદ્ધ બનાવવાની તથા એક આશા અને ભવિષ્ય આપવાની ઈશ્વરની આ યોજના તો એફએમપીબીના દર્શનને સમજવાની છે - એમએમપીબીનું દર્શન તો ભારતના લોકો સુધી ઈસુ ખ્રિસ્તની સુવાર્તા પહોંચાડવાનું જ છે.

ઈશ્વરની યોજના જ્યારે આપણી અપેક્ષા અને આપણા ધારેલા સમય પ્રમાણેની હોતી નથી, ત્યારે આપણે આપણા સ્વભાવ પ્રમાણે ઈશ્વરની યોજનાને એક બાજુએ મૂકી દેતા હોઈએ છીએ, અને કેટલીકવાર તો આપણે આપણી પોતાની યોજનાઓ અમલમાં મૂકી દેતા હોઈએ છીએ. આપણા માટેના ઈશ્વરના સમયો અને યોજના ગમે તે હોય, પરંતુ ઈશ્વરની યોજના તો અન્ય દરેક યોજના કરતાં બહેતર જ હોય છે.

## ઈશ્વરની યોજના સફળ થાય છે :

ઈશ્વરની યોજનાને ફળવંત બનાવવા માટે આપણી અંદર ઈશ્વર તરફથી આપવામાં આવેલા દર્શન પ્રત્યે દૃઢ મનોબળ, બલિદાન, ધીરજ, અને ખંત હોવાં જ જોઈએ. કેટલીકવાર ઈશ્વરની યોજના આપણાં માનવીય મનોને અવ્યવહારિક અને અતાર્કિક લાગતી હોય છે. ભલે ઈશ્વરની યોજના તાર્કિક લાગતી ન હોય, તોપણ આપણે ઈશ્વરની યોજનાને અમલમાં મૂકવા જેટલો વિશ્વાસ ધરાવતા હોવું જરૂરી છે. ઈશ્વરે જ્યારે ઈસ્રાએલપુત્રોને યરીખોના કોટની ફરતે ચાલવાનું જણાવ્યું, ત્યારે એ વાત તેઓને અતાર્કિક લાગી હતી, તેનું કારણ એ હતું કે દિવાલની આસપાસ ચાલવાથી કોઈપણ દિવાલ તૂટી પડતી નથી. પરંતુ છેવટે તો ઈશ્વરની યોજના સફળ થઈ હતી.

## માનવીય યોજના અને ઈશ્વરની યોજનાની સરખામણી :

ઉત્પત્તિના પુસ્તકનો ૧૧ મો અધ્યાય શિનઆર દેશમાં બાબિલોનનો બૂરજ બાંધવાની માનવીય યોજનાનું વર્ણન કરે છે અને ૧૨ મો અધ્યાય ઈબ્રાહિમથી એક પ્રજા પેદા કરવાની ઈશ્વરની યોજનાને રજૂ કરે છે. એ બંને યોજનાઓનું વિશ્લેષણ કરતાં આપણે જોઈ શકીએ છીએ કે બૂરજ બાંધવાની માનવીય યોજના વધારે ઉત્કૃષ્ટ લાગે છે, કારણ કે તેની અંદર સફળ થવાની બધી બાબતો સમાયેલી હતી.પરંતુ ઈશ્વરની યોજના તો નિઃસંતાન એવા ૭૫ વર્ષની વયના એક વૃદ્ધ માણસ પર તથા તેની આધીનતા પર આધારિત હતી. માનવીય યોજના અને ઈશ્વરની યોજના, એ બંને યોજનાઓનું વિશ્લેષણ ચાર જુદા જુદા વિભાગોમાં વિગતવાર થઈ શકે તેમ છે :

### (૧) યોજનાઓ પાછળનો ઈરાદો :

ઉત્પત્તિ ૧૧:૪ બૂરજ બાંધવાની યોજનાનો ઈરાદો પ્રગટ કરે છે, લોકો પોતાનું નામ કમાવા માગતા હતા, નહિ તો તેઓ આખી પૃથ્વી પર વિખેરાઈ જવાના હતા. તેઓ પોતાના ઈરાદામાં બહુ સ્પષ્ટ હતા, અને ઈરાદો પૂરો કરવા માટે તેઓ કંઈ પણ કરવા માટે તૈયાર હતા. ઈશ્વરની યોજનામાં તો ઈબ્રાહિમને એક મહાન પ્રજા બનાવવાની ઈચ્છા પ્રગટ થતી હતી. ઈસ્રાએલનો ઈતિહાસ અહીંથી જ શરૂ થયો હતો. માનવીય યોજનાના ઈરાદામાં કોઈપણ પ્રકારની ઊણપ દેખાતી ન હતી, અને બધા લોકો એ ઈરાદા સંબંધી સ્પષ્ટ હતા અને તેઓ એ પૂરો કરવા માટે કટિબદ્ધ હતા.

### (૨) યોજનાઓને પૂરી કરવા માટેનાં માધ્યમો:

ઉત્પત્તિના ૧૧ મા અધ્યાયમાં બૂરજ બાંધવાની યોજના કરનાર લોકો એ સમયની સર્વોચ્ચ કક્ષાની ટેકનોલોજી ધરાવતા હતા, યોજના પૂરી કરવા માટેના સ્રોતો અને માધ્યમો તેઓની પાસે હતાં. ઉત્પત્તિ ૧૧:૩ જણાવે છે કે, "અને તેઓએ એકબીજાને કહ્યું કે, ચાલો, આપણે ઈંટો પાડીએ, અને તે સારી રીતે પકવીએ. અને પથ્થરને ઠેકાણે તેઓની પાસે ઈંટો હતી, અને છોને ઠેકાણે ડામર હતો." લોકો ઈંટો પકવવાનું કામ જાણતા હતા, અને છોને ઠેકાણે તેઓની પાસે ડામર હતો. જ્યારે ઉત્પત્તિના ૧૨ માં અધ્યાયમાં લખવામાં આવ્યું છે કે ઈશ્વરની પાસે તો એક મોટી પ્રજા ઊભી કરવાનો ઈરાદો પૂરો કરવા માટે એક બહુ સાધોસાદો માણસ હતો.

## (૩) સમર્પણનું સ્તર :

ઉત્પત્તિ ૧૧:૬ માં ઈશ્વર પોતે જ લોકોના સમર્પણના સ્તરને પ્રમાણિત કરે છે, "…. તો હવે જે કંઈ કરવા ધારે તેમાં તેઓને અટકાવ નહિ થશે." શિનઆર દેશના લોકો એટલા બધા પ્રોત્સાહિત અને ઉમંગી હતા કે ઈશ્વરે એવું કહેવું પડ્યું કે તેઓ જે કંઈ કરવાનો ઈરાદો રાખશે, તેને અટકાવી દેવામાં આવશે. પોતાનો ઈરાદો પૂરો કરવા માટે ઈશ્વરે જે માણસને પસંદ કર્યો હતો, એ માણસ પૂરેપૂરો સમર્પિત ન હતો, અને તે અડધે રસ્તે ફસડાઈ ગયો અથવા બે વખત આંશિક ધોરણે આધીન થયો. પ્રથમ તો, ઈશ્વરે જ્યારે તેને કનાન દેશમાં જવાનું કહ્યું ત્યારે ઈબ્રાહિમ અને તેના પિતા પાંચ વર્ષના લાંબા સમયગાળા સુધી હારાનમાં સ્થાયી રહ્યા કે જ્યાં સુધી તેરાહ મરણ પામ્યો (ઉત્પત્તિ ૧૧:૩૧). ઉત્પત્તિ ૧૨:૧ માં, ઈશ્વરે ફરીથી ઈબ્રાહિમને પોતાના પિતાના ઘરનો ત્યાગ કરીને કનાન જવા માટે તેડું આપ્યું, અને ઈબ્રાહિમ લોતને પોતાની સાથે લઈ ગયો.

## (૪) યોજનાઓ માટેનો અંત :

જો કે શિનઆર દેશના લોકો હેતુ, માધ્યમ અને સમર્પણ જેવાં પ્રથમ ત્રણ ક્ષેત્રોને મહત્ત્વનાં ગણતા હતા, તોપણ યોજના માટે ઉત્પત્તિના ૧૧ મા અધ્યાયમાં વર્ણવેલો સ્રોત નિષ્ફળ જવાનો હતો અને ઉત્પત્તિના ૧૨ મા અધ્યાયમાં વર્ણવેલ સ્રોત સફળ થવાનો હતો. બાબિલોનનો બૂરજ બાંધવાની યોજના તો માનવીય યોજના હતી, અને ઈશ્વરની યોજના તો ઈબ્રાહિમને કનાન દેશમાં લઈ આવીને એક નવી પ્રજાની શરૂઆત કરવાની હતી. ઈશ્વરના એક સ્રોત સ્વરૂપના આ ઘટકને કારણે એ યોજના ફળવંત બની હતી. આપણી યોજનાઓ પાછળ સારા એવા પ્રમાણમાં વિચારવામાં આવ્યું હોઈ શકે, તોપણ તે નિષ્ફળ જઈ શકે છે. પરંતુ આપણે જ્યારે ઈશ્વરની યોજનાનો સ્વીકાર કરીને એ પ્રમાણે કાર્ય કરતા હોઈએ છીએ, ત્યારે ઈશ્વર તેમની યોજનાને દીર્ઘાયુ અને આશીર્વાદિત યોજના બનાવી દેશે.

## જ્યારે ઈશ્વરની યોજનાઓ આપણી યોજનાઓ હોતી નથી :

નીતિવચનો ૧૯:૨૧ જણાવે છે કે, "માણસના મનમાં ઘણી યોજનાઓ હોય છે; પણ યહોવાનો મનસૂબો જ કાયમ રહેશે." બાઈબલ આપણને સીધેસીધું જણાવે છે કે આપણી યોજનાઓ ભલે ગમે તેટલી મોટી હશે, પરંતુ યહોવાની યોજના જ ફળવંત બની રહેશે. આ કલમ આપણને બોધ આપે છે કે આપણે ઈશ્વરની યોજનાને આધીન થઈએ અને એ યોજનાને પરિપૂર્ણ કરવા માટે દરેક બાબત કરીએ.

## યહોવાને તમારી યોજનાઓ સમર્પિત કરી દેવાનો અર્થ શો થાય છે ?

હિબ્રૂ ભાષામાં "આધીન થવા" નો સીધેસીધો અર્થ "અનુસરવું" કે "ગબડાવવું" થાય છે. ઉત્પત્તિ ૨૯:૩ અને ગી. શા. ૨૨:૮-૯ કોઈ બાબતને ગબડાવવાના વિચારને પ્રભુ પર છોડી દે છે. આ વિચારનો અર્થ એવો થાય છે કે ઈશ્વર પર આધાર રાખતી વખતે આપણે ઈશ્વરને પૂરેપૂરા સમર્પિત થઈ જવું જોઈએ. આપણે જ્યારે આપણાં કાર્યો પ્રભુને તથા તેમની યોજનાને "સમર્પિત" કરી દઈએ છીએ, ત્યારે આપણે ઈશ્વરને ખાતર જે કંઈ કરતા હોઈએ છીએ, એ દરેક બાબત તેમના હાથમાં સમર્પિત કરી દઈએ છીએ.

દેશભરના લોકો સુધી સુવાર્તા પહોંચાડવાના એફએમપીબીના દર્શનમાં ભાગીદાર બનનાર મિત્રો સ્વરૂપે, આવો, આપણે સમસ્ત ભારત દેશમાં સુવાર્તા પહોંચાડવાની ઈશ્વરની યોજનાને ફળવંત બનાવવા માટે આપણી દરેક બાબતને સમર્પિત કરીએ. હમેશાં એ વાત યાદ રાખો કે તમને સમૃદ્ધ કરવાની તથા તમને આશા અને ભાવિ આપવાની એક યોજના ઈશ્વરની પાસે છે. ઈશ્વર તમને આશીર્વાદિત કરો અને એફએમપીબી મારફતે તેમના દર્શનને પરિપૂર્ણ કરવામાં તે તમારો ઉપયોગ કરો.

**- રેવ. જોન બર્લિન એસ.**
**એફએમપીબી - જનરલ સેક્રેટરી**

# પડકારો મધ્યે દર્શનની આકરી પ્રવૃત્તિ



ઉત્પત્તિના પુસ્તકના શરૂઆતના અધ્યાયો વિશેષ મહાન એવા ઈશ્વરને આયોજન અને ઈરાદા સાથેના એક ઈશ્વર તરીકે વર્ણવે છે. ઈશ્વરના ઈરાદાઓ અને આયોજનો સૃષ્ટિ સર્જનની પેલે પાર જાય છે અને જીવનના દરેક ક્ષેત્રને સ્પર્શતા હોય છે. એ ક્યાં તો ઈસ્રાએલ પ્રજાની પસંદગી કરવાની બાબત હોય કે મિસરમાં ફાટી નીકળેલી મરકી હોય. ક્યાં તો બિમાર માણસને સાજા કરવાની બાબત હોય કે કાના ગામમાં પાણીમાંથી દ્રાક્ષારસ બનાવવાનો ચમત્કાર હોય !

**ઈશ્વરનું દરેક કાર્ય એક ઈરાદો ધરાવતું હોય છે. રસપ્રદ વાત તો એ છે કે, ઈશ્વરના ઈરાદાઓ અન્ય ઈરાદાઓની સાથે સંકળાયેલા હોય છે. દા.ત. એક વ્યક્તિ માટેનો તેમનો ઈરાદો એક પ્રજા માટેના તેમના ઈરાદાઓની સાથે સંકળાયેલો હોય છે. નાઈલ નદીમાંથી એક શિશુનો જીવ બચાવી લેવાની બાબત ઈશ્વરના લોકને મિસરમાંથી તેઓની ગુલામીમાંથી તેઓના છૂટકારાની સાથે સંકળાયેલી છે. દમસ્કસ તરફ જતા માર્ગ પર જઈ રહેલો માણસ આંધળો બની જાય છે, એ માણસને એશિયા માઈનોરના અસંખ્ય લોકોની આંખો ખોલવાની જવાબદારી સોંપવામાં આવી હતી.**

ઈરાદાઓ બનાવનાર પ્રભુ એ ઈરાદાઓને પરિપૂર્ણ થયેલા નિહાળવા માટે આતુર હોય છે. એટલા માટે જ, પ્રભુ પોતાના લોકોની સમક્ષ તેમની યોજના કે ઈરાદો જાહેર કરતા હોય છે. યહોવા દેવે મૂસાને તેડું આપીને મિસરમાં શબ્દોમાં વર્ણવી શકાય નહિ એવી અસહ્ય યાતનાઓ સહન કરી રહેલા લોકોને માટે પોતાની યોજના કે ઈરાદો પ્રગટ કર્યો. મૂસાની સમક્ષ જ્યારે ઈશ્વરની યોજના સ્પષ્ટપણે પ્રગટ થઈ, ત્યારે એ યોજના મૂસાનું દર્શન બની ગઈ (નિર્ગમન ૩ અને ૪ અધ્યાયો). ઈશ્વર ઈચ્છતા હતા કે મૂસા તેમના ઈરાદાને કે યોજનાને પોતાની કરી લે, એ યોજનાને આધીન થાય અને સમજે. **દર્શન હમેશાં પડકારોની સાથે ચાલતું હોય છે. પડકારોનો સામનો કરતી વખતે દર્શનને સમજવાની બાબત અઘરી અને અશક્ય લાગતી હોય છે. દર્શન જ્યારે સ્પષ્ટ હોય છે, ત્યારે તેને અનુસરવું સરળ બની જાય છે.**

## (૧) દર્શનમાં રહેલી સ્પષ્ટતા

જેમ આપણે મૂસાના તેડામાં જોયું છે, તેમ દર્શન તો ઈશ્વર જ આપતા હોય છે. ઈશ્વર ઈચ્છે છે કે આપણે તેમની દષ્ટિથી લોકોની તરફ અને તેઓની સમસ્યાઓ તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ. ઈશ્વર ઈચ્છે છે કે આપણે તેમની લાગણીઓને અનુભવીએ. ઈશ્વર ઈચ્છે છે કે તે જે દિશામાં જવાની દોરવણી આપણને આપતા હોય છે, એ દરેક દિશામાં એક પરિવર્તન લાવવાની જવાબદારી આપણે ઉઠાવીએ. આમ, દર્શનનો અર્થ આપણો કોઈ ઈરાદો કે ઈચ્છા થતો નથી. ઉલટાનું, ઈશ્વર પોતાના દર્શન વિષે વાત કરવાનો લહાવો પૂરો પાડે છે. **દર્શન એટલે એકાએક આવી જતો કોઈ વિચાર નથી કે જે કટોકટીને કારણે ઈશ્વરના મનમાં ઉદ્‌ભવતો હોય. ઉલટાનું, દર્શનનાં મૂળ તો ઈશ્વરની અનંતકાલિક યોજનામાં વવાયેલાં હોય છે.**

ઓસ્ટીન સ્પાર્ક્સ લખે છે કે, “ઈશ્વર દ્વારા આપવામાં આવેલા દર્શનનાં મૂળ સમય, સંજોગો, સંભવિત ઘટનાઓ, સંભવિત શક્યતાઓ કે કટોકટીઓથી પર હોય છે.” એટલા માટે જ, ઈશ્વર દ્વારા આપવામાં આવેલ દર્શન તેની મર્યાદિત સમજણ કરતાં વધારે વ્યાપક પ્રમાણમાં લાગુકરણો ધરાવતું હોય છે.આપણે જ્યારે ઈશ્વરના દર્શન વિષે વાત કરતા હોઈએ છીએ, ત્યારે આપણે ઈશ્વરના વિશાળ કદની યોજનામાં ભાગીદાર બનતા હોઈએ છીએ.

પાઉલ જ્યારે કરિંથમાં હતો, ત્યારે પ્રભુએ એક દર્શનમાં તેને ઉત્તેજન આપતાં બોલવાનું ચાલુ રાખવાનું જણાવ્યું હતું. ઈશ્વર એ શહેરમાંના ઘણા બધા લોકોને તારવાની એક યોજના ધરાવતા હોવાને કારણે તે ઈચ્છા રાખતા હતા કે પાઉલ કોઈપણ પ્રકારની બીક રાખ્યા વગર પોતાનું સેવાકાર્ય ચાલુ રાખે. એ શહેરમાંના ઘણાબધા લોકોને થયેલા આ સંદર્શને પાઉલને ત્યાંના સેવાકાર્યને વિસ્તારવાનું એક મોટું પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું. (પ્રે.કૃ. ૧૮:૯-૧૧).

દર્શનનું બીજું એક પાસું તો તેનું નક્કરપણું છે. ઈશ્વરે આપેલું દર્શન અસ્થિર કે શંકાસ્પદ હોતું નથી, તેનું કારણ એ છે કે એ દર્શન યર્મિયા ૨૯:૧૦ માં આપણે વાંચીએ છીએ તે પ્રમાણે તેમણે આપેલી દઢ ખાતરી પર બંધાયેલું હોય છે -

*"કેમ કે યહોવા કહે છે કે, બાબિલમાં સિત્તેર વર્ષ પૂરાં થયા પછી હું તમારી મુલાકાત લઈશ, અને તમને આ સ્થળે પાછા લાવીને તમને આપેલું મારું ઉત્તમ વચન હું પૂરું કરીશ."*

- આ કલમ ઈશ્વરે આપેલા દર્શનમાં રહેલા સમય - અવધિના મહત્ત્વને દર્શાવે છે. ઈશ્વરે જ નક્કી કર્યું હતું કે આ સમયગાળા દરમિયાન ઈશ્વરના લોકોએ બાબિલોનમાં હોવું જોઈએ (યર્મિયા ૨૯:૪-૭). એમાં કોઈ ભવિષ્યવાણી ફેરફાર કરી શકે નહિ. કોઈ માનવીય શક્તિ બાબિલોનમાંના તેઓના બંદીવાસના દિવસોને ઘટાડી શકે તેમ નહોતી. જૂઠા પ્રબોધકોએ લોકોને ગૂંચવાડામાં નાખીને તેઓની આશાને ધૂંધળી બનાવવાના પ્રયત્નો કર્યા હતા. (યર્મિયા ૨૯:૮). પરંતુ યહૂદાહના લોકો પાસેથી એ બાબતની અપેક્ષા રાખવામાં આવી હતી કે તેઓ બાબિલોનમાંના તેઓનાં ૭૦ વર્ષના લાંબા રોકાણના દર્શનમાં દઢ બની રહે.

સામાજીક - રાજકીય અને આર્થિક પ્રવાહોમાં આવેલો ઝડપી ફેરફાર અને વિપરીત સંજોગો આપણા દર્શનની પ્રવૃત્તિમાં એક મજબૂત નિરાશાવાદ ઊભો કરી શકે. આ પડકારો કદાચ અસ્તિત્વ ધરાવવાનું ચાલુ રાખી શકે અને તેને પરિણામે આપણી પ્રગતિમાં વિલંબ થઈ શકે. તેમ છતાં, આપણે આશા ગુમાવ્યા વગર દોડ ચાલુ રાખવાની જરૂર છે. રમતના ખેલાડીઓ જેમ કરતા હોય છે, તેમ આપણે માર્ગમાં આવનાર અડચણો દૂર કરીને મુશ્કેલીઓ અને નિરાશાઓ સહન કરી શકીએ.

આપણે જ્યારે આપણા દર્શનમાં આગળ વધીએ છીએ ત્યારે ગીતકર્તાના આત્મવિશ્વાસ ધારવતા શબ્દો એક સારું પ્રોત્સાહન આપી શકે છે.

*"કેમ કે તારી સહાયથી હું પલટણ ઉપર ધસી પડું છું; અને મારા દેવની કૃપાથી હું કોટ કૂદી જાઉં છું."* (ગી.શા. ૧૮:૨૯). આપણી રોજીંદી પ્રવૃત્તિઓ પર જ્યારે કોઈક પ્રકારના પ્રતિબંધો આવી જતા હોય છે અથવા તો, એ પ્રવૃત્તિઓ પર કાપ મૂકવામાં આવતો હોય છે અને આગળ વધવાની આપણી પ્રવૃત્તિઓને બંધ કરી દેવામાં આવેલી કે તેમાં વિલંબ આવેલો નિહાળીને આપણે નાહિંમત થઈ જતા હોઈએ છીએ. ઈશ્વરનો ઈરાદો બદલાતો નથી કે નિષ્ફળ જતો નથી. ઈસ્ટમેન કર્ટીસ આપણને આપણી પ્રગતિમાં થતા વિલંબને સમજવામાં તથા તેનો સ્વીકાર કરવામાં મદદ કરે છે. વિમાનોની અવરજવરને નિયંત્રીત કરનાર બૂરજો તરફ તે ધ્યાન કેન્દ્રિત કરે છે. કેટલીક વાર વિમાનીમથકના બૂરજો વિમાનોને "આકાશમાં જ ઊડતા રહેવાની" ફરજ પાડતા હોય છે. આ સમયગાળા દરમિયાન, વિમાનોને જ્યારે ઊતરવાની પરવાનગી આપવામાં ન આવે ત્યાંસુધી તેઓ વર્તુળાકાર સ્વરૂપે આકાશમાં ઊડતાં રાખે છે. એ ભાઈ બે કલાક સુધી આકાશમાં ઊડતા રહેવાના પોતાના અનુભવ વિશે વાત કરે છે. ઉત્તેજન આપવા સંબંધીના તેમના શબ્દો આવા હતા -

"આપણને એવું લાગતું હોય છે કે આપણે આપણા લક્ષ્યાંકની દિશામાં આગળ વધવાને બદલે વર્તુળોમાં જ ગોળગોળ ફરતા હોઈએ છીએ. કેટલીકવાર આપણને એક પ્રકારના વિલંબનો કે કોઈક પ્રકારના અંતરાયનો અનુભવ થતો હોય એવું લાગે છે. એનો અર્થ એવો નથી થતો કે આપણે એ કામ ત્યજી દેવું પડશે."

ઈશ્વરની યોજનામાં સમય એક ચાવીરૂપ ભૂમિકા નિભાવતો હોય છે. ઈશ્વરની યોજના કદાચ સીધીસાદી લાગતી હોઈ શકે, પરંતુ તેમના ઈરાદાઓ તો એ યોજનામાં વીંટાયેલા હોય છે. એટલા માટે, ઈશ્વરની યોજના એક પ્રકારની પ્રક્રિયા છે. ઈસ્રાએલી લોકોને મિસરમાંથી મુક્ત કરવા માટે મૂસાને તેડવામાં આવ્યો હતો. ઈશ્વરની દોરવણી પ્રમાણે તેણે ફારૂનની પાસે જઈને પોતાના લોકોને તાત્કાલિક છૂટકારો આપવા માટે જણાવ્યું હતું. પરંતુ તેઓના છૂટકારાની કોઈ નિશાની કે આશા દેખાતી ન હતી. મૂસા નાહિંમત થઈને બેચેન બની ગયો હતો. તેણે યહોવાને કહ્યું કે, "તેં પણ તારા લોકોને છોડાવ્યા નથી" (નિર્ગમન ૫:૨૩). મૂસા તેઓના

છૂટકારાને એક સીધી સાદી ઘટના સમજતો હતો. ઈશ્વરના મનમાં તો તેઓનો છૂટકારો એક પ્રક્રિયા સમાન હતો.

**ઈશ્વરે આપેલું દર્શન ઈશ્વરના પોતાના સમયમાં જ પરિપૂર્ણ થતું હોય છે. એટલા માટે જ, પ્રતિકૂળ અને અચોક્કસ પરિસ્થિતિઓ મધ્યે પણ આપણા દર્શનને વળગી રહેવા માટે આપણને તેડવામાં આવ્યા છે. દર્શનમાં સ્પષ્ટતા જાળવવા ઉપરાંત આપણે તેની પરિપૂર્ણતા સુધી પહોંચવા માટેનો ઉત્સાહ અને સામર્થ્ય પ્રાપ્ત કરવો જરૂરી હોય છે.**

## (૨) ઉત્સાહપૂર્વકનું સાહસ

દર્શનનો અર્થ એક છીછરું સ્વપ્ન નહિ, પરંતુ તે આપણને એક સાહસ તરફ દોરી જાય છે. જો સાહસમાં હિંમત, આશા અને સામર્થ્યનો અભાવ હોય, તો તે સાહસ એક સાહસ બની શકતું નથી. ઉત્સાહ અને સામર્થ્યથી મજબૂત બનેલું દર્શન જ એક મોટો પ્રભાવ ઊભો કરી શકે છે. એટલા માટે જ રોમનો ૧૨:૧૧ માં પાઉલ એક સ્પષ્ટ બોધ આપે છે કે પ્રભુની સેવા કરતી વખતે આપણે આત્મામાં ઉત્સાહી બની રહેવું જોઈએ. બીજી એક કલમમાં લખવામાં આવ્યું છે કે : પ્રમાદી કે આળસુ ન બનો. ન્યૂ લિવીંગ ટ્રાન્સલેશન આ બાબતને વધારે સમજવા લાયક બનાવે છે. જે એવું જણાવે છે કે : ક્યારેય આળસ ન કરો, પરંતુ પ્રભુની સેવા ઉત્સાહપૂર્વક કરવા માટે સખત પરિશ્રમ કરો. પ્રજ્વલિતપણા માટેના ગ્રીક શબ્દનો અક્ષરસઃ અર્થ "આત્મામાં ઉકળતા રહેવું" એવો થાય છે. ઈશ્વરનો આત્મા આપણને પ્રજ્વલિત કરે છે.એટલા માટે, **આપણે જ્યારે ઉચ્ચ કક્ષાના એક લક્ષ્યાંકને સિદ્ધ કરવા જઈ રહ્યા હોઈએ છીએ, ત્યારે હૂંફાળા બની રહેવું એ બાબત આપણને પોષાય તેમ નથી. એ કદાચ આપણી આત્મિક ઉષ્ણતાને તપાસવાનો ઉત્તમ સમય હોઈ શકે છે. સેવાકાર્ય સામાન્ય કક્ષા પર નિર્ભર રહી શકતું નથી. વૈશ્વિક સ્તરે પર્યાવરણને લગતા જોવા મળતા ફેરફારો આપણને પડકાર આપે છે કે આપણે આપણા હૂંફાળાપણાને ખંખેરી નાખીએ અને આપણા સામાન્ય દેખાવની ઉપર વટ જઈને ઊભા રહીએ. આપણે ખંતપૂર્વકની પ્રાર્થનાઓ મારફતે આપણી સેવાકીય પ્રવૃત્તિઓમાં ઉત્સાહ અને ઉંમગ ઉમેરવાની જરૂર છે.**

સેલફોનમાં વૈશ્વિક સ્તરના સમાચારોની ઝડપી ઉપલબ્ધિ સાથે આપણને મધ્યસ્થીમાં સમય વીતાવવાને બદલે માહિતી એકત્ર કરવામાં વધારે રસ પડે છે. વેસ્લી એલ. ડ્યુવેલ લખે છે કે, "ઈશ્વરને ખાતર તમારાથી થઈ શકે એવું સૌથી મોટું કાર્ય તો ઈશ્વરની ઈચ્છા અનુસાર મધ્યસ્થી કરવાનું છે."

ઈશ્વરનું રાજ્ય લાવવા માટે મધ્યસ્થી તો એક અસરકારક સાધન છે. એટલા માટે, ડ્યુએલ આપણી મધ્યસ્થીને વિશાળ સ્તરે વિકાસવવાની બાબત પર ભાર મૂકે છે. પ્રાર્થનાને ઈશ્વરના ઈરાદાઓની સાથે સાંકળીને તેઓ લખે છે,

"તમે ખ્રિસ્તી સેવાકાર્યના અન્ય કોઈપણ સ્વરૂપ કરતાં પ્રાર્થનામાં રહીને જ ઈશ્વરના હેતુ અને યોજનાની સાથે તમારી જાતને સાંકળી શકો છો."

યરીખોના કોટનો ધ્વંશ આપણને કોઈપણ કાર્ય કરવા માટે જરૂરી એવા મહાન સામર્થ્યની યાદ દેવડાવે છે. ઈસ્રાએલીઓને સાત દિવસ સુધી એક વખત મશાલ લઈને કોટની આજુબાજુ આંટો મારવાનું કહેવામાં આવ્યું હતું. પરંતુ સાતમે દિવસે તેઓએ શહેરની આસપાસ તો સાત વખત આંટો મારવાનો હતો. એનો અર્થ એ થાય છે કે તેઓએ પોતાની શક્તિનો ઉપયોગ કરીને છેલ્લા દિવસે સખત કામ કરવાનું હતું. સાતમો આંટો પૂરો થતાંની સાથે જ, કોટ તૂટી પડવાનો હતો. શસ્ત્રધારી માણસોએ તરત જ શહેરની અંદર ધસી જઈને યરીખો શહેર પર કબજો જમાવવાનો હતો.

સખત પરિશ્રમ કરવા માટેની એક પ્રકારની રાજીખુશી હોવી જ જોઈએ. જોન સી. મેક્ષવેલ એ બાબતને 'આપણી જાતને કસવી' તરીકે ઓળખાવે છે. તેઓ ભારપૂર્વક જણાવે છે કે **આપણે એક રબર બેન્ડ જેવા હોવું જોઈએ; જ્યાં સુધી તેને ખેંચવામાં ન આવે ત્યાં સુધી તે કોઈ રીતે ઉપયોગી નીવડતું નથી. તેઓ આપણને ચેતવણી આપે છે કે જો આપણે પડકારોના ફલકમાં ગભરાઈ જઈએ, તો આપણે હારી જઈશું. ઈશ્વર તરફથી આપવામાં આવેલા દર્શનમાં આપણે જો આગળ વધીએ, તો પીછેહઠ કરવાની કોઈ શક્યતા રહેશે નહિ.** પાઉલ જ્યારે યરૂશાલેમ જવા માટે તૈયારી કરી રહ્યો હતો, ત્યારે ત્યાં આગળ તેણે સામનો કરવો પડે એવા જોખમો સંબંધીની ભવિષ્યવાણીઓ કરવામાં આવી હતી. (પ્રે.કૃ. ૨૧:૩-૫, ૮-૧૪). પરંતુ તેણે પોતાની મુસાફરી

ક્યારેય અટકાવી દીધી નહિ. ઈશ્વરની ઈચ્છાને જાણવા માટેની તેની તત્પરતાનું રહસ્ય તો તેના અડગ નિર્ણયમાં પ્રદર્શિત થતું હતું. દા.ત. ઈશ્વરની યોજનામાં તે મરી જવા માટે તૈયાર હતો (પ્રે.કૃ. ૨૦:૨૪,૨૧:૧૩). ઈશ્વરે આપેલા દર્શનને સમજવા માટે દુઃખ સહન કરવા માટેની તૈયારી ઉત્સાહ, ખંતની જરૂર પડતી હોય છે. ઈશ્વરના સેવાકાર્યમાં વ્યક્તિના લક્ષ્યાંક કરતાં જરૂરિયાતો વિશેષ પ્રમાણમાં હોય છે. સંયુક્ત સ્વરૂપે કરવામાં આવેલ પ્રયાસ વિશાળ દર્શનને પરિપૂર્ણ કરે છે.

## ૩. સાથે મળીને કરવામાં આવતું સાહસ (કાર્ય)

કોઈકે કહ્યું હતું કે 'સંયુક્ત સ્વરૂપે કરવામાં આવેલ પ્રયાસ' રચનાત્મકતા, ઉત્પાદકતા અને અસરકારકતાના ક્ષેત્રમાં મોટું સામર્થ્ય કે શક્તિને પ્રગટ કરે છે.' ૨ શમુએલ ૧૦ મા અધ્યાયમાં આપણને યુદ્ધની એક એવી પરિસ્થિતિ જોવા મળે છે કે જ્યાં આમ્મોનીઓ દાઉદની વિરુદ્ધ ઊભા થયા હતા. આમ્મોનીઓએ અરામીઓ તથા અન્ય રાજ્યોનાં સૈન્યોને ભાડે રાખ્યાં હતાં. યુદ્ધમાં પોતાના ઈસ્રાએલી સૈનિકોને દોરવણી આપવા માટેની જવાબદારી યોઆબ અને તેના ભાઈ અબીશાયના શિરે હતી. યુદ્ધ મેદાન પર યોઆબ પોતાના ભાઈઓને જે વાત કહે છે, તે વાંચવામાં રસ પડે તેવી છે.

*"જો અરામીઓ અમને ભારે પડે, તો તું મને સહાય કરજે; પણ જો આમ્મોનપુત્રો તને ભારે પડે, તો હું તારી કુમકે આવીશ"* (૨ શમુએલ ૧૦:૧૧).

યુદ્ધ મેદાનમાં ઐક્યતા જાળવી રાખવાનું કેવું ઉમદા ઉદાહ-રણ ! જો આપણે બધા એકસરખું ધ્યેય કે લક્ષ્યાંક ધરાવતા હોઈશું, તો આપણે સાથે મળીને કાર્ય કરવું જ પડશે.

ગણનાના પુસ્તકના ૩૨ મા અધ્યાયમાં આપણે જોઈએ છીએ કે રૂબેનના પુત્રો અને ગાદના પુત્રો મૂસાને એક એવી વિનંતી કરે છે કે તે તેઓને યર્દન નદી પાર ન કરવાની પરવાનગી આપે. તેઓની પાસે વિશાળ પ્રમાણમાં ઘેટાંબકરાં અને ઢોરઢાંક હતાં, અને તેઓના જીવનનિર્વાહ અર્થે યાઝેર અને ગિલ્યાદના પ્રદેશો અનુકૂળ હતા, તેઓ એ પ્રદેશોનો કબજો લઈને ત્યાં જીવન વ્યતીત કરવાની ઈચ્છા રાખતા હતા. તેઓની આ વિનંતીથી મૂસા રાજી થયો ન હતો, કારણ કે એ લોકો સ્વાર્થી સ્વભાવના હતા, અને કનાન દેશ પ્રાપ્ત કરવાના તેઓના સામાન્ય લક્ષ્યાંક પરથી તેઓએ પોતાની દૃષ્ટિ ઉઠાવી લીધી હતી. મૂસાનો આકરો જવાબ સાંભળ્યા પછીથી તેઓ પોતાની પત્નીઓ અને બાળકોને પાછળ રહેવા દઈને પોતાના સાથી ઈસ્રાએલી ભાઈઓ સાથે રહેવા માટે તૈયાર થયા હતા. આજે આપણે આપણા સેવાકાર્યને માટે આ ઘટના પરથી કેટલાક બોધપાઠો અને માર્ગદર્શન શીખી શકીએ છીએ.

૧. સ્વાર્થીપણું સંયુક્ત સાહસને માટે એક અવરોધ સમાન છે.

૨. આપણે આપણા વિશ્વાસી ભાઈબહેનો અને સાથી કાર્યકરો સંબંધી બોજ ધરાવતા હોવા જોઈએ.

૩. જો લક્ષ્યાંક એકસમાન હોય, તો તે આપણી સામૂહિક જવાબદારી બની જાય છે.

૪. આપણે અંત સુધી લડાઈ લડવા માટે એક સંકલ્પ કરવો જોઈએ(ગણના ૩૨:૧૮).

૫. આપણે ક્યારેય કોઈપણ પ્રકારના વ્યક્તિગત લાભ કે ફાયદાની અપેક્ષા રાખવી ન જોઈએ (ગણના ૩૨:૧૯).

આપણે જ્યારે આપણા ભાઈઓની સાથે જોડાવામાં નિષ્ફળ જઈએ છીએ, ત્યારે નિરાશાને લીધે તેઓ યુદ્ધમેદાનમાંથી પાછા ભાગી જઈ શકે છે. પરિણામે, આપણા માટેના ઈશ્વરના ઈરાદાને આગળ વધવામાં અવરોધ નડી શકે છે. (ગણના ૩૨:૬-૧૫).

આપણે એક દર્શન-લક્ષી સાહસકાર્યમાં સામેલ થયેલા છીએ. આપણી આસપાસના પડકારોની સંખ્યામાં થતો વધારો આપણને નાહિંમત કરી શકે છે અને એ કાર્ય પડતું મૂકવાનું દબાણ આપણા પર થઈ શકે છે. જો આપણે પરસ્પર મદદ કરીને એક સાથે ઊભા રહીશું, તો આપણે વિજય તરફ અવશ્ય આગળ વધીશું. દર્શન, બોજ, આત્મિક હોંશ અને જરૂરિયાત પ્રત્યે આપણી જાતને લંબાવવા પ્રત્યેની સ્પષ્ટ સમજ ઈશ્વરનું દર્શન પરિપૂર્ણ કરવામાં આપણને મદદરૂપ બનશે.

**- રેવ. આઈ. કે. અબ્રાહમ**
**એફએમપીબી- ભુતપૂર્વ જનરલ સેક્રેટરી**

## વર્ષ ૨૦૨૨માં

# સર્વ સમર્થ ઈશ્વર આપણી કાળજી રાખે છે !!!



આપણામાંના ઘણા લોકોએ ઈશ્વરના ભયની આપણી લાગણી ગુમાવી દીધી છે. એનું કારણ કદાચ એ હોઈ શકે કે આપણે એટલા બધા લાંબા સમયથી ખ્રિસ્તીઓ બની ગયા છીએ કે આપણી અંદર 'ત્યાં જવું, પેલું કર્યું, પેલું સાંભળ્યું' જેવું વલણ વિકાસ પામી ગયું છે. આપણે ઈશ્વરની સુંદરતાથી કે ઈશ્વરની કૃપાથી કે ઈશ્વરની પવિત્રતાથી કે ઈશ્વરની ઓળખથી કે ઈશ્વરની દયાથી કે ઈશ્વરના સામર્થ્યથી કે ઈશ્વરના જ્ઞાન ડહાપણથી કે ઈશ્વરની ભલાઈથી પ્રભાવિત થયા નથી. આપણે આપણી ભયની લાગણી ગુમાવી દીધી છે.

એક ઈશ્વરભક્ત જણાવે છે કે, "આ ચમત્કારથી જે કોઈ વ્યક્તિ આશ્ચર્યચકિત થતો નથી અને તેના પર ઊંડી અસર થયેલી જોવા મળતી નથી,એ વ્યક્તિ સૃષ્ટિના ઈશ્વર આપણી કાળજી રાખે છે અને એ વાત સંબંધી કૃતઘ્ની અને નાદાન કરતાં પણ વિશેષ છે.

સૃષ્ટિના મહિમાવંત પ્રભુ કે જેમણે ચંદ્ર તથા અબજો-ખર્વોની સંખ્યામાં તારાઓને આકાશમાં લટકાવ્યા છે, જે સર્વોત્કૃષ્ટ / મહિમાવંત પ્રભુ છે, તે આપણી પાસે આવ્યા! તેમણે માનવી સ્વરૂપ ધારણ કર્યું... તેમણે નમ્રતા ધારણ કરી અને ક્ષુદ્રતારૂપી વસ્ત્રો પહેર્યાં. તેમને ત્યજી દેવામાં આવ્યા, તેમની મજાક કરવામાં આવી અને તેમને આપણે ખાતર મારી નાખવામાં આવ્યા !

આ બાબતને કારણે, આપણને તેમના મહિમા અને આદર પ્રગટ કરતો મુગટ પહેરવવામાં આવ્યો છે. એનો અર્થ એ થાય છે કે ઈશ્વર આપણી અંદર રચનાત્મક રીતે ખુશ થાય છે, એટલે કે ઈશ્વર તેમની અજોડ કૃતિ- આપણા - પર પ્રેમ રાખે છે, તેમણે આપણને અજોડ વ્યક્તિત્વ આપીને આપણને નિહાળવા લાયક બનાવ્યા છે. એટલું જ નહિ, આપણને ઉદ્ધાર પામેલા જોઈને ઈશ્વર અવશ્ય ખુશ થાય છે, એનો અર્થ એવો થાય છે કે તેમણે આપણો ઉદ્ધાર કર્યો છે, એ સત્ય મારફતે તે આપણા પ્રત્યે ખુશ રહે છે. ગૌરવી ઈશ્વરે તેમની પોતાની પ્રતિમાં અને સ્વરૂપ પ્રમામે આપણું સર્જન કરીને તેમણે રચેલી સૃષ્ટિ પર આપણને અધિકાર આપ્યો છે. વાસ્તવમાં તો, આપણે ઈશ્વરના હાથ નીચેના માણસો તરીકે વ્યવહાર કરવાનો છે. આપણે પૃથ્વી પર ઈશ્વરના શાસનનું પ્રતિનિધત્વ કરવાનું છે.

ગીતશાસ્ત્રના ૮ મા અધ્યાયમાં, ગીતકર્તા યહોવાનું સર્વોચ્ચ ગૌરવ પ્રદર્શિત કરે છે, અને તેમ છતાં એ અધ્યાય સ્પષ્ટપણે જણાવે છે કે ઈશ્વર આપણી કાળજી રાખે છે અને આપણને સંભાળે છે. ઈશ્વર આપણા પર આચ્છાદિત રહેતા હોય છે, પરંતુ તે હમેશાં આપણી નિકટતામાં જ રહે છે. પરંતુ ઈશ્વર સર્વોચ્ચ અને મહિમાવંત તથા સંપૂર્ણ છે. તે મહિમાવંત ઈશ્વર છે ! પૃથ્વીના માલિક ઈશ્વર સંપૂર્ણ છે, તેથી જગત અને તેમાં રહેનારા પણ

ઈશ્વરના જ છે (ગી.શા. ૨૪:૧). એટલા માટે ઈશ્વર આપણી કાળજી રાખે છે. વળી રૂપું અને સોનું પણ યહોવાનાં છે (હાગ્ગાય ૨:૮); તેથી ઈશ્વર આપણી કાળજી રાખે છે. આપણે એટલા બધા નિમ્ન કક્ષાના લોકો છીએ કે આપણે ઈશ્વરના મોભાનો વિચાર કરતા નથી, તોપણ આપણને તેમની પ્રતિમા અને સ્વરૂપ પ્રમાણે બનાવવા માટે તેમણે આપણને પસંદ કર્યા છે. (ઉત્પત્તિ ૧:૨૬-૨૮). અનંતકાલિક ઉજવણી કરવા માટે આટલું પૂરતું છે; આપણી આસપાસ જે કંઈ બની રહ્યું છે તેની પરવા કર્યા વગર આપણે ખુશ થવાનું છે. સમસ્ત સૃષ્ટિના ઉત્પન્ન કર્તા આપણી કાળજી રાખે છે.

આપણા સંબંધીના પોતાના કરાર સંબંધી પણ ઈશ્વર કાળજી રાખે છે. તેમણે સમ ખાધા છે કે તે તેમના કરારમાં ક્યારેય ફેરફાર કરશે નહિ, કારણ કે તે આપણી કાળજી રાખે છે (ગી.શા. ૮૯:૩૪). એવું કહેવાનું જરૂર નથી કે તેમણે કરેલો કરાર એવો ને એવો અસરકારક અને અચળ રહે છે. ઈશ્વરે દિવસ અને રાતના અસ્તિત્વની સાથે પોતાનો કરાર કર્યો છે (યર્મિયા ૩૩:૨૦-૨૧,૨૫-૨૬). ઈશ્વર આપણને માનવંત જાહેર કરે છે, અને આપણે ખરેખર માનવંત છીએ; તે આપણને મહિમાવંત જાહેર કરે છે, અને આપણે ખરેખર મહિમાવંત છીએ જ. હા, ઈશ્વર આપણી કાળજી રાખે છે.

એક ઈશ્વરભક્તે કહ્યું છે કે, "ઈશ્વર કેટલા મહાન છે, એ વાતના પ્રકાશમાં હું એટલો બધો પ્રભાવિત થઈ ગયો છું કે મારી કાળજી લેવાની બાબતમાં ઈશ્વર સંભાળ લેતા હોય છે. મને એ વાતની નવાઈ લાગે છે કે ઈશ્વર મારી સાથે એક કરારયુક્ત સંબંધ રાખવાની ઈચ્છા રાખે છે!"

આપણા સંબંધીના ઈશ્વરના વિચારો અલૌકિક હોય છે. આપણા સંબંધીના ઈશ્વરના વિચારો ઉચ્ચ અને ગહન હોય છે. ઈશ્વર આપણને એક નવી શરૂઆત પ્રદાન કરવાની ઈચ્છા રાખે છે. ઈશ્વર ભવિષ્યને જાણે છે, આપણાં જીવનો માટેનો તેમનો ઈરાદો પરિપૂર્ણ કરવા માટે ઈશ્વર આપણી સાથે રહેવાની ઈચ્છા રાખે છે. આપણો વિરોધ કરનાર કોઈપણ બાબત ખરેખર તો ઈશ્વરનો જ વિરોધ કરતી હોય છે કે જે આપણી કાળજી રાખે છે. દુન્યવી દૃષ્ટિએ આપણી આસપાસની પરિસ્થિતિ ભલે ગમે તેવી લાગતી હોય, પરંતુ અવિકારી ઈશ્વર આપણી કાળજી રાખે છે. જેમના માટે કોઈપણ બાબત અઘરી નથી, એ ઈશ્વર આપણી કાળજી રાખે છે. હા, યહોવાએ આપણને સંભાર્યા છે; તે આપણને અવશ્ય આશીર્વાદ આપશે (ગી.શા. ૧૧૫:૧૨).

આપણે હમેશાં ઈશ્વર સંબંધી વિચાર કરતા રહીને તેમણે આપણા પ્રત્યે કરેલા ઉપકારોના બદલામાં તેમનો આદર કરવો જોઈએ; આપણે તેમની આજ્ઞાઓનું પાલન કરતા રહેવું જોઈએ, એક જીવનશૈલી સ્વરૂપે આપણે યહોવાની બીકમાં જીવન જીવવું જોઈએ. પવિત્રશાસ્ત્ર જ આપણને જણાવે છે કે આપણે ઈશ્વરનો આભાર માનીને તેમણે દર્શાવેલી પ્રેમાળ ભલાઈ અને વિશ્વાસુપણા માટે તેમની સ્તુતિ કરવી જોઈએ. આપણા માટેના ઈશ્વરના વિચારો અને યોજનાઓનું પ્રક્ટીકરણ જ ઉત્તેજનનો એક સારો સ્રોત બની રહેશે નહિ, પરંતુ પ્રાર્થના મારફતે તેમને પોકાર કરવાનું ઉત્તેજન આપણને પ્રાપ્ત થશે. આપણે ઈશ્વરની ઈચ્છાને આધીન થઈશું, તો જ બધી બાબતો આપણને લાભદાયી બની શકશે.

આપણાં હૃદયો ઈશ્વરને મહિમા આપવાની બાબતમાં નવેસરથી જાગૃત થાઓ, જેથી કરીને આપણે એ સત્ય જાણી શકીએ કે ઈશ્વર આપણી કાળજી રાખે છે ! તે આપણી કાળજી રાખે જ છે! અને આપણને આશીર્વાદ આપે છે !!! વર્ષ ૨૦૨૨ માટે આ ખરેખર એક અજાયબ વિચાર છે!



# રેવ. ડો. પ્રોફે. જેટીકે ડેનિયેલ,

## મંડળી - સંસ્થા વચ્ચેના સંબંધો માટેનો એક તર્કસંગત સિદ્ધાંત

## (૨૮.૧૨.૧૯૩૮ - ૦૪.૧૨.૨૦૨૧)

રેવ. ડૉ. પ્રોફે. જેટીકે ડેનિયલ એક કેળવણીકાર, સેવાકાર્ય ક્ષેત્રના નિષ્ણાંત, માર્ગદર્શક અને એફએમપીબીના મહાન ઘડવૈયાઓમાંના એક ઘડવૈયા હતા. એફએમપીબીની શરૂઆત થઈ ત્યારથી જ તેના વિકાસકાર્યમાં એક ચાવીરૂપ ભૂમિકા તેમણે નિભાવી હતી. તેઓ સીએસઆઈના પાસ્ટરના દીકરા હતા, અને ચર્ચ ઓફ સાઉથ ઈન્ડિયાના દીક્ષિત સેવક હતા, તેને કારણે તેઓ મિશનરી સેવાકાર્ય પ્રત્યેનો એક લગાવ ધરાવતા હતા, એને કારણે મંડળી અને સેવાકીય સંસ્થાઓ વચ્ચે તંદુરસ્ત સંબંધો ઊભા કરવાનો બોજ તેઓ ધરાવતા હતા. તેમણે ઘણાંબધાં પુસ્તકો લખ્યાં હતાં અને સંપાદન કાર્ય કર્યું હતું. છેલ્લા પાંચ દાયકાઓ દરમિયાન તેમનાં અસરકારક લખાણો તથા ઈશ્વરવિદ્યાકીય આંતરસૂઝ અને પ્રભાવશાળી આગેવાનીને કારણે પેદા થયેલી રમૂજભરી સૂઝ સમજણ આપણને હમેશાં યાદ રહેશે.



*તેમના ભાઈઓ અર્પુતરાજ અને જુલિયસનાં કુટુંબો સાથે જેટીકે ડેનિયલનું કુટુંબ*

ડૉ. ડેનિયેલનો જન્મ ૨૮ મી ડિસેમ્બર ૧૯૩૮ ના રોજ તામિલનાડુના તુતિકોરીન જીલ્લાના નાઝરેથમાં વસનાર બે મોટી બહેનો અને નાની બહેન અને બે નાના ભાઈઓના કુટુંબમાં ત્રીજા ક્રમના સંતાન સ્વરૂપે થયો હતો. જ્યાં શ્રી.પી. સેમ્યુઅલ વક્તા હતા, એવી એક મિટીંગમાં તેમણે ઈસુ ખ્રિસ્તનો પોતાના અંગત પ્રભુ અને તારનાર તરીકે સ્વીકાર કર્યો હતો. તેમણે પોતાના ભાઈઓ અને બહેનોને ઈસુ ખ્રિસ્તની તારણસાધક ઓળખ આપી હતી. પરિણામે, તેમના ભાઈ એક શિક્ષક અને ઉપદેશક હોઈને, તથા મંડળી અને જુવાનો મધ્યેના સેવાકાર્યમાં સામેલ થયેલા હતા, અને જુલિયસ કે જે આઈઆરએસમાં એક અધિકારી હોવાને કારણે યુઈએસઆઈના સેવાકાર્યમાં સામેલ થયા હતા, અને પાછળથી તેઓ યુઈએસઆઈના પ્રમુખ બન્યા હતા.

ડૉ. ડેનિયેલ સેન્ટ જોન્સ કોલેજ, પલાયમકોટ્ટઈની 'રીયુનિયન ફેલોશીપ' માં શ્રી સામ ધનસીલન, શ્રી એમ. પેટ્રિક જોશુઆ તથા સેવાકાર્ય કરતી સંસ્થાઓમાં કામ કરીને અન્ય મજબૂત આગેવાનો બનનાર સેવકોની સાથે જોડાયા હતા. તેમણે ન્યુઝીલેન્ડની ડુનેડીન ખાતેની નોક્ષ કોલેજમાંથી ઈશ્વરવિદ્યાનો અભ્યાસ કર્યો હતો, અને યુનિવર્સીટી ઓફ મદ્રાસમાંથી ફિલોસોફી વિષયમાં ડોક્ટરની ડીગ્રી મેળવી હતી. ડૉ. ડેનિયલ એક ગણિતશાસ્ત્રી હતા અને વેલોર ખાતેની વુરહીસ કોલેજમાં તથા પોપ્સ કોલેજ, સોયરપુરમમાં પ્રોફેસર તરીકે તેમણે સેવાઓ આપી હતી.

ડૉ. ડેનિયેલે વર્ષ ૧૯૬૫-'૯૦ ના સમયગાળા દરમિયાન મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજમાં ચેપ્લેઈન અને પ્રોફેસર તરીકે સેવાઓ આપી હતી. તેમણે ખ્રિસ્તી અભ્યાસ શરૂ કરવા માટે મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજમાં એક વિભાગ શરૂ કરવાનું ઉત્તેજન આપ્યું હતું. આગળ વધીને તેઓ ૧૯૯૦ - ૯૮ ના સમયગાળા દરમિયાન સીરામપોર કોલેજના પ્રિન્સીપાલ બન્યા હતા, અને સેવાકાર્યને પુનઃજાગૃત કર્યું હતું. તેમણે વિલિયમ કેરીના કેટલાક જૂના ઐતિહાસિક દસ્તાવેજોને કાળજી લઈને સાચવી રાખ્યા હતા.

ડૉ. ડેનિયેલે એફએમપીબીનું 'મેન્યુઅલ ફોર મિશનરીસ' લખીને ૧૯૬૬ માં માનદ્ જનરલ સેક્રેટરી તરીકે સેવાઓ આપી હતી. તેઓ 'અરાઈકુવલ' સામયિકના તંત્રી બન્યા હતા. તેઓએ એક્ઝીક્યુટીવ કમિટીમાં લાંબા સમય સુધી એક સક્રિય સભ્ય તરીકે તથા હાયર સ્ટડીઝ કમિટીના ચેમમેન તરીકે સેવાઓ આપી હતી. મિશનરીઓ પર તેઓ પુષ્કળ પ્રમાણમાં પ્રેમ રાખતા હતા, અને મિશનરીઓને માટે તેમના ઘરનાં બારણાં હમેશાં ખુલ્લાં રહેતાં હતાં. બધા લોકો તેમને વહાલથી 'જેટીકે અન્નાન' ના નામથી બોલાવતા હતા.

મંડળી- સંસ્થા વચ્ચેના સંબંધની બાબતમાં ડૉ. ડેનિયેલની ભૂમિકા નોંધપાત્ર હતી. ખ્રિસ્તની સુવાર્તા આપણા દેશમાં પહોંચાડવા માટેના સેવાકાર્યમાં તેમણે સંસ્થાઓના આગેવાનો અને મંડળીઓના આગેવાનો વચ્ચે મિટીંગો યોજવાનો માર્ગ તૈયાર કર્યો હતો. મંડળી - સંસ્થાકીય સંબંધને લગતી નીતિઓ ઘડવામાં તેઓ નિષ્ણાંત હતા, એ નીતિઓ મુખ્ય પ્રવાહની મંડળીઓમાં રાજીખુશીથી કાર્યને આગળ ધપાવવામાં મદદરૂપ નીવડી હતી. એફએમપીબીને સીએનઆઈ ગુજરાત ડાયોસિસની સાથે એક કરવાની પ્રક્રિયામાં તેમણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. સેવાકાર્યને વેગ આપવા માટે તેમણે મિશનરીઓ તથા આગેવાનોને ઈશ્વરવિદ્યાકીય અભ્યાસ કરવા માટેનું ઉત્તેજન પૂરું પાડ્યું હતું. તેઓ નિયમિત ધોરણે નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મિશન્સ અને બેથેલ બાઈબલ ઈન્સ્ટીટ્યૂટમાં શિક્ષણ આપતા હતા, તાલીમ પર તેઓ વિશેષ પ્રમાણમાં ભાર મૂકતા હતા. સ્થાપવામાં આવેલી મંડળીઓને ધ્યાનમાં રાખીને તેમણે વિશ્વાસીઓ તથા મંડળીના સભાસદ આગેવાનોને માટે અભ્યાસ કરવા માટેનુ સાહિત્ય તૈયાર કરવાનું પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ડૉ. ડેનિયેલે મિશનરીઓને ઊભા કરવાના તથા તેઓને માર્ગદર્શન આપવાના ક્ષેત્રમાં વિશેષ ભૂમિકા નિભાવી છે. મોબીલાઈઝેશન મિનિસ્ટ્રીમાં તેમનો ફાળો અમૂલ્ય રહ્યો છે. મોટાભાગની મિશન મોબીલાઈઝેશન મિટીંગોમાં અન્નાન એક અસરકારક વક્તા બની રહ્યા હતા. આગેવાનોને ઊભા કરવા તથા તેઓને તાલીમ આપવાની બાબત માટે નવા પ્રાર્થના જૂથો શરૂ કરવાની જરૂરિયાત પર તેઓ વિશેષ ભાર મૂકતા હતા. તામિલનાડુ સ્ટેટ કોન્ફરન્સ દરમિયાન તેમણે 'પ્રભુભોજનની સંગત' શરૂ કરાવી હતી.

ડૉ. ડેનિયેલને એક અજાયબ કુટુંબ સ્વરૂપનો આશીર્વાદ પ્રાપ્ત થયો હતો, અને તેમની પત્ની શ્રીમતિ બ્યુલાહ ડેનિયેલ સર્વ પ્રકારના ચઢાવ-ઉતરાવમાં તેમની પડખે ઊભા રહ્યા હતા. તેઓને એક દીકરો અને એક દીકરી સ્વરૂપે આશીર્વાદ પ્રાપ્ત થયો, એ બંને જણાં પરણેલાં છે, અને તેઓને પણ સંતાનો પ્રાપ્ત થયાં છે. તેમનો દીકરો ડૉ. સુંદર ડેનિયેલ રૂરકે ખાતેની આઈઆઈટીમાં એક પ્રોફેસર તરીકે નોકરી કરે છે. તેમની દીકરી શ્રીમતિ શીલા લાયોનલ સિંગાપોરમાં એક ટેકનીકલ સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. કુટુંબ અને સેવાકાર્યની બાબતમાં ડૉ. ડેનિયેલ બહુ સાવધાની રાખતા હતા. કુટુંબના સભ્યો સેવાકાર્યને માટે કોઈ જોખમ ઊભું ન કરે, એ બાબતનું ધ્યાન તેઓ સતત રાખતા હતા. સંત પાઉલના આ શબ્દોને ડૉ. ડેનિયેલ વિશેષ મહત્ત્વ આપતા હતા, "કેમ કે જો કોઈ માણસ પોતાના ઘરનાંને બરાબર રીતે ચલાવી જાણતો નથી, તો તે દેવની મંડળીની સંભાળ કેવી રીતે રાખશે ?"(૧ તિમોથી ૩:૫)

ડૉ. ડેનિયેલ વૃદ્ધ થયા નહિ, ત્યાં સુધી તે પોતાના સાથી સેવકો અને એમસીસી ના અધ્યાપકોને બાઈબલ અભ્યાસ તથા સંગત કરવા માટે હમેશાં આવકારતા હતા. તેમનાં સલાહસૂચનો તથા ઉત્તેજન ઝંખતા સર્વ લોકોને માટે તેઓ ફોન દ્વારા પ્રાર્થના કરીને તેઓને ઉત્તેજન આપતા હતા.

૪ થી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ તેઓ પ્રભુની સાથે સકાદાળ રહેવા માટે ચાલ્યા ગયા. બીજે દિવસે સીએસઆઈના સેન્ટ માર્ક્સ ચર્ચ, ચેન્નાઈ ખાતે તેમની દફનવિધિ યોજવામાં આવી હતી, અને તેમને મડંબાક્કમ કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યા હતા.

તેમના અજાયબ જીવન માટે આપણે ઈશ્વરનો આભાર માનીને સ્તુતિ કરીએ. ડૉ. ડેનિયેલના જીવન દ્વારા પ્રેરણા પામેલા સર્વ લોકોને ઈશ્વર આશીર્વાદ આપો, અને આપણે બધા તેમણે આપણી સમક્ષ મૂકેલા ઉત્તમ નમૂનાને અનુસરવાનો પ્રયાસ કરીએ.

માહિતી : (**શ્રી. જે. એસ.એ. જુલિયસ,** આઈઆરએસ (નિવૃત્ત), યુઈએસઈના ભુતપૂર્વ પ્રેસીડેન્ટ અને ડૉ. જેટીકે ડેનિયેલના નાના ભાઈ)

**- રેવ.ડૉ. ઈ. રાજન**

# વડોદરામાં નાતાલનાં ગીતોનો કાર્યક્રમ



તા. ૮મી ડિસેમ્બર ૨૦૨૧, બુધવારનો દિવસ હતો. પશ્ચિમ દિશામાં સૂર્ય તેના રાતા રંગનાં કિરણો ફેલાવી રહ્યો હતો. ઠંડી લહેર ધીરે-ધીરે પ્રસરી રહી હતી. વડોદરા ખાતેનું સેંટ જેમ્સ ચર્ચ સીરીયલ લાઈટો અને અન્ય ક્રિસમસ ડેકોરેશનથી ઝગમગી રહ્યું હતું. આ સાંજનો સમય વિશેષ સમય હતો. એફએમપીબી દ્વારા પ્રથમ વખત યોજવામાં આવેલો આ નાતાલનાં ગીતોની રજૂઆત કરવાનો કાર્યક્રમ હતો.



સાંજના સાત વાગે સભ્યો, દાતા મિત્રો અને બાળકો પોતાનાં કુટુંબો સાથે પ્રભુમંદિરમાં આવવા લાગ્યા હતા. ગિટારીસ્ટ, ઓર્ગેનીસ્ટ અને ડ્રમરે પોતાના વાજિંત્રો ચકાસવાનું શરૂ કર્યું હતું. શ્રીમતિ પ્રભાએ સાંજે સાત વાગે પ્રારંભિક પ્રાર્થના સાથે નાતાલનાં





ગીતોના કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. તામિલ આલ્ફા ચર્ચ, વડોદરા ગાયકગણે નાતાલનાં ગીતો કર્ણપ્રિય સ્વરમાં ગાવાનું શરૂ કર્યું હતું. નાતાલના ગીતે ક્રિસમસના વાતાવરણને ભરી દીધું હતું. મહેમાનોને ગુલાબનું ફૂલ આપીને તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. એ પછીથી ખાસ બાઈબલ વાંચનો કરવામાં આવ્યાં



હતાં. એફએમપીબી, ચેન્નાઈના ભૂતપૂર્વ ફાઈનાન્સ સેક્રેટરી રેવ. એન. આશીર્વાદમે નાતાલનો સંદેશો રજૂ કર્યો હતો.

નાતાલના સંદેશા પછી, ક્વાંટ સેવા ક્ષેત્રમાંથી આવેલા આપણાં વિશ્વાસીઓ અને સુવાર્તિકોએ ખાસ પ્રકારનો સાંસ્કૃતિક કાર્યક્રમ અને નૃત્યો રજૂ કર્યાં હતાં. આપણા ડુંગરા ભીલ વિશ્વાસી રમણભાઈએ પોતાની સાક્ષી રજૂ કરી હતી.



રેવ. રાજાદુરાઈના સેવાકાર્યની એક નાની વિડીયો ક્લીપ પ્રદર્શિત કરવામાં આવી હતી. ચૌધરી ભાષામાં બાઈબલનું ભાષાંતર કરનાર શ્રી ક્રિસ્ટોફર થોમસે ક્વાંટ સેવાક્ષેત્રમાં વસનાર



ડુંગરા ભીલ લોકજૂથ મધ્યે સેવા કરનાર શ્રીમતિ બેથસેબા અને રેવ. રાજાદુરાઈની સેવાઓ સંબંધી ટૂંકમાં જણાવ્યું હતું.

એ પછીથી પાસ્ટર એબેને ક્વાંટ સેવાક્ષેત્રમાં ડુંગરા ભીલ લોકો મધ્યે થઈ રહેલાં સેવાકાર્ય માટે પ્રાર્થના કરાવી હતી. આપણા બધા ડુંગરા ભીલ વિશ્વાસીઓ અને સુવાર્તિકોને ભેટો આપવામાં આવી હતી. દાનાર્પણની સેવા અગાઉ રેવ. ટી. ડેવીડ રાજાસિંઘે એફએમપીબીમાં નાતાલની ભેટનું મહત્ત્વ શા માટે છે, તેનું ટૂંકમાં વર્ણન કર્યું હતું. નાતાલની ભેટ આપણા મિશનરીઓ અને સુવાર્તિકોને કેવી રીતે મદદ કરે છે, એ બાબત તેમણે સમજાવી હતી. લોકોને જ્યારે મિશનરીઓ માટે નાતાલની ભેટો આપવાનું જણાવવામાં આવ્યું ત્યારે તેઓએ રાજીખુશીથી મિશનરીઓને નાતાલની ભેટો આપી હતી. આપણા સભ્યોએ ક્વાંટ સેવાક્ષેત્રોના સુવાર્તિકો અને વિશ્વાસીઓને ચાદરો, સ્વેટર્સ, નવાં વસ્ત્રો અને ખાસ દાનાર્પણો આપ્યાં હતાં. લોકોને ઉદારતા અને ખુશીથી આપતાં નિહાળવા એ ખરેખર નવાઈ પમાડે એવી બાબત હતી. બધાં જ





સભ્યોને એફએમપીબી કેલેન્ડરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રેવ. રાજાદુરાઈએ આભારદર્શન કર્યું હતું. ગાયકગણે મધુરકંઠે નાતાલની શુભેચ્છા પ્રગટ કરતું ગીત ગાયું હતું. જેનાથી લોકો નાતાલના વાતાવરણથી ભરપૂર થયા હતા. રેવ. એન. આશીર્વાદમે અંતિમ પ્રાર્થના કરાવીને આશીર્વચન ઉચ્ચાર્યા હતા. એફએમપીબી વડોદરાની આ એક ઐતિહાસિક ઘટના છે. અમે પ્રથમ વખત આવો કાર્યક્રમ યોજી શક્યા. એ પછીથી નાતાલની સંગત સ્વરૂપે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. બધા લોકો ખુશખુશાલ હતા. બધા લોકો હૃદયના આનંદ અને નાતાલની ખુશી સાથે પોતાના ઘરે પાછા ફર્યા હતા, જેને કારણે એફએમપીબીના મિશનરીઓ અને ડુંગરા ભીલ લોકો તેઓનાં બલિદાનયુક્ત દાનો મારફતે મિશનરીઓને સહાય કરી શક્યા.



1
FEBRUARY
મંગળવાર

*Happy Birthday*

શ્રી બેન્જામીન જ્યોતિ
શ્રી એરોનસિંઘ નાર્ઝરી
શ્રી શંકર એમ.
શ્રીમતિ કાન્તીદેવી શિવશંકર

## જમ્મુ

### આર.એસ.પુરા અને અખનુર :

#### ડેવીડ અય્યાનાર અને મનપ્રીત કૌર

**સ્તુતિ :** બે વ્યક્તિઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં આવી અને ત્રણ ગામડાઓમાં નવેસરથી સુવાર્તા પહોંચાડી. ચાક તલબ ગામના બે કુટુંબો સુવાર્તા ગ્રહણ કરવા તૈયાર છે. સુવાર્તાના પ્રસાર માટે વિશ્વાસીઓ સ્વૈચ્છિક રીતે જોડાય છે. અગ્ર ચાક ગામના વાસન લાલને લીવરના ઈન્ફેકશનમાંથી ઈશ્વરે સાજાપણું આપ્યું. કોટલી ગામની મીરા દેવીને પ્રાર્થના દ્વારા અશુદ્ધ આત્માના બંધનમાંથી છુટકારો પ્રાપ્ત થયો.

**પ્રાર્થના :** સમસ્ત ભગત અને બટવાલ સંપ્રદાય સુધી સુવાર્તા લઈ જઈ શકીએ માટે. જે નવા વિસ્તારોમાં સુવાર્તા પ્રસારિત કરી છે, ત્યાં અમારા સેવાકાર્યને સહાય કરવા નવી વ્યક્તિઓ આગળ આવે માટે. કુલીઅન સંપ્રદાયના સુવાર્તા વિરોધીઓ જેઓ અમને નવા ગામોમાં પ્રવેશતા અટકાવે છે તેઓના પશ્ચાતાપ માટે. ગામના સરપંચો જેઓ આપણા વિશ્વાસીઓને તેઓના વિશ્વાસનો ત્યાગ કરવા દબાણ કરે છે તેઓના તારણ માટે. વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ ફરીથી વિશ્વાસમાં સ્થાપિત થાય માટે. બદયાલ ગામના વ્યક્તિ પવનને વાઈ આવવી અને હૃદયરોગ અને અગ્ર ચાક ગામના અશ્વિનીકુમારને અંધાપામાંથી સાજાપણું મળે માટે પ્રાર્થના કરો. અગ્ર ચાક ગામના લક્ષ્મણ, સુરેશ અને સબ્બી લાલને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે માટે.

## હિમાચલ પ્રદેશ

### કરસોગ :

#### સુમિતકુમાર તરીયાની અને થન્ગચીબેની

**સ્તુતિ :** આ વિસ્તારમાં અમને ચાર નવા સંપર્કો મળ્યા. રિક્કી વિસ્તારમાં ઈશ્વરે અમારા ‘સીકર્સ કેમ્પ’ અને ‘બીલીવર્સ કેમ્પ’ને આશીર્વાદિત કર્યા. કરસોગ વિસ્તારમાં વિરોધો વચ્ચે અમારા સેવાકાર્યને ફરીથી શરૂ કરવા ઈશ્વરે અમને સામર્થ્ય પુરૂ પાડ્યું. રિક્કી અને ગ્રામીણ વિસ્તારોમાં નવેસરથી નાના પ્રાર્થના સમૂહો તૈયાર કરવામાં આવ્યા. અઠવાડીક પ્રાર્થના અને બાઈબલ અભ્યાસ જુથ કોઈપણ મુશ્કેલિ વિના નિયમિત રીતે એકઠાં મળે છે.

**પ્રાર્થના :** આપણી વિશ્વાસી બહેન ચંદ્રકાંતા કે જે અમારા સેવાકાર્યને મદદરૂપ થાય છે તેમના માટે. સુવાર્તા પ્રચાર કરતી ટીમની આત્મિક વૃદ્ધિ માટે. અમારી વિશ્વાસી બહેન અંજલિના સસરા કે જેઓ દારૂ પીવે છે અને સમસ્યા ઊભી કરે છે તેમના પસ્તાવા માટે. ત્રણ વ્યક્તિઓ કે જેઓ પ્રભુ પરના વિશ્વાસની સાક્ષી આપવા તૈયાર થઈ રહ્યા છે તેઓની આત્મિક વૃદ્ધિ માટે.

**2 FEBRUARY**
**બુધવાર**

*ઉપવાસ સહિતની પ્રાર્થના*

## *Happy Birthday*

શ્રી આર્થર જેબરાજ
શ્રી પ્રભાકર એન.
શ્રીમતિ વસંતરાની જ્યોર્જ
શ્રીમતિ રોશીલા મોચાહરી
શ્રીમતિ જોયસ શોભના પોન ઓગસ્ટીન
શ્રી માર્કુસ માલ્ટો આર.
શ્રીમતિ માનીનિ બેર્બાતા આસ્તાબન
શ્રી જોસેફ કીરૂબાગરન

## રેકોન્ગ પિઓ :

### પપલુ પરસેઠ અને કલ્પના મલ્લિક

**સ્તુતિ :** સાત વ્યક્તિઓ ઈસુ ખ્રિસ્ત દ્વારા ઉદ્ધારની વાત જાણીને વિશ્વાસમાં આવ્યા અને ૪ ગામોમાં નવેસરથી સુવાર્તા લઈ જઈ શક્યા. ઈશ્વરે ‘બિલીવર્સ કેમ્પ’, ‘યુથ કેમ્પ’, ‘ચિલ્ડ્રન કેમ્પ’ અને ‘સોલ વિનર્સ કેમ્પ’ને તેમના મહિમાને અર્થે આશીર્વાદીત કર્યા. લીલાકુમારી, યોગિતા, સુમિત્રા, કમલ દાસ, ભંગસુંદર અને કુલબંત સુવાર્તા ગ્રહણ કરવા તૈયાર છે. કેટલીક કૌટુંબિક સમસ્યાઓને કારણે બિન્દેશકુમારીએ ઝેર પીધું હતું તેના જીવનને ઈશ્વરે ચમત્કારિક રીતે બચાવ્યું.

**પ્રાર્થના :** જે લોકો સુધી સુવાર્તા પહોંચી નથી તેમના સુધી સુવાર્તા પહોંચાડવાના બોજ સાથે વિશ્વાસીઓ આગળ આવે માટે. ભંગસુંદર, કુલબંત, અમનદીપ અને અમનજીત કે જેઓ ઉત્સાહપૂર્વક ઈશ્વરનાં વચનો સાંભળે છે તેઓના તારણ માટે. રાજપુત, ઠાકુર, બ્રાહ્મણ, સુનાર, લુહાર, ચમાર, તીબેટીયન, તમંગ અને શેરપાહ (નેપાળી) લોકો કે જેઓ મધ્યે અમારું સેવાકાર્ય ચાલે છે તેઓમાં પ્રગતિ થાય માટે. દેવ સીંગ અને કરણના પરિવારો કે જેઓ અમારી સાથે સેવાકાર્ય કરવા આગળ આવ્યા છે તેઓની આત્મિક વૃદ્ધિ માટે. ઈશ્વર અને સુંદર કે જેઓ અનિષ્ટ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા છે તેઓના તારણ માટે.

## વિશ્વાસ પ્રદર્શિત થાય છે !

હિમાચલ પ્રદેશમાં રામપુર સેવા ક્ષેત્રમાં, બૌદ્ધ ધર્મમાંથી આવનાર દોલમા હેઈલ્સે ફેસબુક પર જોયેલા વીડીયો સંદેશા દ્વારા ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો અને છેલ્લા બે મહિનાથી તેઓ અમારી ભક્તિસભામાં હાજરી આપી રહ્યા હતા. તેણી રામપુર બુશહરમાં એક નાનકડી ચાઈનીઝ ફાસ્ટ-ફુડ રેસ્ટોરન્ટ ચલાવી રહ્યા છે. તેણીએ રેસ્ટોરન્ટમાંથી ખ્રિસ્તી વિશ્વાસને અડચણરૂપ થતા તમામ ફોટાને દૂર કર્યા. તેણીનાં બાળકો તે વિશે નિરાશ હતાં અને ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરવા બદલ તેઓએ તેણીનો અસ્વીકાર કર્યો. તેઓએ તેણીને રેસ્ટોરન્ટના વ્યવસાયમાં પણ મદદ કરવાનો ઈનકાર કર્યો. પરિવારના વિરોધ અને નિઃસહાય પરિસ્થિતિ વચ્ચે પણ તેણી ઈશ્વરપિતા પરના વિશ્વાસમાં દ્રઢ રહી. તેણી દ્રઢપણે માને છે કે ઈશ્વરપિતા તેણીના મદદગાર અને આશરો છે અને તેણીએ તેનો વ્યવસાય અને ઈશ્વરપિતા પરનો વિશ્વાસ બંને ચાલુ રાખ્યા. પ્રભુની સ્તુતિ થાઓ.

**3**
**FEBRUARY**
**ગુરૂવાર**

*Happy Birthday*

શ્રીમતિ મુરૂગામ્મલ એસ્તેર આલ્બર્ટ પ્રભાકરન

# પંજાબ

## બુધલાડા :

### સંજીબ આનંદ અને પ્રસ્તુતા

**સ્તુતિ :** બે વ્યક્તિઓ પ્રભુ ઈસુના વિશ્વાસમાં આવી અને ૩ ગામોમાં નવેસરથી સુવાર્તા પહોંચાડવામાં આવી. મુનાક વિસ્તારના આપણા પ્રવાસી વિશ્વાસી રોહી રામે કાર્યસ્થળે ભયંકર મુશ્કેલીઓનો સામનો કર્યો અને સહીસલામત ઘરે પાછા ફર્યા. અમારા ત્રણ વિશ્વાસીઓ મનપ્રીત, લવપ્રીત અને જાસ્મીને પંજાબ પોલીસની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી. અમારા શોધકમિત્ર વકીલ કુટુંબને ઈશ્વરે બાળકરૂપી આશીર્વાદ આપ્યો અને તેઓ ઈશ્વર પરના તેમના વિશ્વાસની સાક્ષી આપવા તૈયાર છે. તોહાના વિસ્તારના બીટુ સિંગ અને તેની પત્ની પરમજીત કૌરને ટાઈફોઈડમાંથી ઈશ્વરે સાજાપણું આપ્યું.

**પ્રાર્થના :** ઈશ્વર ખાસ સત્સંગને આશીર્વાદીત કરે અને ઘણા બધા લોકો ખ્રિસ્તનો સ્વીકાર કરે માટે. દોધાડા, પાધડા, રાલ્લી, કનકવાલ અને સિરસીવાલ ગામોમાં આમારા સેવાકાર્યની વૃદ્ધિ માટે. ભવાનીગઢ પ્રભુમંદિર વિરૂધ કોર્ટમાં કેસ ચાલે છે તેની સોહાર્દપૂર્ણ રીતે પતાવટ થાય માટે. કિપા અને સેવક પરિવારોમાં શાંતિ પ્રવર્તે માટે. સેવકને હાડકાના ફ્રેક્ચરમાં અને માખનને જાંઘની ઈજામાંથી સાજાપણું મળે માટે. આપણા વિશ્વાસીઓ રાકેશ, મોના, ગીતા અને જસીને યોગ્ય જીવનસાથી મળે માટે.

# હરિયાણા

## બરવાલા :

### બાબુભાઈ અને સરસ્વતી

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ ચાર નવા ગામોમા સુવાર્તા પહોંચાડવાની કૃપા કરી. ઈશ્વરપિતાએ સનીયાના વિસ્તારમાં પ્રભુમંદિરના બાંધકામ માટે જમીન પુરી પાડી. ઈશ્વરપિતાએ ગઈબીપુર વિસ્તારના પોલીબેનને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્ત કર્યા. ગઈબીપુરના રાજુભાઈને વારંવાર થતા માથાના દુઃખાવામાંથી પ્રાર્થના દ્વારા સાજાપણુ પ્રાપ્ત થયું.

**પ્રાર્થના :** અગલીબેનના પરિવારમાં શાંતિ સ્થપાય માટે. લલીતાબેનને અશુદ્ધ આત્માના બંધનમાંથી છુટકારો મળે તે માટે. ખ્રિસ્ત પરના વિશ્વાસમાં નબળા પડેલા સુભાષ અને બબલીભાઈ વિશ્વાસમાં પાછા આવે તે માટે. શેડી, શનીયાના, ચમારખેડા, બગાના અને બદાદ ગામોનાં દ્વાર સુવાર્તા માટે ખુલ્લાં થાય તે માટે.

# 4 FEBRUARY
શુક્રવાર

*Happy Birthday*

શ્રી જેબાકુમાર પેરિયાસામી

## કલનવાલી :

### વિજયકુમાર અને જેબાલા

**સ્તુતિ :** નાટક, સ્કીટ અને વીડીઓ શો દ્વારા શુભ સમાચાર પ્રગટ કરવા ઈશ્વરપિતાએ અમને સામર્થ્ય પુરૂં પાડ્યું અને ૫૦૦ થી વધુ વ્યક્તિઓ ઈસુ ખ્રિસ્તના પ્રેમ વિશે જાણી શક્યા. વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ બીમલાનું કુટુંબ અને જગજીતસીંગ કોલોનીના કુલવિન્દર હવે ભક્તિસભામાં હાજરી આપી રહ્યા છે.

**પ્રાર્થના :** નવા લોકો કે જેઓએ સુવાર્તા સાંભળી છે તેઓને માટે. કલનવાલી વિસ્તારની બહેન રીનાને છાતીની ગાંઠમાંથી અને મોતીરામને કિડનીની બિમારીમાંથી સાજાપણુ મળે માટે. દાબવાલી વિસ્તારની બહેન મુસકાનને અશુદ્ધ આત્માના બંધનમાંથી છુટકારો મળે માટે. ગુરદિત્તા સિંઘના પરિવારમાં શાંતિ સ્થપાય તે માટે.

## હરિયાણા વિસ્તાર :

### બીભાબા પાની અને બીથીકા

**સ્તુતિ :** રાનીઆ ઉપકેન્દ્ર વિસ્તારના અમારા સુવાર્તિક નવજોતને ઈશ્વરપિતાએ બાળકના દાન દ્વારા આશીર્વાદીત કર્યા. ફતેહાબાદ વિસ્તારના અશોકનગર ચર્ચના ધાબાનું કામ સફળતાપૂર્વક પૂર્ણ થયું.

**પ્રાર્થના :** મિસાસી લોકસમુહના વિશ્વાસીઓ ઈશ્વર પરના વિશ્વાસમાં દ્રઢ બની રહે એ છે માટે. ઓડ રાજપુત, રાય શીખ, બાલમુકી અને નાઈ લોક સમુહમાં આત્મિક જાગૃતિ આવે માટે. સામાજીક અને શૈક્ષણિક પદ્ધતિમાં બદલાવ આવે કે જે સમાજની ઉન્નતિનો માર્ગ ઈશ્વર મોકળો કરે માટે. લોકો કાળા જાદુની અંધશ્રદ્ધાપૂર્ણ માન્યતામાંથી બહાર આવે માટે. ઈશ્વર સંત નગર અને કાઈથલ ગામોમાંના સેવાકાર્યને આશીર્વાદીત કરે, એ માટે. ક્રિચ્ચા સેવાક્ષેત્રના વિશ્વાસીઓ વિરોધો મધ્યે મક્કમતાથી ટકી રહે અને ડેરેડેમ વિસ્તારના પ્રભુમંદિરનું બાંધકામ વિરોધો વચ્ચે સરળતાથી આગળ વધે માટે. ઓડ અને રાજોન્ડ વિસ્તારોમાં પ્રભુમંદિરના બાંધકામનું અને ગેબીપુર અને મતાના વિસ્તારના પ્રભુમંદિરના કમ્પાઉન્ડની દીવાલોના બાંધકામનું કાર્ય પૂર્ણ થાય માટે. સાહુ સનીઆન, અબુશહર, બુહુના અને કુશુમ્ભી ગામોમાં પ્રભુમંદિરના બાંધકામ માટે જમીન મળે માટે.

## તોશામ :

### જ્હોન ડેવીડસન

**સ્તુતિ :** છ વ્યક્તિઓ ખ્રિસ્તી વિશ્વાસમાં આવ્યા. દયા, ભોજરાજ અને બીરેન સુવાર્તા સ્વીકારવા તૈયાર છે. આપણી મંડળીના વડીલો બાલાવાસના સુભાષ, બીરેનના પવન, ભોજરાજની કલા મંડળીની પ્રવૃત્તિઓમાં ખુબ જ સક્રિય છે. શુંગારપુર અને પંજોખરા ગામોમાં ઈશ્વરે નવા સંપર્કો મેળવી આપ્યા.

**પ્રાર્થના :** બાલાવાસના રાજપાલને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે માટે. જીંદની સંગતમાં આત્મિક જુવાળ ફેલાય માટે. ગોવિંદ સિંગને હરસ-મસાના દર્દમાંથી અને ધુપ સિંગને ન્યુમોનિયાની બીમારીમાંથી સાજાપણું મળે માટે. બાલાવાસ ગામની ફુલોદેવીને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળે માટે.

**5**
**FEBRUARY**
**શનિવાર**

*Happy Birthday*

શ્રીમતિ અર્પુતમ સેલ્વી વિજય
શ્રી દૈવનાયગમ સેમ્યુઅલ
શ્રીમતિ અનુગામી એક્કા જાહર સાઈ
શ્રી વેંકટ પ્રવીણકુમાર

## ઉત્તરાખંડ

### કિચ્ચા :

### થાંગવનસંગ અને ચિંખનમાઘ

**સ્તુતિ :** નવા બે ગામોમાં સુવાર્તા લઈ જઈ શક્યા. યુથ કેમ્પ અને બાળકોના કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવા ઈશ્વરે અમને સામર્થ્ય પુરૂં પાડ્યું. નવી બે વ્યક્તિઓ અમારા સેવાકાર્યના સંપર્કમાં આવી. પરમજીતને અશુદ્ધ આત્માના બંધનમાંથી ઈશ્વરપિતાએ મુક્ત કર્યા. અમારા વિશ્વાસી ભાઈ અતર સિંગને તેમની આજીવીકા માટે નોકરી પ્રાપ્ત થઈ.

**પ્રાર્થના :** ગુરમેજ કૌરને લીવરના ઈન્ફેક્શનમાંથી સાજાપણુ મળે માટે. આપણા વિશ્વાસી ભાઈ સુરન સિંગને યોગ્ય નોકરી પ્રાપ્ત થાય માટે. શરાફજીતને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય માટે. અમારી આગામી મુખ્ય આગેવાનોની મીટીંગ આશીર્વાદિત થાય માટે. અવરોધો વચ્ચે પણ વિશ્વાસીઓ વિશ્વાસમાં મજબુત બને માટે.

### દિનેશપુર :

### રામાસામી જેરોમ અને એન્ટોની રાજમ

**સ્તુતિ :** બે ગામોમાં નવેસરથી સુવાર્તા લઈ જઈ શક્યા. રાજા કોલોનીમાં મીટીંગનું આયોજન કરવા ઈશ્વરે અમને સામર્થ્ય પુરૂં પાડ્યું. તેજ ફૌજ ગામની નિશાના પરિવારમાં શાંતિનું વાતાવરણ બની રહે. દીમરી બ્લોકના મોરીરામને આંખની તકલીફમાંથી, બલજીતને કિડનીની અને નઈ બસ્તી ગામના સોમાને પાંડુરોગ (એનીમીયા)ની તકલીફમાંથી સાજાપણું મળ્યું. મુકેતપુર ડેરા ગામના ગુરપ્રીતને ઈશ્વરે બાળકરૂપી આશીર્વાદ આપ્યો.

**પ્રાર્થના :** તેજ ફૌજ ગામના કિરનનું પરિવાર મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે તેમના પરિવારમાં શાંતિ પ્રવર્તે માટે. તેજ ફોજ ગામની સુનિતાની સલામત પ્રસૂતિ માટે. આપણા શોધકમિત્રો દૈનુમ્બર, કુંતીદેવી, પવન અને અમનને યોગ્ય નોકરીઓ પ્રાપ્ત થાય માટે. સૈદાલીગંજ ગામના મકદયાલ સિંગને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે માટે. ઉજૈનના તારણ માટે. વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસી દવલાડ ગંજના સોનુ ફરીથી વિશ્વાસમાં સ્થાપિત થાય માટે.

### નાનક મટ્ટા :

### શિવકુમાર અને સુશીલા મારક

**સ્તુતિ :** નવ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. દેયારી ગામના નવા ત્રણ પરિવારો આપણી ભક્તિસભામાં હાજરી આપે છે. દેયારી ગામના અવિનાશ અને કલ્યાણપુરના પદમને ઈશ્વરપિતાએ અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્ત કર્યા.

**પ્રાર્થના :** સ્લમ નગરના વીરસિંગને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે માટે. સતવિંદર સિંગને કાયમી ડાયાબીટીશ અને રતનફારમ ગામની વિમલા કરેને સખત શરદીમાંથી સાજાપણું મળે માટે. દેયારી ગામની સુખિંદર કરેની સલામત પ્રસૂતિ માટે.

6
FEBRUARY
રવિવાર

*Happy Birthday*

શ્રીમતિ પેટ્રિશિયા તામિલ સેલ્વી કુમાર
શ્રી હામોમ નબા સિંઘ

## મલધાનચૌર :

### શીશુપાલ અને અનિતા

**સ્તુતિ :** ત્રણ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. પતરામપુરની રવિવારની ભક્તિસભા સારી રીતે ચાલી રહી છે. થારી વિસ્તારમાં પ્રભુમંદિર માટે કાયદેસર સ્વરૂપે જમીન રજીસ્ટર્ડ થઈ છે. પોહેશપુરદમ ખાતે પ્રભુમંદિરના બાંધકામનું કાર્ય પૂર્ણ થયું છે અને અર્પણ માટે તૈયાર છે.

**પ્રાર્થના :** આપણા સેવાકાર્યના વિકાસ અર્થે સુવાર્તિક નીમવા માટે. ભાઈ બન્સના મુંગાપણામાંથી સાજાપણુ મળે માટે. જુવાન વિશ્વાસીઓની આત્મિક વૃદ્ધિ માટે.

## રાજસ્થાન

## શ્રી ગંગાનગર :

### વી. કુમાર અને પેટ્રીસીઆ

**સ્તુતિ :** એક ગામમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. ૩એનએમ ગામમાં થયેલા સેવાકાર્યને ઈશ્વરે આશીર્વાદિત કર્યું અને નવા સંપર્કો થયા. માજીવાલા વિસ્તારના અમારા નવા વિશ્વાસી જશવંતે તેના પાડોશીઓને તેની સાક્ષી આપી અને ઘણા નવા સંપર્કોને ખ્રિસ્તમાં લાવી રહ્યા છે.

**પ્રાર્થના :** એસએસબી કોલોનીના આપણા નવા વિશ્વાસીઓ સાજન, રેણુકા ગામના અંકોરાજ, એથરામ અને રૂપરામ કે જેઓ નિયમિત બાઈબલ વાંચન કરે છે તેમના તારણ માટે. આપણા વિશ્વાસી ૨૦ઝેડ ગામના મનદીપ અને ફણી ગામના શૈલજાને યોગ્ય નોકરીઓ પ્રાપ્ત થાય માટે.

### શું તેઓ દૂતો હતા !

મધ્યપ્રદેશના નેપાનગર સેવાક્ષેત્રમાં, ૬૫ વર્ષીય નિંગવાલ બાબા ખુબ જ ગંભીરપણે બીમાર હતા. એક અઠવાડિયાથી તેમણે ખોરાક લેવાનું બંધ કરી દીધું હતું. તેમની પત્ની, બાળકો અને સગાસ્નેહીઓ દુ:ખી હતાં અને વિચારતાં હતા કે તે મૃત્યુ પામશે. એક દિવસ, ઘરમાં તેમની માંદગીની પથારીમાં, તે એકલા જ પડેલ હતા. ઘરમાં કોઈ ન હતું. બધા જ તેમની રોજની મજુરીએ ગયા હતા. તેમણે અમારા સ્વયંસેવક કૈલાશ અને તેની પત્ની લલીતાને તેમના માટે પ્રાર્થના કરતા જોયા. અચાનક તેમને થોડુંક સારું ફીલ થવા લાગ્યું. તેથી નિંગવાલ બાબા તેમનો આભાર માનવા અને આવજો કહેવા બહાર આવ્યા. પરંતુ તેમના આશ્ચર્ય વચ્ચે, તેમને તેમના ઘરની બહાર કોઈ દેખાયું નહિ. તે દિવસથી તેમના સ્વાસ્થ્યમાં સુધારો થવા માંડ્યો અને હવે તે એકદમ તંદુરસ્ત છે. પાછળથી જ્યારે તે શ્રી કૈલાશ અને તેની પત્નીને મળ્યા, ત્યારે તેમણે તે દિવસે તેમના ઘરે આવવા અને તેમના માટે પ્રાર્થના કરવા માટે તેઓનો આભાર માન્યો. તેઓએ કહ્યું તેઓએ તો તે દિવસે તેમની મુલાકાત લીધી ન હતી. જેમણે નિંગવાલ બાબાની મુલાકાત લીધી હતી અને સાજાપણું આપ્યું હતું એ તો ઈશ્વરપિતા હતા. પ્રભુનો મહિમા થાઓ.

**7**
**FEBRUARY**
**સોમવાર**

*Happy Birthday*

શ્રી દુરાઈસામી કે. ફ્રાન્સીસ
શ્રી પ્રશાંત મિશલા
શ્રીમતિ પદ્માવતી નારાયણ નાયક
શ્રીમતિ ધનપુષ્પમ એરૂલરાજ
કુ. હેલન મરિયમ આર.

## પૅઓટા :

### સત્યપ્રકાશ અને અંજના મસીહ

**સ્તુતિ :** એક ગામમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. બાઈબલ અભ્યાસ કાર્યક્રમ અને કોટેજ મીટીંગોએ આપણા વિશ્વાસીઓને ઈશ્વરપિતામાં વૃદ્ધિ પામવામાં સક્ષમ કર્યા. કોટપુતલીના રાજેન્દ્રને કાયમી તાવમાંથી પ્રાર્થના દ્વારા સાજાપણું પ્રાપ્ત થયું.

**પ્રાર્થના :** સુવાર્તાના વિરોધીઓના પસ્તાવા માટે કે જેઓ અમારા સેવાક્ષેત્રમાં ખુબ જ સક્રિય છે. ભુચીડા કોલોનીના રાજવાડા મનપુરા ગામના કરનને અશુદ્ધ આત્માના બંધનમાંથી છુટકારો પ્રાપ્ત થાય માટે. સતનાલીની સુમિત્રાને કેન્સરની બીમારીમાંથી સાજાપણા માટે.

## અનુપગઢ :

### બોદાર અમૃત અને સુવેરા મારથા

**સ્તુતિ :** એક વ્યક્તિ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં આવી અને એક ગામમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. ૨૫ીજીએમ અને ૩૬જીબી ગામોમાં નવા વર્ષની ભક્તિસભાને ઈશ્વરે આશીર્વાદિત કરી. મનપ્રીતને પગના દુખાવામાંથી અને બાબુને કાયમી ખાંસીમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું. આપણી વિશ્વાસી સ્નેહાએ ખ્રિસ્તી રીતરિવાજથી લગ્ન કર્યા.

**પ્રાર્થના :** સખી, સમેજા કોઠી, ખોખરવાડી, ૪૩જીબી અને વિજયનગર વિસ્તારોમાં સત્સંગ કાર્યક્રમોને અને દાંતોર, ૪એલએસએમ, ૧૫એસએસ અને ૩૪એચડી વિસ્તારોની રાત્રિ મીટીંગોને આશીર્વાદિત કરે માટે. નિકા સિંગને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે માટે. દરેક ગામમાં પ્રાર્થના જુથો રચાય માટે. મનપ્રીતના પરિવારના તારણ માટે.

### સતત પ્રાર્થના આશીર્વાદો લાવે છે !

મધ્યપ્રદેશમાં નેપાનગર સેવાક્ષેત્રમાં, ૨૦૨૦ની ચોમાસાની ઋતુમાં, શીવનાથના પરિવારમાં પાકની કાપણી ખુબ જ ઓછી થઈ હતી. વર્ષ ૨૦૨૧ની શરૂઆતમાં પરિવારે ઘણા સંઘર્ષો વેઠ્યા. શીવનાથની પત્ની મન્ત્રીના ગર્ભાશયમાં ગાંઠ હોવાથી સર્જરી કરાવવી પડી. તેમની પાસે પૈસા ન હોવાથી તેમણે તેમની બાઈકને ગીરવે મુકી. પહેલેથી જ તેમને દેવું હતું અને તેમની જમીન પણ ગીરવે મુકી હતી. પરંતુ તેઓ પ્રાર્થના કરતા હતા અને સતત પ્રભુમાં વૃદ્ધિ પામી રહ્યા હતા. આ વર્ષે ચોમાસામાં તેઓએ પુષ્કળ કાપણી કરી. તેઓએ તેમની બાઈક અને જમીન છોડાવ્યા અને હાથ પર વધારાના પૈસા રહ્યા. પ્રભુની સ્તુતિ થાઓ. આની પહેલા, પતિ અને પત્ની રોજમદારી માટે શહેરોમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા. હવે તેઓ તેમના ગામમાં તેમની જમીન પર ઘઉંની કાપણીમાં જોતરાયા છે. હાલેલુયાહ !

**8**
**FEBRUARY**
**મંગળવાર**

*Happy Birthday*

શ્રી સીબી સેલ્વીન સામ
શ્રીમતિ ગાવિત સુનીતાબેન રાશ્યાભાઈ
શ્રીમતિ રેખા ચાંપિયા

# ઉત્તર પ્રદેશ

## ઘાટમપુર :

### જંગ ખોલુન તાહીથાંગ અને એનગીથીઆન હૌઝેલ

**સ્તુતિ :** પાંચ વ્યક્તિઓ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં આવી અને ૩ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. મંડળીના જાળવણીના કાર્ય અને અન્ય કાર્યક્રમો માટે વિશ્વાસીઓએ તેઓનો ફાળો આપ્યો. આપણા સ્વયંસેવકો સુનિતા, આરતી, રોશની, પ્રિયંકા અને મહિમા સેવાકાર્યમાં ઘણી બધી રીતે સામેલ રહે છે. સુમિતા અને સ્વાતિને જુદી જુદી બિમારીઓમાંથી ઈશ્વરે સાજાપણું આપ્યું.

**પ્રાર્થના :** નવા શોધકમિત્રો ઈશ્વરપિતા પરના તેમના વિશ્વાસની સાક્ષી આપવા હિમ્મતપૂર્વક આગળ આવે માટે. સ્થાનિક સુવાર્તિકોની બદલી દરમ્યાન એક સ્થળેથી બીજા સ્થળે સરળતાથી જઈ શકે માટે. સરસૌલ મંડળીના સ્થાનિક સુવાર્તિકના ઘરના નવીનીકરણ માટેની જરૂરિયાતોને પહોંચી વળવા માટે. આપણા નવા શોધકમિત્રો અને વિશ્વાસીઓ કે જેઓ જુદી જુદી બીમારીઓથી પીડાઈ રહ્યા છે, તેઓના સાજાપણા માટે.

## બુંદેલખંડ વિસ્તાર :

### એન. રાજાદુરાઈ અને પ્રેમા

**સ્તુતિ :** સુવાર્તિકો અને સ્વયંસેવકો માટે ૩ દિવસીય તાલીમનું આયોજન કરાયું હતું અને તેઓમાંના ૧૩ ને એફએમપીબીના સિદ્ધાંતો અને નૈતિકતા શીખવવામાં આવ્યા. કેટલાક અવરોધોના કારણે શિવાની પ્રભુમંદિરના કમ્પાઉન્ડની દીવાલના બાંધકામનું કાર્ય ચાર વર્ષ પછી શરૂ થયું હતું. પ્રેમનગરના પ્રભુમંદિરના બાંધકામનું કાર્ય શરૂ થયું અને નામ ટ્રાન્સફર કરવાનું કાર્ય પણ સફળતાપૂર્વક પૂર્ણ થયું. આપણા ઈશ્વરપિતાએ આ મહિને ડાબરા સેવાક્ષેત્ર ખાતે પણ જીપ ટીમ મિનીસ્ટ્રીનું આયોજન કરવામાં સહાય કરી. વધુ એક સ્વયંસેવક ઓરિસ્સાના રાજેશ ટીમના સભ્ય બન્યા.

**પ્રાર્થના :** લોકડાઉન બાદ હોસ્ટેલનાં બાળકો ભીન્ડ ખાતેની હોસ્ટેલમાં પાછા ફરે તે માટે. ઝાંસી, ભીન્ડ અને છીંદવાડાના ચિલ્ડ્રન હોમ્સના છોકરા-છોકરીઓ સારી રીતે પરીક્ષા પાસ કરી શકે અને આપણા ઈશ્વરપિતા તેઓને તમામ પ્રકારનાં જોખમોથી રક્ષા કરે માટે. મોથ સેવાક્ષેત્રના આપણા સુવાર્તિક બાલાદીન કે જેઓને અકસ્માત નડ્યો હતો અને તેમનો હાથ ભાંગી ગયો હતો તેમના સંપૂર્ણ સાજાપણા માટે. ઘણા વિસ્તારોમાં વિશ્વાસમાં સ્થિરતાને કારણે વિશ્વાસીઓની સંખ્યામાં વધારો થાય માટે. ઝાંસીના ચિલ્ડ્રન હોમ માટે જમીનના પ્લાનની મંજુરી માટે.

9
FEBRUARY
બુધવાર

ઉપવાસ સહિતની પ્રાર્થના

*Happy Birthday*

શ્રીમતિ જેસીન્થ જોઆન્ના રામમુનિ પ્રસાદ
શ્રીમતિ દીનાકુમારી બેબાર્તા આશાપ્રાપ્તા
શ્રીમતિ દુર્ગાદેવી @ રૂથ મેરી શંકર એ.

## કરીમગંજ :

### એબેનએઝેર જી. સેમ અને જેબારાની

**સ્તુતિ :** એક વ્યક્તિ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં આવી. રામપુર દબીર ગામના પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ વિશ્વાસમાં પાછા આવ્યા. પૃથ્વી દરવાજા વિસ્તારના અમારા વિશ્વાસી રાનીના પરિવારે તેઓના પાડોશીઓના વિરોધ વચ્ચે તેઓના ઘરના બાંધકામનું કાર્ય પૂર્ણ કર્યું. ગડીયા જગનાથ ગામના ઉર્મિલા મનોજને ઈશ્વરે અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્ત કર્યા. દુબેરા ગામના અમારા વિશ્વાસી બહેન મમતાને ઈશ્વરપિતાએ બાળકરૂપી આશીર્વાદ આપ્યો.

**પ્રાર્થના :** કેમ્પિલ વિસ્તારના અમારા વિશ્વાસી બહેન ફુલનદેવીએ તાજેતરમાં તેમનું બાળક ગુમાવ્યું તેના દિલાસા માટે. ફતેહગઢની રોશનીને ત્રણ વખત ગર્ભપાત થયો છે, ત્યારે ઈશ્વરપિતા તેમને બાળકરૂપી આશીર્વાદ આપે માટે. કાઈલા ગામના આપણા નવા સંપર્ક સંજીવને લકવામાંથી અને પૈઠણ ગામના ફુલમથીને પેટના કેન્સરમાંથી ઈશ્વરપિતા સાજાપણું આપે માટે.

## મધ્યપ્રદેશ

## ધાર :

### કરૂણાકર ગાર્ડા અને ગીતાંજલિ

**સ્તુતિ :** તેર વ્યક્તિઓ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસમાં આવી. કાકરડા ગામના અમારા પ્રવાસી વિશ્વાસી જેઓ ગુજરાતમાં સેવાકાર્ય માટે ગયા હતા, તેઓના સાથી દ્વારા કરવામાં આવેલ ગેરવર્તનને કારણે હાઉસ એરેસ્ટ કરવામાં આવ્યા અને પાછળથી તેઓને પ્રાર્થના દ્વારા મુક્તિ મળી. ધુંડીબદલી ગામમાં નવેસરથી આરાધના ગ્રુપ શરૂ કરવામાં આવ્યું હતું. ભીલાલા સમુદાયના અનિલ વાસકેલે તાજેતરમાં આપણા સેવાકાર્યમાં સ્વયંસેવક તરીકે જોડાયા. ચાર વર્ષની એક બાળકી કે જે ખોવાઈ ગઈ હતી, તે પ્રાર્થના દ્વારા પાછી મળી છે. કાકરડા ગામની જસમાબાઈને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી.

**પ્રાર્થના :** ખ્રિસ્તવિરોધી તત્વોની ધમકીઓ સામે આપણા વિશ્વાસીઓના રક્ષણ માટે. મનવર વિસ્તાર કે જ્યાં સુવાર્તા પ્રચારનું કાર્ય ચાલી રહ્યું છે ત્યાં સુવાર્તા માટે દ્વાર ખુલે માટે. ઈન્દોર અને બાગદી વિસ્તારોમાં નિયમિત રીતે પ્રાર્થના સભાઓ થાય માટે. ધાર ક્ષેત્રના ગામોમાં પ્રાર્થના અને ભક્તિસભા માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાય માટે.

**10 FEBRUARY**
**ગુરૂવાર**

*Happy Birthday*

શ્રી સોલોમોન એ.

## ખંડવા વિસ્તાર :

### આઈઝેક અને સીતા

**સ્તુતિ :** ઈશ્વરના મહિમા અર્થે ખંડવા હોસ્ટેલનું અર્પણ કરવામાં આવ્યું. આપણા દાતામિત્રોની હાજરીમાં પ્રભુમંદિરના બાંધકામ અને અર્પણના કાર્યનું આયોજન હાથ ધરવામાં આવ્યું. બહેન ઝુમકીને ગળાની ગાંઠમાંથી, અજયને કાયમી માંદગીમાંથી, લોકેશભાઈને લોહીની ઉલટીઓમાંથી અને બોરૂત ગામની સુનિતાબાઈને મેલેરીયામાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું. કિડકી ગામના આપણા વિશ્વાસી રડિયારે ખ્રિસ્તી રીતરિવાજથી તેની દીકરીના લગ્નનું આયોજન કર્યું. કાકડ઼ા વિસ્તારની જસમાબાઈને ઈશ્વરે અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્ત કરી.

**પ્રાર્થના :** વિમેન અને યુથ પ્રેયર સેલ કોઈપણ પ્રકારની અડચણ વિના નિયમિત રીતે યોજાય તે માટે. આપણા વિશ્વાસી કરૂણાકરના પરિવાર વિરૂદ્ધના કોર્ટ કેસનો જલ્દીથી સોહાર્દપૂર્ણ નિકાલ આવે તે માટે. નગરસિંઘને પગના સોજામાંથી, સારથાને પેશાબના ઈન્ફેક્શનમાંથી, સલોનીને અકસ્માતમાં થયેલ માથામાં ઈજામાંથી અને પલાસિયા ગામના સામનાથને ટી.બી.માંથી સાજાપણું મળે માટે. આપણા વિશ્વાસી રમેશના પરિવારને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય માટે. બહેન સુનાથા કે જેમણે તેમના પતિને ગુમાવ્યા છે અને બે બાળકોની જવાબદારી તેમના શિરે છે, તેમની આજીવિકા માટે.

## નેપાનગર :

### જુબરાજ બર્ધન અને શીબા જેસ્મિન

**સ્તુતિ :** છ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. માંગીલાલ અને તેમના પત્ની સલીતા તેમનાં બાળકો સાથે મનોજટકીસ ખાતેની ભક્તિસભામાં નવેસરથી હાજરી આપી રહ્યા છે. આપણા સુવાર્તિક સોનારભાઈએ ભૂલથી તેમની બાઈક બકરીના પગ પર ચઢાવી દેતા બકરીનો પગ ભાંગી ગયો હતો જેને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. મંજરોડના આપણા વિશ્વાસી લતાબાઈના ઘરની દીવાલને મેલીવિદ્યા દ્વારા માખીઓથી ભરી દીધી હતી, જે પ્રાર્થના દ્વારા તરત જ ઊડી ગઈ હતી. આપણા વિશ્વાસી બહેન કમલાબાઈને લગ્નનાં ઘણાં વર્ષો પછી બાળકનું દાન મળ્યું. ખ્રિસ્તી વિશ્વાસની વિરૂદ્ધ જુઠા પ્રચાર વચ્ચે નેપાનગર ખાતેનું અમારું સેવાકાર્ય વૃદ્ધિ પામી રહ્યું છે. તુકેઈથડના ભંવરસિંગ અને બામલાભાટના ગેંડાલાલ તેઓની જમીન પ્રભુમંદિરના બાંધકામ માટે આપવા આગળ આવ્યા છે.

**પ્રાર્થના :** આપણા પ્રવાસી વિશ્વાસીઓની સુરક્ષા માટે. આપણા વિશ્વાસીઓ તુકેઈથડના રમેશ બાબા, બદાપુરના દરબારભાઈ અને હીરાફાટાના ગનાભાઈ કે જેઓને ઘણીવાર જુઠા શિક્ષણ દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવ્યા તેમને માટે. વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ ચેનપુરાના દલસિંગ અને પનુબાઈ, પટેલધાનાના શંકર અને મુનીબાઈ વિશ્વાસમાં પાછા ફરે માટે. બિશનભાઈ કે જેઓ દારૂ પીવે છે અને તેમની પત્ની રાજમ કે જેઓ આપણા વિશ્વાસી છે તેમની સાથે દુર્વ્યવહાર કરે છે તેમના પશ્ચાતાપ માટે. વિક્રમ અને ભીમસિંગના પરિવારોને ઈશ્વરપિતા બાળકરૂપી આશીર્વાદ આપે માટે. સાઉન્ડ ગામના ધુમ સિંગ જેઓ આપણા સેવાકાર્યને ઘણી બધી રીતે અવરોધે છે, તેમના પશ્ચાતાપ માટે.

**11**
**FEBRUARY**
**શુક્રવાર**

*Happy Birthday*

શ્રી બિનયકુમાર ગુરુ

## નિવાલી :

### ચન્નામાલ્લપ્પા અને રૂપા

**સ્તુતિ :** છ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. મનસુર વિસ્તારમાં જીસસ ફિલ્મના કાર્યક્રમને ઈશ્વરપિતાએ આશીર્વાદિત કર્યો. ડોન્ગરગાંવ, દીવન્યા, સામન્યા, બુધગાંવ, મોગરીકા અને કાનપુરી ગામોમાં સેવાકાર્ય દ્વારા ઘણા લોકો ખ્રિસ્તના પ્રેમ વિશે પ્રથમ વાર જાણી શક્યા.

**પ્રાર્થના :** કંપાની, પિચોડી અને વાનકડ વિસ્તારોમાંના શોધકમિત્રો પ્રભુપિતા પરના તેમના વિશ્વાસની સાક્ષી આપવા જઈ રહ્યા છે, તેઓની આત્મિક વૃદ્ધિ માટે. ઘોડલ્યાપાનીની સંગત માટે પ્રભુમંદિરના બાંધકામ માટે. ચતાલી ગામના પ્રભુમંદિરના બાંધકામ માટે જમીન પ્રાપ્ત થાય માટે.

## ડાબરા :

### સતીકાંત પારીચા અને સાગરીકા પ્રધાન

**સ્તુતિ :** પાંચ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરી. મંડળીની ઉજવણી દરમ્યાન આવનાર પ્રત્યેક અડચણો અને ધમકીઓને પહોંચી વળવામાં અને આપણા વિશ્વાસીઓને પ્રભુ પરના વિશ્વાસમાં દ્રઢ રહેવામાં ઈશ્વરપિતાએ અમારી સહાય કરી. કિટોન્ડા ખાતેની મંડળીના આગેવાનો પ્રાર્થના દ્વારા એકબીજાની સાથે સમધાન કરીને ભક્તિસભામાં જોડાયા.

**પ્રાર્થના :** દરેક મંડળીમાં વડીલો કાર્ય કરવાની પદ્ધતિની રચના કરે માટે. મિલઘન અને મેઘાઓ આરાધના જુથો વૃદ્ધિ પામે અને ઝડપથી અલગ મંડળી બને માટે. કરચાવતી ગામના ભાઈ જગદીશના તારણ માટે. અગાઉના સુવાર્તિક અને પ્રેમનગરના વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ કે જેઓ આપણા સેવાકાર્યની વિરૂદ્ધ કાર્ય કરી રહ્યા છે, તેઓના પશ્ચાતાપ માટે. આપણા સ્વયંસેવક અતર સિંગ અને સુવાર્તિક મુકેશ કુમારને ઈશ્વરપિતા સામર્થ્યવાન કરે જેથી તેઓ ઘણાઓને ખ્રિસ્તમાં લાવે.

# બિહાર

## અરરિઆહ :

### આનંદન

**સ્તુતિ :** બૈજનાથપુર, થોના, પેકપાર, પુલુકા અને રંગદાહા ગામોમાં ફોલો-અપ સેવાકાર્યને ઈશ્વરપિતાએ આશીર્વાદીત કર્યું. પેકપાર ગામની સન્જન કુમારીને અશુદ્ધ આત્માના બંધનમાંથી ઈશ્વરપિતાએ મુક્ત કરી.

**પ્રાર્થના :** રંગદાહા ગામમાં આરાધના કેન્દ્ર સ્થપાય માટે. પુલુકા ગામના મિથિલેશ કે જેમને પ્રાર્થના દ્વારા અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી તેઓના તારણ માટે. પેકપાર ગામના નાના આરાધના જુથો નિયમિતપણે એકઠા મળે માટે. બૈજનાથપુરની આપણી વિશ્વાસી બહેન રીનાકુમારીને યોગ્ય જીવનસાથી મળે માટે.

## 12 FEBRUARY
શનિવાર

*Happy Birthday*

શ્રી જીવરત્ન બીરો
શ્રી રોંજય નાર્ઝરી

### છત્તાપુર :

### પવાર દીનેશભાઈ અને પવાર ચિલાબેન

**સ્તુતિ :** બે વ્યક્તિઓ ખ્રિસ્તના વિશ્વાસમાં આવી અને બે ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. ઘણા લોકોએ અમારી ભક્તિસભાના ભાગ લેવાનું શરૂ કર્યું. રત્નાપુરાના ધીરૂભાઈએ ઈશ્વરપિતા પરના તેમના વિશ્વાસની સાક્ષી આપી.

**પ્રાર્થના :** ત્રિવેણીગંજ બ્લોક, પીપરા બ્લોક અને સુપાલ વિસ્તારો કે જયાં એમારા સેવાકાર્યનો વિરોધ થઈ રહ્યો છે, ત્યાંના વિશ્વાસીઓ વિશ્વાસમાં દ્રઢ રહે માટે.

## ઝારખંડ

### દામિની :

### જ્હોન પૉલ હેરીસ અને વિમલા ડેઈઝી

**સ્તુતિ :** બે જગ્યાએ વીબીએસનું આયોજન કરવામાં ઈશ્વરપિતાએ અમને સામર્થ્ય પુરૂં પાડ્યું, જેમાં ૬૦ થી વધુ બાળકોએ ભાગ લીધો. પહેલકુડીયા અને લેંગડાગોડ઼ા ગામોમાં સાત વ્યક્તિઓએ તેઓના વિશ્વાસની સાક્ષી આપી. આદ્રાગોડા અને ટોકજડી ગામોમાં ઘણા લોકો સુવાર્તા ગ્રહણ કરવામાં રસ ધરાવે છે. બેડોઈન ગામના વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસી જોહાન માલ્ટો વિશ્વાસમાં પુનઃસ્થાપિત થયા. ગુન્દેગોડા ગામના બહેન મમીથાને વાઈના દર્દમાંથી, ડાંડીકુડીયા ગામના બાર્નાબાસ માલ્ટોને પગના સોજામાંથી અને બતપહાડી ગામના રેવ. ગાબ્રીએલ માલ્ટો - સ્થાનિક સુવાર્તિકની દીકરીને અચાનક આવેલી માંદગીમાંથી ઈશ્વરપિતાએ સાજાપણુ આપ્યું.

**પ્રાર્થના :** ટાટાગેબીટા ગામના ચુચી મેસા કે જેઓ આપણા વિશ્વાસીઓને ખલેલ પહોંચાડે છે તેઓના પસ્તાવા માટે. પહેલકુડીયા ગામના લોકો કે જેઓ નવા વિશ્વાસી ગમાલીએલ માલ્ટોનો વિરોધ કરે છે અને ડાંડીકુડીયા ગામના પરમેશ્વર માલ્ટો કે જે બીજાઓને ખ્રિસ્તને અનુસરતા રોકે છે તેઓને માટે. ગડીમાકો ગામના અબ્રાહમ માલ્ટો અને કુટામુ ગામના માથીઅસ માલ્ટો દારૂના વ્યસનમાંથી મુક્ત થાય માટે. દોનીગોડા ગામના યાકૂબ માલ્ટો જેઓને વાઈના દર્દમાંથી સાજાપણું મળે માટે. બીટાચાપડી ગામના મેસા અને કાથગે, જીર્કબીટાના બૈજનાથ અને ડાડીંકુડીયા ગામના અદીયા કે જેઓ સુવાર્તા ગ્રહણ કરવા રસ ધરાવે છે તેઓના માટે. ખ્રિસ્ત પરના વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ લીલા ધોની ગામના બાર્નાબાસ, ડુમરીકેપુ ગામના મારકુસ, દોનીગોડા ગામના દેવદાસ, કેરૂકુડીયા ગામના મારકુસ અને ડાંડીકુડીયા ગામના જોએલ વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય એ માટે.

13
FEBRUARY
રવિવાર

*Happy Birthday*

શ્રીમતિ સ્ટેલા પ્રભુદાસ
શ્રી સંજીબકુમાર આન્દ્રાપ
શ્રીમતિ કેમ્પુંગ ટાબા ચુચાઓ
શ્રીમતિ વાયોલેટ હંસદા
શ્રીમતિ ગુરપ્રીતકૌર કુલદીપસિંહ
શ્રી બાર્નાબાસ સોરેન

## રામગઢ :

### તિમોથી કુમાર અને મુથુ સેલ્વી

**સ્તુતિ :** દસ લોકોએ પ્રભુ પ્રત્યેના વિશ્વાસની સાક્ષી આપી. ઈશ્વરપિતાએ બે દિવસીય ઉપવાસ સહિતની પ્રાર્થનાને આશીર્વાદિત કરી અને અમારા વિશ્વાસીઓમાંથી ઘણાને આત્મિક રીતે વૃદ્ધિ પામવાનો આશીર્વાદ પ્રાપ્ત થયો. પથરીયા મંડળીએ સ્ટાર મેલાનું આયોજન કર્યું હતું, જે ઘણા બધા માટે પુષ્કળ આશીર્વાદીત થયો.

**પ્રાર્થના :** મંડળીના આગેવાનો તેઓના સભ્યોની આગેવાની કરે એ માટે. સુરેન્દ્ર બેસરા અને રૂબીલાલને માનસિક અસ્થિરતામાંથી સાજાપણું પ્રાપ્ત થાય માટે. સૂચિત પ્રાદેશિક સંમેલન આશીર્વાદિત થાય માટે. પિન્ડરગરિયા ગામની સિભા તુડુ, જામખંડેર ગામના બાબુરામ સોરેન, ડાંગા ગામના સનીરામ બાસ્કી અને લોડા મુરમુ અને પહાડપુરના જટારિયા કે જેઓ અમારા વિશ્વાસીઓની વિરૂદ્ધ મંત્રોચ્ચાર કરે છે, તેઓના પસ્તાવા માટે.બોકવા મંડળીના વિશ્વાસીઓની આત્મિક વૃદ્ધિ માટે.

## સંતાલ ડિસાઈપલશીપ મિનીસ્ટ્રી :

### સુધાહરન અને ફ્લોરેન્સ

**સ્તુતિ :** તીવ્ર ઠંડીની ઋતુ મધ્યે બધા જ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન થઈ શક્યુ. શ્રીમાન જ્યોર્જ દ્વારા ટેલો સેવાક્ષેત્રનાં બાળકોને સુંદર કપડાનું દાન આપવામાં આવ્યું. આપણા વિશ્વાસીઓને ડાંગરની કાપણી દ્વારા સારો પાક પ્રાપ્ત થયો. સંતાલ પશ્ચિમ બંગાળ પ્રદેશમાં બાઈબલ અભ્યાસ અને તાલીમના કાર્યક્રમો નિયમિતપણે થઈ રહ્યા છે.

**પ્રાર્થના :** લાડગંજ ગામના પાઉલસ મરાન્ડીના પિતા તાજેતરમાં અવસાન પામ્યા તેમના પરિવારના દિલાસા માટે. સુલેમાન મરાન્ડીના લગ્ન આશીર્વાદિત થાય માટે. સંતાલ વિસ્તારના અમારા સેવક લુબીન મુર્મુ અને સોલોમી હેન્સડેકના લગ્ન અંગેની સઘળી જરૂરિયાતો પૂર્ણ થાય માટે. પુખ્ત વયનાઓ માટે સાક્ષરતાનો કાર્યક્રમ સફળતાપૂર્વક હાથ ધરાય માટે. ધમધમિયા ક્ષેત્રમાં બાઈબલ અભ્યાસ કાર્યક્રમ શરૂ કરવામાં નડતી અડચણો દૂર થાય માટે.

**14**
**FEBRUARY**
**સોમવાર**

*Happy Birthday*

શ્રીમતિ લાલ નૂન માવી હમાર કીપજેન

## વનાંચલ પ્રદેશ :

### બાઘી સતીશ અને એમ. રત્ના કુમારી

**સ્તુતિ :** ચંદોપાની સેવાક્ષેત્રના સુગીપહરી ગામમાં પ્રથમ વિશ્વાસી તરીકે ફુલકુમારી દેવી પ્રભુઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં આવી. ગોપીચંદ સેવાક્ષેત્રના પાકીડીપરા ગામમાં જમીન વિવાદને કારણે ભક્તિસભાને રોકવામાં આવી હતી, ત્યાં રવિવારની ભક્તિસભાને ફરીથી શરૂ કરવામાં ઈશ્વરપિતાએ અમને સામર્થ્ય પુરૂ પાડ્યું. ગોપીખંડેર સેવાક્ષેત્રની ધમિનીચુવા ગામની મુની રાનીને માથાના કાયમી દુખાવામાંથી સાજાપણું પ્રાપ્ત થયું.

**પ્રાર્થના :** પ્રાદેશિક આગેવાની તાલીમ કેન્દ્રના કમ્પાઉન્ડની દીવાલના બાંધકામ માટે. આગામી સ્થાનિક સુવાર્તિક તાલીમ કાર્યક્રમ આશીર્વાદિત થાય માટે. દલાહી વિસ્તારના પહરપુર, સીબાકોલ, સોનુવાડી અને મનોહર ચોક ખાતેની મંડળીઓની આત્મિક વૃદ્ધિ માટે. કલસાડા, ચપુડીયા, આસના, દોલદાહ અને ગોલી ગામોના લોકોના તારણ માટે. ખરોની સેવાક્ષેત્રના પકુરીયા વિસ્તારના ચોકેસલા, ડોન્ડુવા અને ચુનાહ ભુજ ગામોમાં સુવાર્તા માટે દ્વાર ખુલ્લા થાય માટે. લાડબેડા મંડળીના વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ જીતેન્દર દેહરી, રાજેન્દર દેહરી, ધર્મેન્દર દેહરી મહાદેવ દેહરી અને સોને દેહરી વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય માટે. કાથીકુંડ સેવાક્ષેત્રના પોડેઈડીહ ગામના ગામવાસીઓ કે જેઓ અમારા સેવાકાર્યને અનેક રીતે અવરોધે છે તેઓના પશ્ચાતાપ માટે.

## પૂર્વીય ગંગાનો પ્રદેશ :

### ઉદીપ્તા કુમાર બાગ અને સુરજ્યાકાંતિ સેનાપતિ

**સ્તુતિ :** રાનીગંજ સેવાક્ષેત્રના ગોપાલપુર ગામમાં, સહારસા ક્ષેત્રના બૈજનાથપુર અને મહીસી ગામોમાં નવેસરથી આરાધના જુથો શરૂ કરવામાં આવ્યા. મુરલીગંજ વિસ્તારના આપણાં વિશ્વાસીઓ પ્રમોદ, સંતોષ,બાસડાવદાસ, લલન મહતો, હરિમસ્થાના અને ભારતી આપણા સેવાકાર્યમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે. સહરસા વિસ્તારના મરણપથારીએ પડેલા શક્તિ નારાયણને ઈશ્વરે સાજાપણુ આપ્યું અને તેમનો સમગ્ર પરિવાર ખ્રિસ્તના અનુયાયી બન્યા.

**પ્રાર્થના :** રાનીગંજ ક્ષેત્રના બીપીનસડા, સદાનંદસડા, બુધા અને કૈલાશને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે માટે. વિદ્યાનાથ પાસવાન કે જેમણે અમારા સેવાકાર્ય વિરૂદ્ધ ખોટો પ્રચાર કર્યો તેમના પશ્ચાતાપ માટે. સોનમ કુમારી કે જે ચાલી શકતા નથી અને મધુર રોયને માનસિક બીમારીમાંથી સાજાપણું મળે માટે.

**15 FEBRUARY**
**મંગળવાર**

*Happy Birthday*

શ્રી ડેનિયેલ થોમસ
શ્રીમતિ મર્સી દબોરાહ સેન્થીલ
શ્રી વસાવે ઈલેશ પ્રભુ
શ્રી અય્યાનર એમ.

## પશ્ચિમ બંગાળ

### મેખલીગંજ :

### જેનીશ અને સુગંધી પુષ્પમ

**સ્તુતિ :** પાંચ ગામોમાં ફોલો-અપ સેવાકાર્ય કરવા અને ૭ ગામોમાં ડે-નાઈટ મીટીંગ કરવા ઈશ્વરપિતાએ સામર્થ્ય પુરૂં પાડ્યું. સહરસા વિસ્તારમાં અંતિમ ફીલ્ડ સર્વે સફળતાપૂર્વક કરી શક્યા.

**પ્રાર્થના :** જુવાનો કે જેઓ તેમની વિચારધારા બદલવા માગતી ખોટી રાજકીય રીતરસમોમાં રસ ધરાવે છે, તેઓના માટે. ઉજવણીઓ દરમ્યાન જે લોકો દારૂની લતમાં અને અનૈતિક પ્રવૃત્તિઓમાં સામેલ થાય છે તેઓના માટે. રાજવંશી લોકોના દિમાગમાંથી ખ્રિસ્તી સમાજ વિશેની ખોટી સમજ દૂર થાય તે માટે. સામાજીક ક્લબના આગેવાનો કે જેઓ લોકોને તેઓના સમાજમાં ખોટી રીતરસમોને અનુસરવા સમજાવે છે, તેઓના માટે.

### પકુઆહત :

### રામક્રિશ્ના @ ઈલ્યાસ અને અંજલિ

**સ્તુતિ :** માનિકપુર ગામમાં બે વ્યક્તિઓ ખ્રિસ્તના વિશ્વાસમાં આવી અને ૧૮ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. ઈશ્વરે સેવાકાર્યને આશીર્વાદીતિ કર્યું અને ઘણા લોકો સુવાર્તા ગ્રહણ કરવામાં રસ ધરાવે છે. સલબોની અને ઉલાતુર વિસ્તારોમાં સન્ડે સ્કુલ અને નાના આરાધના જુથો સક્રિય રીતે કાર્યરત છે. માનિકપુરના નવા વિશ્વાસીઓ સેવાકાર્યની પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લે છે અને અમારા સેવાકાર્યમાં સ્વૈચ્છિક રીતે ફાળો આપે છે. ઉત્તર કર્મા મંડળીમાં સિરજોન સોરેન અને બાપિ મુર્મુના પરિવારો અને સલબોના મંડળીમાં ચંકી તુડુ અને ઉજિત મુર્મુના પરિવારો, ઉલાતુરનું રામસોરેન પરિવાર, કુતકુ વિસ્તારનું બાબુલાલ મુર્મુ, માનિકપુર વિસ્તારના વકીલ હેમબોર્મ અને સફોલ હેમબોર્મના પરિવારોને મંડળીના આગેવાનો અને ભક્તિસભાના આગેવાનો તરીકે નીમવામાં ઈશ્વરપિતાએ અમને સામર્થ્ય પુરૂં પાડ્યું. અમારા વિશ્વાસી કલ્પના મુર્મુના પરિવારને પ્રાર્થના દ્વારા બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થયો.

**પ્રાર્થના :** પકુઆહત ક્ષેત્રમાં સામૂહિક ચળવળ થાય માટે. માનસિક બીમારીમાંથી મિરાતી મુર્મુને અને વાઈના દર્દમાંથી ચુનીલાલ અને મારન મુર્મુને સાજાપણુ મળે માટે. ટી.બી. અને ફેફસાના ચેપના કારણે તાજેતરમાં મૃત્યુ પામેલા બુદ્રાઈ મુર્મુના પરિવારના સભ્યોના દિલાસા માટે. ઉલાતુરના શ્રીનાથ મુર્મુ, પિન્ડેરગડીયાના તલુ સોરેન, કુતકુના સીબીલાલ મુર્મુ, સલબોનાના ધેના મુર્મુ અને શ્રીનાથ મરડી, સુંદરબનના મોસે તુડુ, કોઈનાડીગીના સુધીર મરડી, રામુ મરડી અને કેન્ડ મુની બેસરા, માલદોપરાના સુનીરામ સોરેન, ચગોલા બકાના નેતા સોરેન, પાનાપુરની સરસ્વતી, હેલેનડાન્ગાના શુશીલ મુર્મુ અને હોપની મુર્મુ, પિરતોલાના સુભાષ મરડી, જમતોલાના કેનડન સોરેન અને મેનડન સોરેન, માનિકપુરના ગંજેલ મુર્મુ, ગોહાજેના નવીન સોરેન, કુરૂન્જાના સેનેસ તુડુ અને શીલતંજના અનોન્ડા બેસરાના શોધકમિત્રોના તારણ માટે.

**16**
**FEBRUARY**
**બુધવાર**

*ઉપવાસ સહિતની પ્રાર્થના*

*Happy Birthday*

શ્રીમતિ પોનલ્તા જેબાકુમાર
શ્રી સતીષકુમાર સી.

## તપન :

### કિંગ્સ્લી લીવીંગસ્ટન અને ડેલ્ફીન

**સ્તુતિ :** ચાર વ્યક્તિઓ ખ્રિસ્તના વિશ્વાસમાં આવી. માનસિક બીમારીમાંથી મુનુ તુડુને, સનીન કિસકુ, નિરાલા હેમબોર્મ અને બુધીલાલ હન્સડાકને જુદી જુદી બીમારીઓમાં સાજાપણુ મળ્યું. ઈશ્વરપિતાએ સુવાર્તા પ્રચાર અને વ્યક્તિગત સુવાર્તાને આશીર્વાદીત કરી. મુરાઈપુર ગામના વિશ્વાસીઓ સુવાર્તા પ્રચારના કાર્યક્રમમાં જોડાયા.

**પ્રાર્થના :** નુરૂલ ગામના વિશ્વાસીઓને તેઓની નિયમિત ભક્તિસભા માટે કાચું પ્રભુમંદિર પ્રાપ્ત થાય તે માટે. વિશ્વાસીઓનાં સાક્ષીરૂપ જીવનો માટે. ખ્રિસ્તી વિશ્વાસમાં ઘણા લોકોને લાવવા સામૂહિક ચળવળ થાય માટે. બીરબીરી, સીયાગંજ, મુલનીપુર અને કાંટાબારી ગામોમાં સુવાર્તા માટે દ્વાર ખુલ્લાં થાય માટે.

## આસામ

## ઉત્તર પૂર્વીય પ્રદેશ :

### સી.એચ. જ્હોન અને વેની

**સ્તુતિ :** ૧૭ વ્યક્તિઓએ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો. નારાયણપુર ક્ષેત્રના સતરંગ અને રંગજાન વિસ્તારોમાં ઘણા લોકો સુવાર્તા સ્વીકારવા રસ ધરાવે છે. ગોગામુખ સેવાક્ષેત્રના કરપટોકર ગામના લોકો સુવાર્તા સ્વીકારવા તૈયાર છે. લોકરા ક્ષેત્રની અંજલિ મિલ્લીને ઈશ્વરપિતાએ કેન્સરમાંથી સાજાપણુ આપ્યું. આપણા સેવક રબીન્દર મુર્મુને હાઈ બીપીના હુમલામાંથી ઈશ્વરપિતાએ ચમત્કારિક રીતે બચાવ્યા.

**પ્રાર્થના :** પદુમની ગામના વિરોધીઓના પશ્ચાતાપ માટે. મિશીંગ અને દેવરી સમુદાયના આપણા જુવાન વિશ્વાસીઓને યોગ્ય જીવનસાથી મળે માટે. નારાયણપુર અને કાલાબારી ક્ષેત્રમાં સમુહ ચળવળ યોજાય માટે. આંગોલ ડોલે કે જેઓ માનસિક અસ્થિર હોવાથી કેટલાક મહિનાઓથી ક્યાંક ચાલ્યા ગયા છે, તેઓ ઘરે પાછા ફરે માટે.

### બળદના હુમલામાંથી બચાવ

છત્તીસગઢમાં પાલી સેવા ક્ષેત્રમાં, આપણા સેવક ડીતુંગબોઉ તેમની પત્ની સના લેન્ગ સાથે બિલાસપુર રેલ્વે સ્ટેશને ટ્રેઈનની રાહ જોઈ રહ્યા હતા. એક બળદ પાછળની બાજુએથી આવ્યો અને તેની પત્ની પર હુમલો કર્યો અને તેણી જમીન પર નીચે પડી ગઈ અને તેના ઘુટણમાં ઈજા થઈ. તેણી મદદ માટે બૂમો પાડતી હતી, કેટલાક લોકો તેને બચાવવા આવ્યા, પરંતુ બળદે હુમલો કરવાનું ચાલુ રાખ્યું. ઈશ્વરની કૃપાથી સેવકે બળદનો આગળનો પગ ખેંચ્યો ત્યારે બળદ ત્યાંથી નાસી ગયો. તેણીને તરત જ કોટા હોસ્પિટલ લઈ જવામાં આવી અને પ્રાથમિક સારવાર કરવામાં આવી. ઘણી મુશ્કેલી સાથે તેણીએ હાવરા અને દીમાપુર તરફ પ્રવાસ કરવો પડ્યો, જેથી તેઓનાં બાળકોને વાર્ષિક રજાઓ માટે તેમના સેવાક્ષેત્રમાં લાવી શકે. ઈશ્વરપિતાએ આ સેવકની પત્નીને રક્ષણ પુરૂં પાડ્યું માટે ઈશ્વરપિતાનો આભાર.

**17**
**FEBRUARY**
**ગુરૂવાર**

*Happy Birthday*

શ્રીમતિ રૂહામા ગુરુ
કુ. વેંગલાપુડી ચાંડીની

## છત્તીસગઢ

### ભૈયાધાન-૧ :

### મુથુ કુમાર અને નેત્રવથી

**સ્તુતિ :** સુરજપુર મંડળીના અમારા સુવાર્તિક રામરાજ સીરીને ભક્તિસભા ચલાવવા બદલ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા, તેઓ સહીસલામત પાછા આવે તે માટે. ત્રણ ગામો દરગા, પનજા અને કારામાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી. પિથાલકા વિસ્તારમાં ૧૦ કલાકની આભારસ્તુતિની મીટીંગને ઈશ્વરપિતાએ આશીર્વાદિત કરી. પટચૌલીના રીશીરાજ, નારાયણ અને સન્થોસકુમાર કે જેઓએ પહેલા રસપૂર્વક સુવાર્તા સાંભળી છે તેઓના તારણ માટે.

**પ્રાર્થના :** ભાઈ અવિનાશનું તાજેતરમાં અવસાન થયું, તેમના પરિવારના સભ્યોના દિલાસા માટે. મોનીકાના પરિવારમાં શાંતિ બની રહે તે માટે. પવારકો ગામના ભીમસેનને મોંના કેન્સરમાંથી, પનજા ગામના પ્રીતીને પેટના કાયમી દુઃખાવામાંથી અને બૈજનાથપુરની પ્રિયન્કાને માનસિક અસ્વસ્થતામાંથી સાજાપણું મળે માટે.

### ભૈયાધાન-૨ :

### થંગચિનલિઅન અને વુન્ગથાનચિન્ગ

**સ્તુતિ :** બે ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. ગોન્ડ સમાજ મધ્યે ઘણી વ્યક્તિઓને સુવાર્તા પ્રગટ કરવા ઈશ્વરપિતાએ અમને સામર્થ્ય પુરૂ પાડ્યું. ચિરગુડા અને પિપરા વિસ્તારોમાં નવેસરથી આરાધના સમુહો શરૂ કરવામાં આવ્યા.

**પ્રાર્થના :** કેટલાક જુઠા આરોપોને કારણે જેલની સજા ભોગવતા ચિરગુડાના અમારા વિશ્વાસી વિજયના છુટકારા માટે. ગોન્ડ જાતિના લોક સમુહ મધ્યે આત્મિક પ્રગતિ થાય માટે. સેવાકાર્ય અસરકારક રીતે કરવા માટે સુવાર્તિકો અને સ્વયંસેવકોની જરૂરિયાત માટે. પિપરા ગામના ટરબરનાસને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે માટે.

### ચાંપા :

### રામેશ્વર દયાલ નિર્મલ અને મધુ કલા

**સ્તુતિ :** બે વ્યક્તિઓ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં આવી અને બે ગામ જારા અને પનગાંવમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. ૧૨ ગામોમાં ફોલો-અપ સેવાકાર્યને ઈશ્વરપિતાએ આશીર્વાદીત કર્યું અને અમારા વિશ્વાસીઓમાંના ઘણાએ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પ્રત્યેની પ્રતિબદ્ધતાને તાજી અને જીવંત કરી.

**પ્રાર્થના :** સેમારીયા, ઉરાઈહા, રસોન્ટા અને સોને ગામોમાં પ્રભુમંદિરના બાંધકામ માટે જમીનનું રજીસ્ટ્રેશન થાય માટે. અમારી વિશ્વાસી બહેનો મન્જુ, ભોલી, જ્યોતિ યાદવ, રજની, પ્રિયંકા, પુષ્પા, ફુલેશ્વરી, ઉષા કુરે, અને મીના યાદવને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય માટે. સામાજીક કુરિવાજો જેવા કે બાળવિવાહ, દારૂનું વ્યસન અને વ્યભિચાર આ ક્ષેત્રમાંથી જડમૂળમાંથી નષ્ટ થાય માટે.

## 18 FEBRUARY
શુક્રવાર

*Happy Birthday*

શ્રીમતિ તેજશ્વિતા બેબાર્તા
શ્રી સુકીનલાલ સી.

### ઘરઘોડા :

### કિન્ગસ્લી ઈસાક જ્હોનસન અને મીના

**સ્તુતિ :** ૧૩ જગ્યાઓએ ભજન મીટીંગને ઈશ્વરપિતાએ આશીર્વાદિત કરી. જુવાનો અને સ્વયંસેવકો માટેનો બાઈબલ અભ્યાસ નિયમિતપણે ચાલી રહ્યો છે. સાલેબામાં ગામમાં ૩ દિવસીય ઉપવાસ પ્રાર્થનાનું આયોજન કરવા ઈશ્વરપિતાએ અમને સામર્થ્ય પુરૂ પાડ્યું.

**પ્રાર્થના :** લિપરા ગામના અમારા વિશ્વાસી પુથરામ રેટ્ટીઆ માટે કે જેમના ડાંગરના ગોદામને સુવાર્તાના વિરોધીએ આગ લગાવી બાળી નાખ્યું હતું. વિરોધને ડહાપણપૂર્વક નિયંત્રિત કરવા અમારા સુવાર્તિકો અને સેવકોને ઈશ્વરપિતા સ્વર્ગીય ડહાપણ પ્રદાન કરે માટે. રેટ્ટીયા સમુદાયના તારણ માટે.

### કાઠઘોડા :

### દીના વાલ્વી અને શાહીલ ભુસારે

**સ્તુતિ :** બાનખેતા ગામની પાંચ વ્યક્તિઓ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસમાં આવી અને ૭ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. દાનીકુંડી ગામના રીવાઈવલ કેમ્પને ઈશ્વરપિતાએ આશીર્વાદીત કર્યો, જ્યાં પાંચ ગામોમાંથી સારી એવી સંખ્યામાં વિશ્વાસીઓ કેમ્પમાં હાજર રહ્યા હતા.

**પ્રાર્થના :** કેરામુડા મંડળીની આત્મિક વૃદ્ધિ માટે. રાધીકા કે જેનો પગ રીંછના કરડવાથી ભાંગી ગયો હતો તેમને અને મંઘલુબાઈને બળતરામાંથી સાજાપણુ મળે માટે. પથરપહાડ ગામની પ્રિયંકાને અશુદ્ધ આત્માના બંધનમાંથી છુટકારો મળે માટે. અમારા વિશ્વાસીઓ સંતોષ સોની અને નાદાની સોનીને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય માટે.

### આપણે જ્યારે ઈશ્વરને શોધીએ ત્યારે તે કદી પણ આપણને તજી દેતા નથી !

ઝારખંડમાં લાલમટીઆ સેવાક્ષેત્રમાં, શિથીલા ગામના અનિલ મુર્મુની પત્ની અને બાળકો અમારી રવિવારની ભક્તિસભામાં નિયમિતપણે હાજરી આપતાં જ્યારે અનિલ મુર્મુ બહાના બતાવી બહાર કામ પર જતો. દિવસો જતા તેની ગરદન પર મોટો ફોલ્લો પડ્યો. તેની પત્નીએ તેને રવિવારની ભક્તિસભામાં હાજરી આપવા કહ્યું, જ્યાં વિશ્વાસીઓ તેના માટે પ્રાર્થના કરી શકે. તેથી તે પ્રભુમંદિરે ગયો. બધા જ વિશ્વાસીઓએ તેના માટે પ્રાર્થના કરી. આપણા ઈશ્વરપિતાએ તેને ઓછા ખર્ચમાં સાજાપણું મેળવવામાં સહાય કરી. ત્યાર બાદ તેઓને પોતાનું ઘર બનાવવા સરકાર તરફથી સહાય મળી. પરંતુ સહાયનો બીજો હપ્તો મેળવવા માટે સરકારની અપેક્ષા મુજબ ઘર બાંધવા તે સક્ષમ ન હતો. તેણે વિચાર્યું કે હું ઘર બાંધવા સક્ષમ નથી, તેથી તેને જેલમાં નાખવામા આવશે. તે વિચારવા લાગ્યો કે તેની પત્ની અને બાળકો નિસહાય થઈ જશે. ત્યારબાદ તેણે પ્રાર્થના કરવાનુ શરૂ કર્યું. તેણે સતત સાત દિવસ સુધી પ્રાર્થના કરી અને આઠમા દિવસે એક ઓફીસર તેના ઘરે આવ્યો અને સહાયના નાણાંનો બીજો હપતો તેને આપ્યો. હવે તેઓ તે ઘરમાં આનંદ અને શાંતિથી રહે છે. સઘળો મહિમા સર્વશક્તિમાન ઈશ્વરપિતાને હો !

19
FEBRUARY
શનિવાર

*Happy Birthday*
શ્રીમતિ અન્બુમલાર બાલામુરૂગન

## લુડેગ :

### ડેવીડ મસીહ અને નિશા

**સ્તુતિ :** ૩૩ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. ઈશ્વરના મહિમાના અર્થે કાપણી પર્વને ઈશ્વરપિતાએ આશીર્વાદિત કર્યું. અમારા સુવાર્તિકના પત્ની કે જેઓ ગંભીર રીતે બીમાર હતા તેઓને પ્રાર્થના દ્વારા સંપૂર્ણ સાજાપણું પ્રાપ્ત થયું છે.

**પ્રાર્થના :** અમારા વિશ્વાસી રામવતી સીદ્દાર કે જેઓને ભક્તિસભામાં જતા રોકવામાં આવ્યા હતા તેમના માટે. સીરપુરના પંકજ અને અગસ્તસને વાઈના દર્દમાંથી અને બાબુને કમળામાંથી અને કુમુસ્તા મંડળીની સરસ્વતીને માનસિક અસ્થિરતામાંથી સાજાપણા માટે.

## પાલી :

### દીટુંગબોઉ કે. અને સાનાલુંગ

**સ્તુતિ :** એક ગામમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. ગોંડ જાતિના વિશ્વાસીઓ માટેની ટેલીમાર અને પાસન ખાતેની સમિતિ મીટીંગને ઈશ્વરપિતાએ આશીર્વાદિત કરી. સીલી ગામના ધરમને હર્નીયાના દર્દમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું.

**પ્રાર્થના :** પ્રવાસી વિશ્વાસીઓના ચાર પરિવારો કે જેઓ હૈદરાબાદ ગયા છે તેઓના રક્ષણ માટે. આપણા વિશ્વાસીઓ ગણેશ રામ, મંગનીબાઈ, રાજકુમાર, સરસ્વતી, આકધાનબાઈ અને સ્વરાથ જેઓએ ભક્તિસભામાં હાજરી આપવાનું બંધ કર્યું, તેમના પશ્ચાતાપ માટે. કંચનપુર ગામમાં પ્રભુમંદિરના બાંધકામ માટે જમીન મળે તે માટે. આપણી વિશ્વાસી બહેન પિંકી તેમના બાળકો સાથે ભક્તિસભામાં કોઈપણ જાતની અડચણ વિના હાજરી આપી શકે માટે. મઝગાવન ગામના ગામવાસીઓ કે જેઓ પ્રભુમંદિરમાં વિશ્વાસીઓ દ્વારા ભક્તિ કરવાનો વિરોધ કરે છે તેમના પશ્ચાતાપ માટે. હારડી અને જાગીપુર ગામોમાં સુવાર્તા માટે દ્વાર ખુલે માટે.

## વાડરાપ નગર :

### બુપતિ અને પાવુલીન મેરી

**સ્તુતિ :** ત્રણ ગામો પરટીકાલા, મારૂવાપારા અને કોટ્ટીયાપારામાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. આ ક્ષેત્રમાં ગત આખા વર્ષ દરમ્યાન કોઈપણ વિશ્વાસીનો વિશ્વાસ નબળો પડ્યો નથી. ઓગારી, સરકપુર અને લામેકરી ગામોમાં ભક્તિસભા નિયમિતપણે ચાલી રહી છે.

**પ્રાર્થના :** બધાં જ ૧૨૦ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવે માટે. સુવાર્તાના વિરોધીઓના તારણ માટે. લામોરી ગામની સીથાના માતાને લકવામાંથી સાજાપણુ મળે માટે.

**20**
**FEBRUARY**
**રવિવાર**

*Happy Birthday*

શ્રી કુનાચંદ્ર પાઈક
શ્રી જોનસન વી.

## ગુજરાત

### દહેગામ :

### કુમારન અને જેલીન

**સ્તુતિ :** અમારા વિશ્વાસીઓમાંના કેટલાકે પોલીસ ભરતીની પરીક્ષા ઉત્તીર્ણ કરી. ઈશ્વરપિતાએ જાનવીબેનને જુદીજુદી બીમારીઓમાંથી સાજાપણું આપ્યું અને તેણે દારૂ પીવાની આદતને તજી દીધી. અમારી નવી શોધકમિત્ર ચંદ્રિકાને પ્રાર્થના દ્વારા શરીરમાં ગાંઠની બીમારીમાંથી સાજાપણુ મળ્યું અને તે ભક્તિસભામાં જોડાયા. ચેક્કા પગી ગામના અમારા વિશ્વાસી લલીતા અને દશેલા ગામના કોકીલાબેન સરપંચ તરીકે ચુંટાયા.

**પ્રાર્થના :** સર્વ શોધકમિત્રો કે જેઓએ નાતાલના કાર્યક્રમમાં ભાગ લીધો, તેઓ તારણનો અનુભવ પામે એ માટે. લોકો મધ્યેથી જાતિવાદની ગુલામી માનસિકતા જડમૂળમાંથી નષ્ટ થાય તે માટે. કનુભાઈને પીઠના કાયમી દુ:ખાવામાંથી સાજાપણુ મળે માટે.

### માણસા :

### ચેલ્લાદુરાઈ અને કનકનેસમ

**સ્તુતિ :** ૭ જુવાન વિશ્વાસીઓને પોલીસ વિભાગમાં નોકરી પ્રાપ્ત થઈ. ધામેડા ગામના સરપંચ દીનેશભાઈ ઠાકોરે આપણી ભક્તિસભામાં હાજરી આપી. ઉનાવા, ધામેડા, ધોડસન, દમન્યા, એટા અને શંકરપુરા ગામોમાં સુવાર્તા માટે દ્વાર ખુલ્લાં છે.

**પ્રાર્થના :** સ્થાનિક આગેવાનો તેઓના પોતાના સભાજનોને આગેવાની આપવા આગળ આવે માટે. પ્રત્યેક વિશ્વાસી કોટેજ પ્રાર્થના મીટીંગમાં નિયમિતપણે જોડાય માટે. રાકેશને વાઈના દર્દમાંથી, રણજીતભાઈને માનસિક બીમારીમાંથી અને ભાવનાબેનને ગર્ભાશયના કેન્સરમાંથી સાજાપણું મળે માટે. પરમાર, ઠાકોર, રાવલ, વાઘરી અને સેનવા લોક સમૂહોમાં સુવાર્તાના દ્વાર ખુલે માટે.

### સુરત :

### માધવરોય અને જેબાથંગમ

**સ્તુતિ :** તેર વ્યક્તિઓ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસમાં આવ્યા અને એક ગામમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. અનિતાબેન, રોશન, બીપીનભાઈ, રાજેશભાઈ, નિલેશભાઈ, આલ્બર્ટભાઈ, અમૃતાબેન અને સુમિત્રાબેનના ઘરોમાં ચાલતી રાત્રિ મીટીંગોને ઈશ્વરપિતાએ આશીર્વાદીત કરી.

**પ્રાર્થના :** ૧૫ વ્યક્તિઓ કે જેઓ ઈશ્વરપિતા પરના તેમના વિશ્વાસની સાક્ષી આપવા જઈ રહ્યા છે તેઓની આત્મિક વૃદ્ધિ માટે. અમારા વિશ્વાસી સવિતાબહેનને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય માટે. કૌશલભાઈ અને આલ્બર્ટભાઈના ઘરોમાં સુલેહ-શાંતિ બની રહે તે માટે.

## 21
## FEBRUARY
**સોમવાર**

*Happy Birthday*

શ્રી તિલક એસ.

### મોટાપોન્ડા :

### સેમ્યુઅલ સુબ્રમની અને સુશીલા

**સ્તુતિ :** કાબેરોલી અને બરાઈ ગામોમાંની ૧૨ વ્યક્તિઓ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં આવ્યા. બંડાડી અને માનાપોન્ડા ગામોમાં ચર્ચ ડે સેલીબ્રેશન દરમ્યાન વિશ્વાસીઓએ ઈશ્વર પ્રત્યેની તેઓની પ્રતિબદ્ધતાને તાજી કરી. કરાયા ગામના મગનભાઈના જીવનને શ્વાસ લેવાની સમસ્યામાંથી અને અમાબાઈ ગામના સમૈયાને બાઈક અકસ્માતમાંથી ઈશ્વરપિતાએ બચાવ્યા.

**પ્રાર્થના :** સુવાર્તિકો તેઓની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરે માટે. ગોવિંદને ગળાના કેન્સરમાંથી સાજાપણું મળે માટે. આપણા વિશ્વાસી મીનાબેનને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય માટે.

### ઉમરગામ :

### આસીર મોઝીસ અને અમૃતા ગોલ્ડા

**સ્તુતિ :** બે ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. મુકેશભાઈ, ગેમશુભાઈ અને રમણભાઈના પરિવારો સેવાકાર્યમાં અમારી સાથે જોડાયા.

**પ્રાર્થના :** નિકોલી વિસ્તારના વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ ખ્રિસ્ત પરના વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય માટે. માન્ડા ગામના ધકલાભાઈનું તાજેતરમાં અવસાન થયુ હોવાથી તેમના પરિવારના સભ્યોના દિલાસા માટે. ઉમરગામ, જેરોલી અને ગુન્ડુર ગામના લોકો કે જેઓએ સુવાર્તા સાંભળી છે તેઓ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં આવે માટે.

## દાદરા અને નગર હવેલી

### ખાનવેલ :

### એરૂલ આસીર અને સુગુના

**સ્તુતિ :** મધુબન વિસ્તારની મંડળીમાં ૪૯ વ્યક્તિઓ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં આવ્યા. ભારતીબેનના પતિને ઈશ્વરપિતાએ દારૂના વ્યસનમાંથી છોડાવ્યા. વીકી અને જયદીપે તેઓના પગની નબળાઈમાંથી પ્રાર્થના દ્વારા સાજાપણું પ્રાપ્ત કર્યું.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસી થેમકાબહેનનાં બાળકો ધો.૧૦ ની પરીક્ષા પાસ કરે માટે. આપણા વિશ્વાસીઓના લગ્ન પવિત્ર રીતરિવાજોથી થાય અને તેમાં કોઈ અમંગળ રીતરસમોને સ્થાન ના મળે એ માટે.

## મહારાષ્ટ્ર

### અક્કલકુવા :

### જગમોહન સિંઘ અને સ્વાતિ

**સ્તુતિ :** ૩૧ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. પુનઃવસન અને શેલતપાની ગામોમાં આરાધના જુથો શરૂ કરવા ઈશ્વરપિતાએ અમને સામર્થ્ય પુરૂં પાડ્યું.

**પ્રાર્થના :** નવી વ્યક્તિઓ કે જેઓએ ઈશ્વરનાં વચનો રસપૂર્વક સાંભળ્યા, તેઓના તારણ માટે. અક્કલકુવા, પુનઃવસન અને શેલતપાની ગામોમાં જે લોકોએ ભક્તિસભામાં હાજરી આપી તેઓની આત્મિક વૃદ્ધિ માટે. સ્થાનિક આદિવાસી ભાષા શીખવા માટે સેવકોને ઈશ્વરીય ડહાપણ પ્રાપ્ત થાય તે માટે.

**22 FEBRUARY**
**મંગળવાર**

## આલ્લાપલ્લી :

### એલીશા ડેઈમ

**સ્તુતિ :** પાંચ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. ઈશ્વરપિતાએ બધાજ કાર્યક્રમોને આશીર્વાદિત કર્યા, ખાસ કરીને કોઈપણ અડચણ વિના સામૂહિક સુવાર્તાપ્રચાર કાર્યક્રમને.

**પ્રાર્થના :** ભીમની ગામના અમારા નવા સંપર્ક કોડાપે પરિવારના તારણ માટે. ચિતેકનર ગામમાં પ્રભુમંદિરના બાંધકામ માટેની જમીન માટે. મેલારામ ગામની સુનિતા માડાવીને પીઠના કાયમી દુખાવામાંથી અને આશા કુશરામને સિકલ સેલની બીમારીમાંથી સાજાપણું પ્રાપ્ત થાય માટે.

## બોરડી :

### ઓમપ્રકાશ અને સપના

**સ્તુતિ :** અમાબડુક ગામમાં નવ વ્યક્તિઓ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસમાં આવ્યા અને ૩ ગામો વાઘડોરા, ઔબાડુયા અને જમાનીયામાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. કેવાસીપાડા, સમારીયા, સહાના અને રાનીજીરા ગામોમાં બાઈબલ અભ્યાસ જુથોની રચના થઈ શકી. વાઘાબાલ, પવારપાડા અને નીમીઝીરી ગામોમાં કરેલ ફોલો-અપ કાર્યક્રમ દ્વારા વિશ્વાસીઓનાં આત્મિક જીવનોમાં તાજગી આવી.

**પ્રાર્થના :** બુડાકી વિહિર ગામના મુનીલાલભાઈ, ડબાપાડા ગામના દયારામભાઈના પરિવાર અને ટેમાબા ગામના નામદેવ પરિવારના તારણ માટે. ઉમારાડ ગામના કર્માભાઈને લકવામાંથી, ડબાપાડા ગામના રૂપેશભાઈને અંધાપામાંથી, ચકાડુ ગામના સુખદેવભાઈને માનસિક અસ્થિરતામાંથી અને વાકાપાડા ગામના વાસનભાઈને વાઈના દર્દમાંથી સાજાપણું પ્રાપ્ત થાય એ માટે. બુડાકી વિહાર ગામના જોથીબાઈ કે જેઓ અમારા વિશ્વાસીઓને ભક્તિસભામાં હાજરી આપતા રોકે છે, તેઓના પશ્ચાતાપ માટે.

### ખ્રિસ્તના લોહી દ્વારા લોહીના કેન્સરમાંથી સાજાપણુ મળ્યું

હરીયાણામાં બાઝપુર સેવાક્ષેત્રમાં, લાલકુઆં ગામની ૬ વર્ષીય છોકરી મીના બ્લડ કેન્સરથી પીડાતી હતી. ચિકિત્સક એને કંઈ પણ રાહત આપી શક્યા નહી. રોગની ગંભીરતા દિવસે ને દિવસે વધતી હતી. તેઓએ અમારા સેવાકાર્ય વિશે જાણ્યુ અને અમારા સ્થાનિક સુવાર્તિકનો સંપર્ક કર્યો અને તેણીના સાજાપણા માટે પ્રાર્થના કરવા વિનંતી કરી. ઈશ્વરે પ્રાર્થના સાંભળી અને તેણીને બ્લડ કેન્સરમાંથી સંપૂર્ણ સાજાપણું આપ્યું. સમગ્ર પરિવારે ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો. ઘણા કે જેઓએ આ ચમત્કાર વિશે સાંભળ્યું તેઓએ પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ મુક્યો. હાલેલુયાહ !

**23**
**FEBRUARY**
**બુધવાર**

*ઉપવાસ સહિતની પ્રાર્થના*

## Happy Birthday

શ્રી આઈઝેક રાજા ડી.
શ્રી સેન્થાલકુમાર તિમોથી
શ્રીમતિ અનીતા પ્રભા આનંદકુમાર
શ્રીમતિ ઈમાન્ડી અનુરાધા
શ્રીમતિ શાઈની સ્નેહા આલ્ફોન્સે

## એટાપલ્લી :

### કુલદીપ સીંગ અને ગુરપ્રીત કૌર

**સ્તુતિ :** પરસાલગોંડી અને કસુનસુર વિસ્તારોમાં ૨૩ વ્યક્તિઓએ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો. પરસાલગોંડી વિસ્તારના કુકુ ગવાડે અને ઉડેરકાંગલીના પરિવારો નવેસરથી અમારી ભક્તિસભામાં હાજરી આપી રહ્યા છે.

**પ્રાર્થના :** મડિયા અને સમિતી ગામોના લોકો માટે સુવાર્તાનાં દ્વાર ખુલે માટે. મંડળીના આગેવાનો તેઓના પોતાના સભાજનોની જવાબદારી ઉઠાવે માટે. હલવારા અને કસુનસુર ગામોમાં પ્રભુમંદિરો બંધાય માટે. આપણા સુવાર્તિકો આત્માઓ જીતવાના વધારે બોજ સાથે સેવાકાર્ય કરે, તે માટે.

## જીમ્મલગટ્ટા (સિરોન્ચા) :

### શ્રીનિવાસ લાઝરસ અને સુનિતા

**સ્તુતિ :** એક ગામમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. સામૂહિક સુવાર્તા પ્રચાર કાર્યક્રમ અને ફોલો-અપ સેવાને ઈશ્વરપિતાએ આશીર્વાદિત કર્યા. જાદુટોના કરનાર સુધાકર માડાવીને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. પરકાબત્તી ગામના વેદાંધને ટ્યુમરમાંથી, લક્ષ્મી અથરામને મરણપથારીએથી, રૂપાલીને માનસિક બીમારીમાંથી અને દર્શવાડાના આર્યનને હૃદયરોગની બીમારીમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું.

**પ્રાર્થના :** આગામી બધાજ કાર્યક્રમોને ઈશ્વરપિતા આશીર્વાદીત કરે માટે. જીમ્મલગટ્ટાના બાબુરાવ દુર્ગે અને આશિષ, ટુમુલ્લા બોટ્ટાના પાન્ડુ માડાવી અને રમેશ માડાવી, કોથાગુડેમના રાકેશ કોટા અને બાપુરાવ વાઘરી અને બોરેમપલ્લીના વેંકટ ડુરકે, કિશ્ટયા અને રામચંદ્રાના તારણ માટે. નંદીગાંવ ગામના પ્રગ્નાયા અને એરાગોટ્ટા ગામના શારદાને માનસિક બીમારીમાંથી અને વેંકટાના માતાને કિડની ફેઈલ થવાની બીમારીમાંથી સાજાપણુ મળે માટે.

## નેર સેવાક્ષેત્ર અને ખાનદેશી ભીલી ભાષાંતર :

### અજયકુમાર લીમા અને પ્રત્યાશીની

**સ્તુતિ :** નવ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. અમારા વિશ્વાસી સુનિલના પરિવારને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થયો. ભંડને ગામના બલીરામના પરિવારને જુદીજુદી બીમારીઓમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું.

**પ્રાર્થના :** ભાષાંતરનું સેવાકાર્ય કોઈપણ અડચણ વગર થાય તે માટે. પરસેજપુર ગામના વિશ્વાસીઓ આત્મિકતામાં વૃદ્ધિ પામે માટે. થેલારી લોક જુથમાં ભક્તિસભા શરૂ થાય તે માટે. કાલામ્બીર ગામમાં પ્રભુમંદિર બાંધવા મંજુરી મેળવવા માટે.

24
FEBRUARY
ગુરૂવાર

## કુંતામોડી :

### બિદ્યુતકુમાર સિંગ

**સ્તુતિ :** બે ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. પીમટી અને બેટીલબરી ગામોમાં સાંજની સભાઓને ઈશ્વરપિતાએ આશીર્વાદિત કરી. અમૃત અને ઈશ્વરને ઈશ્વરપિતાએ સિકલ સેલની બીમારીમાંથી સાજાપણું આપ્યું. અમારા વિશ્વાસી રબીન્દ્રએ સરકારી નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી.

**પ્રાર્થના :** બધી જ અડચણો દૂર થાય અને સેવાકાર્ય સફળતાપૂર્વક ચાલે તે માટે. રમતીબાઈને શરીરના કાયમી દુ:ખાવા અને પેરવીબાઈને પગના દુખાવામાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપે.

## તલાસરી :

### વિજયબાબુ અને દેવા કીરૂબાઈ

**સ્તુતિ :** ચાર ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. મુરબાડ અને ડુંગરમાલ વિસ્તારોમાં ઘણા લોકો સુવાર્તા સ્વીકારવા રસ ધરાવે છે. આપણા વિશ્વાસી સુનિલભાઈ જે કંપનીમાં જોબ કરતા હતા તેમની કંપની નાણાંકીય તંગીને કારણે સંઘર્ષ કરી રહી હતી, તેમાં તેમણે તેમની નોકરી જાળવી રાખી છે. સોનાલીબેનના પરિવારને ઈશ્વરપિતાએ બાળકરૂપી આશીર્વાદ આપ્યો.

**પ્રાર્થના :** કિશનભાઈ કે જેઓ જાદુગર છે તેઓએ આપણા વિશ્વાસીઓ સાથે તેમના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી તેમના માટે. નાગચેરી અને ડેહાલેના અમારા સેવાકાર્યની પ્રગતિ માટે. આ ક્ષેત્રના બધા જ ૧૧૪ ગામો ખ્રિસ્તી સાક્ષી પ્રાપ્ત કરે માટે.

## તલોડા બોયૂઝ હોસ્ટેલ :

### યેશુ પ્રકાશ અને સુનંદાબેન

**સ્તુતિ :** હોસ્ટેલનાં બધાં જ ૫૪ બાળકો અને સહકાર્યકરો સારૂં કાર્ય કરી રહ્યાં છે. બાળકો માટે આયોજેલા બધા જ આત્મિક કાર્યક્રમોને ઈશ્વરપિતાએ આશીર્વાદિત કર્યા છે.

**પ્રાર્થના :** રજાઓ પછી હોસ્ટેલનાં બધાં જ બાળકો પાછા ફરે તે માટે. હોસ્ટેલના ધો.૧૦ના વિદ્યાર્થીઓ ગંભીરતાથી તેઓનો અભ્યાસ કરે તે માટે. રસોડું, કાર્યાલય અને સ્ટાફ-રૂમના બાંધકામનું કાર્ય ઝડપથી પૂર્ણ થાય તે માટે.

## મગજની ગાંઠ (બ્રેન ટ્યુમર) અદ્રશ્ય થઈ

મધ્યપ્રદેશમાં પાનસેમલ સેવાક્ષેત્રમાં ઘાટીયા ગામની સોમીબાઈ કે જે સુવાર્તાના વિરોધી હતા, તે બ્રેન ટ્યુમરથી પીડાતી હતા. ડોક્ટરો જેઓ તેમની સારવાર કરતા હતા તેઓએ તેમના બચવાની આશા છોડી દીધી હતી અને તેમને ઘરે લાવવામાં આવ્યા હતા. તેના સગસ્નેહીઓએ તેને અંતિમ અંજલિ આપવા આવી રહ્યા હતા. પરંતુ તેની દીકરીએ અમારા સુવાર્તિકને તેમના માટે પ્રાર્થના કરવા બોલાવ્યા. અમારા સુવાર્તિકે વિશ્વાસીઓની સાથે આખી રાત પ્રાર્થના કરી અને ઈશ્વરપિતાએ તેની કૃપા દ્વારા તેનું જીવન બચાવ્યું અને સોમીબાઈ ઊભા થયા અને તેમની સાક્ષી આપી. તેમણે અને તેમના પરિવારે ઈસુ ખ્રિસ્તને તેમના પ્રભુ અને તારનાર તરીકે સ્વીકાર્યા. પ્રભુની સ્તુતિ થાઓ !

25
FEBRUARY
શુક્રવાર

*Happy Birthday*

શ્રીમતિ એન્જલ ઝેબા હેનરી
શ્રીમતિ શુભ્રા બાઘ મીન્ટુ કુત્તુમ
શ્રીમતિ સારથી અરૂણકુમાર
શ્રીમતિ સુમતિ ગણેશ
શ્રીમતિ નીતુ દિનેશકુમાર

## વડાલી :

### મૂર્તી અને ભારતી

**સ્તુતિ :** ૧૪ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. વડચિલ ગામમાં ૧૫ બિનવિશ્વાસીઓએ પ્રથમ વાર બાળકોના કાર્યક્રમમાં હાજરી આપી. ઉબડાગેડ વિસ્તારની મુનીબાઈને ઈશ્વરપિતાએ ટાઈફોઈડમાંથી સાજાપણું આપ્યું.

**પ્રાર્થના :** કાઉટુડે ગામના અલીભાઈ તેમની દારૂ પીવાની ટેવ છોડી દે તે માટે. આન્દ્રથબારી અને ઉબડાગેડ ગામોની અમારી ભક્તિસભામાં જે પરિવારો નવેસરથી હાજરી આપે છે તેઓના માટે. નિમ્ભોરા ગામની લક્ષ્મીબાઈને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળે તે માટે. કાઉટુડે ગામના વિશ્વાસમાં નબળા પડેલા અનિલભાઈ અને પુનેરવસન ગામના વિશ્વાસીઓ ખ્રિસ્તી વિશ્વાસમાં ફરીથી સ્થાપિત થાય માટે.

## મોલગી, નર્મદા અને વડફલી :

### ભરનીધરન અને સેલ્વા રાની

**સ્તુતિ :** દાલપડા અને ભરકુંડ ગામોમાં રાત્રિસભાઓને ઈશ્વરપિતાએ આશીર્વાદીત કરી. ભરકુંડ ગામમાં બાઈબલ અભ્યાસ કાર્યક્રમ નિયમિતપણે ચાલી રહ્યો છે.

**પ્રાર્થના :** બધા જ પ્રવાસી વિશ્વાસીઓ કે જેઓ ગુજરાત ગયા છે તેઓ સલામત રીતે પાછા ફરે તે માટે. મન્ડામ્બા પાડા વિસ્તારમાં ભક્તિસભા શરૂ કરવા માટે. બાળક સ્નેહાને મુંગાપણામાંથી, ગોમાને અંધાપામાંથી, ઉસહાભાઈને ગળામાં સસણી બોલવી અને અનાબાઈને બળતરાના દર્દમાંથી સાજાપણું મળે તે માટે.

# કર્ણાટક

## શિરાહત્તી :

### આશાપ્રાપ્ત પાલ અને દીના કુમારી

**સ્તુતિ :** ચાર વ્યક્તિઓ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસમાં આવી અને ૭ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. મુટ્ટાનાને પેટના કાયમી દુઃખાવામાંથી, રૂપાને ટાઈફોઈડમાંથી, યેલપ્પાને મગજના ચેપમાંથી ઈશ્વરપિતાએ સાજાપણુ આપ્યું. મીનાક્ષીને અશુદ્ધ આત્માના બંધનમાંથી પ્રાર્થના દ્વારા મુક્તિ મળી. આપણી વિશ્વાસી બહેન મંજુલાને લગ્નના ૧૦ વર્ષ બાદ પ્રાર્થના દ્વારા બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થયો.

**પ્રાર્થના :** બાસવા અને શંકરપ્પાને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે માટે. પરશુરામ અને તેના ૪ બાળકોને ચામડીની એલર્જીમાંથી અને કવિતાને લકવામાંથી સાજાપણું મળે માટે. મંજુને નવો વ્યવસાય કરવા માટે બેંકમાંથી લોન મળી છે તે આશીર્વાદીત થાય તે માટે.આપણા વિશ્વાસી પરમેશ કે જેઓ આઈ.એ.એસ.ની પરીક્ષા આપી રહ્યા છે તેમના માટે.

**26**
**FEBRUARY**
**શનિવાર**

*Happy Birthday*

શ્રી સુરેશ જોસેફ

### મુન્ડગોડ :

### સુનિલ કુમાર અને સંગીતા

**સ્તુતિ :** ત્રણ વ્યક્તિઓએ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો અને ૧૦ ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. દીપાને પેટની કાયમી સમસ્યામાંથી, નંજાપાને પગના સોજામાંથી અને યેલપ્પાને કાનની સમસ્યામાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું. આપણી વિશ્વાસી સંગીતાને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થયો.

**પ્રાર્થના :** રાજુ કે જે દારૂડિયો છે અને તેની પત્નીને વારંવાર મારપીટ કરે છે તેના પશ્ચાતાપ માટે. સંગીતાને ગર્ભાશયની ગાંઠમાંથી અને પૃથ્વીને કાયમી તાવમાંથી સાજાપણું મળે માટે.

### ગજેન્દ્રગાડા :

### માંજ્યા નાયક અને રત્ના

**સ્તુતિ :** ચાર ગામોમાં નવેસરથી સુવાર્તા પ્રગટ કરવામાં આવી. આપણી વિશ્વાસી યેલમ્માએ પડોશીને નાણાં ઉછીના આપ્યા હતા, તે તેને પ્રાર્થના દ્વારા પાછા મળ્યા. રૂદ્રપ્પાને છાતીના દુ:ખાવામાંથી અને પરમ્માને શ્વાસની તકલીફમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું. હન્મેશને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળી. પાક્કિરમ્મા પરિવારમાં સમાધાન થયું છે.

**પ્રાર્થના :** સુવાર્તાના વિરોધીઓના પશ્ચાતાપ માટે. ૧૬ વર્ષનો છોકરો રવિ કેટલાક મહિનાઓથી ખોવાઈ ગયો હતો તે ઘરે પાછો ફરે તેને માટે. હોન્નામ્માને હાઈપર-ટેન્શનની બીમારીમાંથી સાજાપણુ મળે માટે.

## આંધ્રપ્રદેશ

### કાલકાડા :

### વેદીઅપ્પન અને લક્ષ્મી ડી.

**સ્તુતિ :** કુમારપલ્લી વિસ્તારમાં ચાલતી ભક્તિસભામાં મોબિના અને અકબર નવેસરથી હાજરી આપી રહ્યા છે માટે. કોઠાપલ્લીની અમારી વિશ્વાસી બહેન નાગાવેનીને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થયો. રામારાવપલ્લીના વેંકટાજલાપથીને દારૂના વ્યસનમાંથી ઈશ્વરપિતાએ મુક્તિ આપી. એહુવા થોડલાવરીપલ્લીના વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ ખ્રિસ્તના વિશ્વાસમાં પુનઃસ્થાપિત થયા.

**પ્રાર્થના :** દેવનપલ્લી ખાતેના પ્રભુમંદિરના કમ્પાઉન્ડની દીવાલનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થાય માટે. બીરભાને કાયમી તાવની બીમારીમાંથી અને રાઠી બોન્ડાપલ્લીના વેંકટાલક્ષ્મીને ગળાના ચેપમાંથી સાજાપણુ મળે માટે. ઈશ્વર્યાની સલામત પ્રસૂતિ માટે.

**27 FEBRUARY**
**રવિવાર**

*Happy Birthday*

શ્રીમતિ નિયાંગ ખનમાન વુમબ્યાક લાલ
શ્રીમતિ અનીતા શિશુપાલ

## પાલમનેર :

### સથ્યપ્પા અને શ્યામલા

**સ્તુતિ :** આપણા વિશ્વાસીઓએ તેઓના પોતાના યોગદાનથી પ્રભુમંદિરોને રંગકામ કર્યુ અને તેઓનું નવીનીકરણ કર્યું. વિશ્વાસીઓની સહાય દ્વારા ગજાલાવરીપલ્લી ખાતેના પ્રભુમંદિરનું બાંધકામ સફળતાપૂર્વક પૂર્ણ થયું. કોલમસનપલ્લીના સુબ્રમણ્યને ટી.બી.ની બીમારીમાંથી ઈશ્વરપિતાએ સાજાપણુ આપ્યું.

**પ્રાર્થના :** કોલમસનપલ્લી ક્ષેત્રમાં તાલીમ કેન્દ્ર સ્થપાય એ માટે. રાવનાયન ગરીપલ્લી, દેવાલાપલ્લી, મિટ્ટાપલ્લી, અપ્પનપલ્લી અને થલ્લાપલ્લી ખાતેના પ્રભુમંદિરોની કમ્પાઉન્ડની દીવાલો ઊભી કરાય એ માટે. બહાર જઈ સુવાર્તા પ્રચાર કરવા માટે સુવાર્તા રથ માટે વાનની જરૂરિયાત પૂર્ણ થાય માટે.

## દામલાચેરૂવુ :

### પ્રશાન્થ મિશલા અને રૂપા

**સ્તુતિ :** બે વ્યક્તિઓએ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો. વિશ્વાસીઓ પ્રભુમંદિરમાં અને બહાર સુવાર્તા પ્રચારમાં સક્રિય રીતે ભાગ લે છે.

**પ્રાર્થના :** સુવાર્તાપ્રચારનુ સેવાકાર્ય આશીર્વાદીત થાય માટે. કાનની સમસ્યામાંથી દીક્ષીતને અને ગર્ભાશયની સમસ્યામાંથી દેવીકાને સાજાપણું પ્રાપ્ત થાય માટે.

## મદનાપલ્લી :

### ક્રેશન્સ વેન્કટેશન અને શશીકલા

**સ્તુતિ :** બે વ્યક્તિઓએ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો. ઈશ્વરપિતાએ સુવાર્તાપ્રચારના સેવાકાર્યને વિના વિઘ્ને આશીર્વાદિત કર્યું. મરણપથારીએ પડેલ ગોપીને ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું.

**પ્રાર્થના :** નવા શોધકમિત્રો જ્યોતિ, ભારતી, નારાયનમ્મા અને અનુ પ્રભુ પરના તેમના વિશ્વાસને કબુલવામાં નડતી અડચણો પર વિજય પ્રાપ્ત કરી શકે માટે. ડેન્દુલુરૂ ગામમાં પ્રભુમંદિર બંધાય માટે. અવલપલ્લી વિસ્તારના ૧૨ ગામોમાં આગામી સુવાર્તાપ્રચારના સેવાકાર્ય માટે.

## પુલીવેન્ડુલા :

### વિજયકુમાર અને સુશીલા

**સ્તુતિ :** ત્રણ વ્યક્તિઓએ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો. આપણી મંડળીના વડીલ નાઓમીની દીકરીને તેની નોકરી પાછી મળી. દિવ્યા અને ગંગાદેવીને ડેન્ગ્યુમાંથી અને રામક્રિષ્નાને મગજની સમસ્યામાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું.

**પ્રાર્થના :** આપણી વિશ્વાસી બહેન રેણુકા તેમનું દેવું ચુકવી શકે તે માટે. કાવ્યાશ્રી અને સદાશીવપ્પાને પેશાબના ચેપમાંથી અને માથીયાને લકવાની બીમારીમાંથી સાજાપણુ મળે માટે.

**28**
**FEBRUARY**
**સોમવાર**

*Happy Birthday*

શ્રી વિનુ પી.
શ્રી સેમ્યુઅલ જે.
કુ. આઈરીન લેતથેનમુઆંગ હાઓકીપ

## તામિલનાડુ

### તિરૂવલ્લુર :

### આનંદન અને સરલ જ્યોતિ

**સ્તુતિ :** ગોવર્ધન પરિવારના લગ્નને ઈશ્વરપિતાએ આશીર્વાદીત કર્યું. મુથુકોન્ડાપુરમ, વેનુગોપાલપુરમ, ક્રિષ્નાપુરમ, રામાપુરમ અને કાકાકાન્ડીગઈ ગામોમાં ફોલો-અપ સેવાકાર્યએ વિશ્વાસીઓને આત્મિક રીતે અને નૈતિક રીતે પુનર્જીવીત કર્યા. આપણા વિશ્વાસી અનિતાને પ્રાર્થના દ્વારા બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થયો.

**પ્રાર્થના :** આપણી વિશ્વાસી કવિતાની સલામત પ્રસૂતિ માટે. સુમલથા અને ગોબીને અશુદ્ધ આત્માના બંધનમાંથી અને સેલ્વી તથા કુમારને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે માટે. આપણા વિશ્વાસીઓ ઉષા, રાજેશ્વરી, મુનિઅમ્મા, કમલા અને રેવતીના પરિવારો આશીર્વાદિત થાય માટે.

## હત્યાનો આત્મા અદ્રશ્ય થયો અને આશીર્વાદ પ્રાપ્ત થયો

મધ્યપ્રદેશમાં ખાલવા મિશનક્ષેત્રમાં, જામધડ ગામના ૨૮ વર્ષીય સંજુ ગંભીર બીમારીથી પીડાતા હતા. રોગ એટલો ગંભીર હતો કે તે ચાલી પણ શકતા ન હતા. હકીકતમાં આ એ જ રોગ હતો કે જેના દ્વારા આગલા વર્ષે તેના ભાઈનું મૃત્યુ થયું હતું. ઘણી જગ્યાઓની મુલાકાત લીધા બાદ અને આ રોગનું કારણ જાણવામાં ત્યાં સુધી તેઓ નિષ્ફળ રહ્યા જ્યારે તેમણે જાણ્યું કે આ રોગનું કારણ તો ખુદ તેઓના મોટા કાકા છે કે જે જાદુ ટોણા કરતા હતા. તેમણે તેમના ભાઈના ઘરના પ્રત્યેક પુરૂષની હત્યા કરવાની યોજના બનાવી હતી કે જેથી તેમની જમીન પર તે પોતાનો દાવો કરી શકે. પરિણામે, નાણાંકીય સાધનો અને શક્તિના અભાવે તેઓ ચુપ રહેવા અને દુઃખ સહન કરવા મજબુર બન્યા. તે પોતાની જમીન ખેડી શકવા અસમર્થ હતા. તેઓએ તેમની જમીન લોન માટે ગીરવે મુકવી પડી કેમકે તેણે તેનો મોટા ભાગનો સમય અને નાણાં તેની સારવાર પાછળ ખર્ચી નાખ્યા હતા. થોડા દિવસો પછી, જામધડ સેવાક્ષેત્રથી મુનીબાઈ નામના એક વિશ્વાસી તેમના ત્યાં સુવાર્તા લઈને પહોંચ્યા. તેણીએ તેની સાક્ષી આપી અને તેઓને પ્રભુમંદિરમાં આવવા આમંત્રણ આપ્યું. તેઓએ સ્વીકાર્યું અને સંજુએ ખાલવા ખાતેના પ્રભુમંદિરમાં તે રવિવારે હાજરી આપી. તે પછીના બે મહિનાઓમાં ઈશ્વરપિતાએ તેમને સંપૂર્ણ સાજાપણું આપ્યું. હવે તે તેની ઘરગથ્થુ પ્રવૃત્તિઓ સંભાળી શકે તેટલો તંદુરસ્ત છે. વધારામાં, તે બીજાઓને પણ સુવાર્તા વહેંચે છે. પ્રભુનો મહિમા થાઓ !

## મિશનરી આલ્બમ

## ૩૭૧

બ્રધર એબેનએઝેર જી. સામનો જન્મ તા. ૧૬-૦૫-૧૯૭૯ ના રોજ શ્રી. સામરાજ અને શ્રીમતિ જોયસી લીલાબાઈની આગ્રહભરી પ્રાર્થનાઓના પ્રત્યુત્તર સ્વરૂપે તિરૂનેલવલી જીલ્લાના પલાયમકોટ્ટાઈ ખાતે ચાર બહેનો પછીના ૫ મા દીકરા તરીકે થયો હતો. તેઓ જ્યારે એક નાના બાળક સ્વરૂપે હતા, ત્યારે તેઓ ગંભીર બિમારીમાં પટકાયા હતા, અને તેમની હાલત ચિંતાગ્રસ્ત બની ગઈ હતી. પેટ્રિક જોશુઆ અન્નાને તેમને માટે પ્રાર્થના કરાવી હતી અને તેમને સાજાપણું મળ્યું હતું. તેઓ જ્યારે સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે તેમણે કોર્ટાલમ ખાતેના પલિયાર નેસમ કેમ્પમાં ભાગ લીધો હતો અને ત્યાં તેમણે પોતાના અંગત તારનાર તરીકે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો.

એફએમપીબી દ્વારા આયોજીત કરવામાં આવતા કેમ્પોમાં ભાગ લેવાની તકો તેમને મળી હતી અને એની મારફતે તેઓ ખ્રિસ્તમાં વૃધ્ધિ પામવા લાગ્યા હતા. વર્ષ ૧૯૯૭માં બેથેલ, સાલેમ ખાતે યોજવામાં આવેલ એફએમપીબી કેમ્પમાં તેમણે મિશનરી તેડાનો સ્વીકાર કર્યો હતો અને પૂર્ણસમયી સેવાકાર્ય અર્થે તેમણે પોતાની જાતને સમર્પિત કરી દીધી હતી. એ પછીથી તેમણે બી.કોમ.નો અભ્યાસ પૂરો કરીને વર્ષ ૨૦૦૩માં એક માનદ્ સેવા સ્વરૂપે એફએમપીબી પુરસા વક્કમ ઓફિસમાં જોડાયા હતા. થોડાક જ દિવસોમાં તેમના પિતા ગંભીર બિમારીમાં સપડાઈ જઈને મહિમામાં પ્રવેશ્યા હતા. તેમના કુટુંબમાં એકમાત્ર દીકરા હોવાને કારણે સેવાકાર્યમાં ચાલુ રહેવાની બાબત અડચણરૂપ બની ગઈ હતી અને તેમણે ઘરે પાછા ફરવું પડ્યું હતું અને એમ.કોમ.નો અભ્યાસ શરૂ કર્યો હતો, જે તેમણે સારી રીતે પૂરો કર્યો હતો. એફએમપીબીના "લાઈટ એન્ડ સાઉન્ડ પ્રોગ્રામ્સ" મારફતે ઈડા સ્કુડરના જીવનચરિત્ર અને ઘણાબધા સંદેશાઓ મારફતે ઈશ્વરે તેમની સાથે વાત કરી હતી. વર્ષ ૨૦૦૭માં તેઓ એક માનદ્ સેવક તરીકે પલાયમકોટ્ટાઈ ખાતેની ઓફિસમાં જોડાયા હતા. વર્ષ ૨૦૦૭માં કારૂણ્ય, કોઈમ્બતૂર ખાતે યોજવામાં આવેલ એફએમપીબીના વાર્ષિક કેમ્પમાં તેમણે ભાગ લીધો હતો અને ઉત્તર ભારતમાં સેવાકાર્ય કરવા માટેના ઈશ્વરના તેડાને તેઓ સ્પષ્ટપણે સમજ્યા હતા. ઈશ્વરે આ પ્રમાણે કહીને તેમને ઉત્તેજન પૂરું પાડ્યું હતું, "જેમ મૂસાની સાથે હું રહ્યો હતો, તેમ તારી સાથે પણ હું રહીશ" (યહોશુઆ ૧:૫). વર્ષ ૨૦૦૭માં તેઓ પૂર્ણસમયી મિશનરી તરીકે એફએમપીબીમાં જોડાયા હતા.

સીસ્ટર એન્જેલીન જેબારાની જેસીન્થાનો જન્મ રામનાડ જીલ્લામાં વસનાર શ્રી. પુષ્પરાજ અને શ્રીમતિ એસ્તેર રાનીની બીજી દીકરી સ્વરૂપે તા. ૧-૮-૧૯૮૦ ના રોજ થયો હતો. તેમની માતા ઈશ્વરને પ્રાર્થના કરતા હતા કે, "જો મને દીકરો થશે, તો હું તેને સેવાકાર્ય અર્થે સમર્પી દઈશ," પરંતુ તેમને એક દીકરી જન્મી, અને તેમની માતા પોતાનું વચન ભૂલી ગયા. પરંતુ ઈશ્વરે તો યર્મિયા ૧:૫ પ્રમાણે તેમની પસંદગી કરી રાખી હતી, અને તેમણે પોતાના સ્કૂલના દિવસો દરમિયાન પોતાના અંગત તારનાર તરીકે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. બાળપણથી તેઓ એક પ્રાર્થનાવાદી છોકરી હતા, અને આદમ્બાક્કમ, ચેન્નાઈ ખાતેના સીએસઆઈ, મંડળીની સન્ડેસ્કૂલ, યુવા સંગત અને ગ્રામ્ય વિસ્તારમાં સુવાર્તાપ્રચારના સેવાકાર્યમાં સક્રિય ભાગ લેતા હતા. હાઈસ્કૂલના અભ્યાસ દરમિયાન, આદમ્બાક્કમ ખાતે યાજવામાં આવેલ એફએમપીબીની એક મિટીંગમાં સ્ટેનલી પ્રિન્સ અન્નાનના સંદેશા મારફતે તેમણે ઈશ્વરના તેડાનો સ્વીકાર કર્યો હતો, અને સંદેશાઓ, ભવિષ્યવાણીઓ અને દર્શનો મારફતે એ તેડાની ખાતરી પ્રાપ્ત કરી હતી. તેમણે કેમીસ્ટ્રી વિષય સાથે બી. એસસીની ડીગ્રી મેળવી હતી અને વર્ષ ૧૯૯૯માં કારૂણ્ય, કોઈમ્બતૂર ખાતે એફએમપીબી એન્યુઅલ કેમ્પમાં ભાગ લીધો હતો, ઉત્તર ભારતમાં સેવાકાર્ય કરવા માટેનું તેડું તેમને પ્રાપ્ત થયું હતું, અને આમ, તેમણે પૂર્ણસમયી સેવાકાર્ય કરવા અર્થે પોતાની જાતને સમર્પિત કરી દીધી હતી. વર્ષ ૨૦૦૨માં એફએમપીબીના સેવાક્ષેત્રોની મુલાકાતે જવા માટેની તક તેમને મળી હતી, અને તેમણે ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના સેવાક્ષેત્રોની મુલાકાત લીધી હતી. તેમણે પોતાનો ઈન્ફોર્મેશન ટેક્નોલોજી વિષય સાથે એમએસસીનો અભ્યાસ પૂરો કર્યો હતો, અને થોડાંક વર્ષો સુધી ચેન્નાઈ ખાતે એક કંપનીમાં સિનિયર સોફ્ટવેર એક્ઝીક્યુટીવ તરીકે નોકરી કરી હતી. વર્ષ ૨૦૦૭ માં તેઓ એક પૂર્ણસમયી મિશનરી તરીકે એફએમપીબીમાં જોડાયા હતા.

બ્રધર એબેનએઝેર જી. સામ અને સીસ્ટર જેબારાની તા. ૧૨-૦૫-૨૦૦૮ના રોજ લગ્નસંબંધ દ્વારા એકબીજાની સાથે જોડાયાં હતા; અને થોડાંક વર્ષો સુધી હેડ ક્વાર્ટર્સમાં તેઓને મૂકવામાં આવ્યાં હતાં. વર્ષ ૨૦૧૩ માં તેઓને ઉત્તરપ્રદેશ મોકલવામાં આવ્યા હતા, અને ત્યાં તેઓને ભરથાના, ગાટમપુર અને રાનિયા સેવાક્ષેત્રોમાં મૂકવામાં આવ્યાં હતાં. હાલમાં, તેઓ ઉત્તરપ્રદેશના ફારૂખાબાદમાં આવેલા કરીમગંજમાં સેવાઓ આપી રહ્યાં છે.

તેઓને તથા તેઓના સેવાકાર્યને તમારી પ્રાર્થનાઓમાં ધરી રાખવા વિનંતી છે.



**શ્રી એબેનએઝેર જી. સામ અને શ્રીમતિ જેબારાની**



# Join 1000 Hours of Annual Unceasing Prayer

**Starting from Wednesday the 2nd March 2022**
**too Wednesday the 13th April 2022**

**We cordially invite you to stand in the gap and offer prayer for the healing of our nation, revival of our Churches, ministry and missionaries during the Lenten days of the year 2022.**

## PRAYING METHODS

| | | |
|---|---|---|
| Chain of Prayer | - | In the Prayer Groups, Churches and Operational Mobilization Districts |
| 12/24/72 hours of fasting Prayer | - | In all the Regions of the Mobilization Ministry |
| 1 / 3 hours of Intercessory Prayer | - | In Churches, Prayer Groups and in the Residences of Leaders & Members |

**Let us join in large numbers as individuals, families, Churches, Prayer Groups in the Chain of Prayer and see the glory of God revealed in our Nation!**

*Please contact the Prayer Wing / Mobilization Secretaries to obtain the "Prayer Guide."*

**prayer@fmpb.org / 044-2657 4311**

- Prayer Wing, FMPB

***Published by:*** S. Sutharsan Thomas Jeyaraj on behalf of Friends Missionary Prayer Band from 29, High School Road, Ambattur, Chennai 600 053. Tel. 044-2657 0404 E-mail: info@fmpb.org ***Printed by:*** Rasi Graphics (P) Ltd. No. 40, Peters Road, Royapettah, Chennai - 600014. ***Editor: S. Sutharsan Thomas Jeyaraj***